

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

**રબ્બે ઝિદ્‌ની ઈલ્મા વર્ઝુકની ફહ્‌મા.** رَبِّ زِدْنِيْ عِلْمًا وَّارْزُقْنِيْ فَهْمًا

**અર્થ : અય મારા રબ ! મારું ઈલ્મ વધાર અને મને સમજદારીની રોઝી અતા કર.**



**સરપરસ્ત**

**પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)**




**અખિલ ગુજરાત શીઆ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક**

**શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર**

# જાફરી આવાઝ

**Vol.-1, Isuue-7, May-2014**

Website : www.jafariaawaz.com ❄ email : jafariaawaz@gmail.com

**સંપાદક મંડળ**

તંત્રી : કાસમભાઈ વિજાપુરા - ૯૪૨૬૫ ૪૧૪૭૨
સહતંત્રી : 'માસૂમ' મહેરપુરી - ૯૬૮૭૬૭૯૫૧૩
સલાહ–માર્ગદર્શન : મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી (સિધ્ધપુર)
સહયોગી : મોલ્વી ખાદિમહુસૈન પટેલ (મોલીપુર)
મોલ્વી કમ્બરઅલી દાવડા (કાટવાડ)
મોલ્વી અબ્બાસઅલી સલેમા (હરિપુરા)
લેસર&ગ્રાફિક વર્ક : શબ્બીરઅલી રેવાસીયા-૯૯૨૫૭૩૦૧૦૭

**વ્યવસ્થાપક મંડળ**

વ્યવસ્થાપક : ઈબ્રાહીમભાઈ વાઘ - ૯૪૨૮૬૪૬૪૭૬
સહવ્યવસ્થાપક : અકબરઅલી મસી - ૯૮૨૫૪૯૭૧૭૮
અનવરઅલી મતિયા

**કાર્યાલયનું સરનામું**

'જાફરી આવાઝ' (માસિક)
મુ.પો. ઈલોલ તલાવ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન – ૩૮૩૨૨૦. ફોન : ૦૨૭૭૨–૨૨૭૨૯૬


## લેખાનુક્રમ


| | |
|---|---|
| ઊઘડતે પાને | 3 |
| ગડમથલ | 6 |
| કુરઆન શિક્ષણ | 7 |
| અહાદીસ | 9 |
| સુપરમેન ઈન ઈસ્લામ : હઝરત ઈમામ જાફર સાદિક (અ.) | 13 |
| વિલાયતે અલી (અ.) | 17 |
| નમાઝ : અલ્લાહ તરફથી માનવજાતને અમૂલ્ય ભેટ | 27 |
| ઈસ્લામ વિષેની સમજણ | 29 |
| મશાયખવાણી | 33 |
| કુરઆને મજીદના સૂરાઓનો પરિચય | 36 |
| ખુત્બો : સત્ય–જૂઠ વિષે | 39 |
| સર્વશ્રેષ્ઠ સ્મરણ | 43 |
| નહજુલ અસરાર | 47 |
| જાફરી પંચાંગ | 50 |
| અલ ઈર્શાદ | 51 |
| એપીટમી ડેરી | 54 |
| મીર અનીસના મરસિયા | 56 |
| જ્ઞાનગોષ્ઠિ | 59 |
| આપણા ઘરની વાતો | 62 |
| 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન | 64 |


# ઊઘડતે પાને...

કુરઆન શરીફનો એક સૂરો.

સૂરતુલ લૈલ એનું નામ.

આ સૂરાની શાને નુઝૂલ તફસીરકારોએ ઈબ્ને અબ્બાસથી નકલ કરી છે. આ સૂરાની શાને નુઝૂલને મર્હૂમ તબરસીની કિતાબ મજમઉલ બયાનમાંથી નકલ કરવામાં આવેલ છે.

મદીનાના મુસલમાનોમાંથી એક માણસ.

આ માણસે પોતાના ઘેર વાવેલ ખજૂરના

ઝાડની એક ડાળી બાલબચ્ચાંવાળા એક ફકીરના ઘર પર પહોંચેલી હતી. ખજૂરીવાળો માણસ જ્યારે ખજૂર ઉતારવા માટે ખજૂરીના ઝાડ પર ચઢતો હતો ત્યારે કેટલીક વખત ખજૂરની પેશીઓ તે ફકીર માણસના ઘેર જઈને પડતી હતી અને તેનાં બાળકો તે ખજૂર ઉઠાવી લેતાં.

તે માણસ ખજૂરી ઉપરથી નીચે ઉતરીને તે બાળકો પાસેથી ખજૂર ઝૂંટવી લેતો હતો અને (તે એટલો બધો કંજૂસ હતો અને પથ્થરદિલ હતો કે) જો કદાચ તેમના મોઢામાં ખજૂરની પેશી જોતો તો તેમના મોઢામાં આંગળી નાખીને તેને કાઢી લેતો હતો.

તે ફકીર માણસે આ બાબતે પયગમ્બર (સ.)ની ખિદમતમાં શિકાયત કરી. હુઝૂર (સ.)એ ફરમાવ્યું, "તમે જાઓ. હું તમારું આ કામ કરી લઉં છું." ત્યારપછી આપ (સ.)એ ખજૂરીવાળાની મુલાકાત કરી અને ફરમાવ્યું, "આ ઝાડ કે જેની ડાળીઓ ફલાણાના ઘર ઉપર પહોંચે છે તે ઝાડ મને આપી દો જેથી તેના બદલામાં જન્નતમાં તમારા માટે એક ઝાડ હશે." તેણે કહ્યું, "મારી પાસે ખજૂરનાં ઘણાં બધાં ઝાડ છે, પરંતુ કોઈ ઝાડની ખજૂર આ ઝાડ જેવી સારી નથી. (તેથી હું આ સોદો કરવા તૈયાર નથી.)" પયગમ્બર (સ.)ના અસ્હાબમાંથી કોઈએ આ વાત સાંભળી લીધી. તેમણે અરજ કરી, "યા રસૂલલ્લાહ ! જો હું જઈને આ ઝાડ તે માણસ પાસેથી ખરીદી લઉં અને આપને આપી દઉં તો આપ (સ.) જે વસ્તુ તેને આપી રહ્યા હતા તે મને અતા ફરમાવશો ?" આપ (સ.)એ ફરમાવ્યું, "હા, તમને આપીશ."

તે સહાબીએ જઈને પેલા ખજૂરીવાળાની મુલાકાત કરી, અને તેણે આ બાબતમાં તેની સાથે વાતચીત કરી. ખજૂરીના માલિકે કહ્યું, "શું તમને ખબર છે કે મોહંમદ (સ.) તેના બદલામાં મને જન્નતમાં ખજૂરનું એક ઝાડ આપવા માટે તૈયાર હતા ? (પરંતુ મેં તે બાબત કબૂલ કરી નથી.) અને મેં તેમને એવું કહી દીધું છે કે હું તેની ખજૂરથી ખૂબ જ લિજ્જતનો અનુભવ કરું છું. મારી પાસે ઘણાં બધાં ખજૂરનાં ઝાડ છે, પરંતુ કોઈ ઝાડની ખજૂર આવી સ્વાદિષ્ટ નથી."

ખરીદનારે કહ્યું, "શું તમે એને વેચવાની ઈચ્છા ધરાવો છો કે નથી ધરાવતા ?"

તેણે કહ્યું, "હું તેને નહીં વેચું, પરંતુ માત્ર એવી પરિસ્થિતિમાં કે તું એટલી રકમ મને આપી દે કે કોઈ પણ એટલી રકમ આપી નહીં શકે."

ખરીદનારે કહ્યું, "તું કેટલી રકમ લેવા ઈચ્છે છે ?"

તેણે કહ્યું, "(ખજૂરનાં) ચાલીસ ઝાડ."

ખરીદનારે નવાઈ પામીને કહ્યું, "તું ખજૂરના એવા ઝાડની કે જે વાંકુ વળી ગયેલું છે, તેની ખૂબ જ ભારે રકમ માગી રહ્યો છે, ચાલીસ ખજૂરનાં ઝાડ!"

થોડી શાંતિ પછી તેણે કહ્યું, "સારું ત્યારે, હું તને ખજૂરનાં ચાલીસ ઝાડ આપું છું."

વેચનારા (લાલચુ) માણસે કહ્યું, "અગર તું સાચું કહેતો હોય તો થોડા માણસોને ગવાહી માટે બોલાવી લાવ."

બનવાકાળ કેટલાક માણસો ત્યાં થઈને પસાર થઈ રહ્યા હતા. તેણે તેમને બૂમ પાડીને બોલાવ્યા અને તેમણે આ મામલામાં તેમને ગવાહ બનાવી દીધા.

ત્યાર પછી તે ખરીદનાર પયગમ્બર (સ.)ની ખિદમતમાં આવ્યો અને અરજ કરી, "અય રસૂલે ખુદા (સ.) ! ખજૂરનું તે ઝાડ મારી મિલકતમાં આવી ગયું છે અને હું તેને (આપની મુબારક બારગાહમાં) રજૂ કરું છું."

પયગમ્બરે અકરમ (સ.) ત્યાર પછી પેલા ફકીરના ઘરવાળાઓની પાસે ગયા અને ઘરના માણસોને કહ્યું, "ખજૂરનું આ ઝાડ તારું અને તારા બાળકોનું છે."

બરાબર આ જ પ્રસંગે સૂરા લૈલ નાઝિલ થયો. (આ સૂરામાં કંજૂસ માણસો અને સખી માણસોની બાબતમાં તેમના લાયક વાતો કરવામાં આવી છે.)

કેટલીક રિવાયતોમાં આવ્યું છે કે ખજૂરનું એ ઝાડ ખરીદનારનું નામ 'અબુલ અબરાહ' હતું.

(મજમઉલ બયાન, જિલ્દ-૧૦, સફા-૫૦૧)


*Nature's Low of Cure*

**શિફા હોમિયોપેથ ક્લિનીક**

**ડૉ.એહમદઅબ્બાસ ધરખડ**

*(હોમિયોપેથીક કન્સલ્ટન્ટ)*

(હઠીલા રોગો માટે આશાનું કિરણ)

સ્ત્રી રોગો, ચામડીના રોગો, ગેસ, એસીડીટી, કબજીયાત, હરસ, મસા, વા, ગાંઠીયો વા, સાયટીકા, ખરતા વાળ, થાઈરોઈડ, માનસિક રોગો માટે હોમિયોપેથિક સારવાર.

**સમય : સવારે ૧૦:૦૦ થી ૫:૦૦ સુધી**

**બહારના દર્દીઓએ ફોન કરીને આવવું.**

સ્પાન કોમ્પલેક્ષ, પૃથ્વી રેસ્ટોરન્ટની સામે, પોલીટેકનીક રોડ, વડનગર. જિ. મહેસાણા.

**મો.૯૭૨૩૩૮૯૬૧૩**

અકબરઅલી
ફોન : ૦૨૭૭૨ - ૨૪૮૩૯૭
મો. : ૯૪૨૮૬ ૪૬૪૨૯

Bhagyoday DAIRY

**દુધ ◎ દહીં ◎ ઘી ◎ છાશ ◎ પનીર ◎ લસ્સી**

**પેંડા ◎ હલવો ◎ બાસુંદી ◎ શ્રીખંડ ◎ કેરીનો રસ (મેન્ગો મિલ્ક શેક)**

ભાગ્યોદય ડેરી, બગીચા વિસ્તારના નાકે,
પોલોગ્રાઉન્ડ, હિંમતનગર.




## ૨૬૦

**સંપાદન :** મોલ્વી યાકૂબઅલી ગુલામભાઈ ખાણશીયા (કનાઈ)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ૪ | ■ | ૫ | | ૬ |
| | ■ | ૭ | | | | ■ | | ■ | |
| | ■ | ■ | ■ | ■ | | ■ | | ■ | |
| ૮ | | ૯ | | ■ | ■ | ■ | ૧૦ | ૧૧ | |
| | ■ | | ■ | ૧૨ | ૧૩ | | ■ | | ■ |
| ■ | ૧૪ | | ૧૫ | ■ | | ■ | ૧૬ | | ૧૭ |
| ૧૮ | | ■ | ૧૯ | | | | ■ | ■ | |
| | ■ | ૨૦ | | ■ | | ■ | ૨૧ | | |
| ૨૨ | ૨૩ | | ■ | ૨૪ | ■ | ■ | | ■ | ■ |
| ૨૫ | | ■ | ૨૬ | | ■ | ૨૭ | | | |

### :::: આડી ચાવીઓ ::::

(૧) ઉપકાર કરનાર (૪)
(૫) મધ (૩)
(૭) નાજુકપણું, કોમળતા (૪)
(૮) પાછા ફરવું, પ્રત્યાગમન (૪)
(૧૦) માગણી, તકાદો, આવશ્યકતા (૩)
(૧૨) પહાડ, ડુંગર (૩) અરબી શબ્દ
(૧૪) કારણ, હેતુ (૩)
(૧૬) દીકરો, પુત્ર (૩)
(૧૮) પાણી, જળ (૨)
(૧૯) ઘૃણા, નફરત, અરૂચિ, અણગમો (૪)
(૨૦) માથું, મસ્તક (૨)
(૨૧) જામીન, પાલક, પોષક, સાર સંભાળ લેનાર (૩)
(૨૨) મસ્જિદનો ઊંચો સ્તંભ (૩)
(૨૫) 'માદા'નો વિરોધી શબ્દ (૨)
(૨૬) ઘોડિયું, પારણું, હીંચકો (૨)
(૨૭) અલ્લાહનું કલામે પાક (૪)

### :::: ઊભી ચાવીઓ ::::

(૧) સન્માનનીય, આદરણીય (૫)
(૨) ઉંમર, વય (૨)
(૩) તાજગી, પ્રફુલ્લતા (૪)
(૪) વધ, હત્યા (૩)
(૫) વાસના, કામવાસના, ભૂખ (૪)
(૬) બારણું, દ્વાર (૪)
(૯) નવાઈ પમાડે તેવું (૩)
(૧૧) સંપૂર્ણ, પૂરેપૂરું (૩)
(૧૩) સાચું, હક પર હોય તેવું (૪)
(૧૪) બધા, સઘળા (૨)
(૧૫) ગાય (અરબીમાં) (૩)
(૧૭) વિક્ષેપ, હસ્તક્ષેપ (૩)
(૧૮) 'આલમ'નું બહુવચન (૪)
(૨૦) મુસાફરખાનું, પથિકાશ્રમ (૨)
(૨૧) મોટું, 'સગીર'નો વિરોધી શબ્દ (૩)
(૨૩) આગ, જહન્નમ (૨)
(૨૪) આફત, મુસીબત (૨)



# કુરઆન શિક્ષણ

**નબીઓ અને ઇમામો વિષેની આયતો**

અર્ઝ : આકાએ નામદાર પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી(મદ્દે.)

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

اِنۡ تَتُوۡبَاۤ اِلَى اللّٰهِ فَقَدۡ صَغَتۡ قُلُوۡبُكُمَا ۚ
وَاِنۡ تَظٰهَرَا عَلَيۡهِ فَاِنَّ اللّٰهَ هُوَ مَوۡلٰٮهُ وَ
جِبۡرِيۡلُ وَصَالِحُ الۡمُؤۡمِنِيۡنَ ۚ وَالۡمَلٰٓٮِٕكَةُ
بَعۡدَ ذٰلِكَ ظَهِيۡرٌ ﴿۴﴾

❂ (હે બન્ને સ્ત્રીઓ !) તમે બન્ને અલ્લાહની હુઝૂરમાં તોબા કરો (તો ઠીક છે) કારણ કે તમો બન્નેનાં મન (સત્ય તરફથી) ખરે જ ફરી ગયાં છે અને જો તમે બન્ને અમારા રસૂલની વિરુધ્ધ એકબીજાની સહાયક બનશો તો (કાંઈ પરવા નથી કેમકે) નિઃસંશય અલ્લાહ તેનો હિમાયતી છે, તથા જિબ્રઈલ તથા મોમિનોમાંથી સૌથી સારો (મોમિન) પણ; અને તે બાદ તમામ ફરિશ્તાઓ પણ તેના મદદગાર છે. **(પારો-૨૮, સૂરા તહરીમ, આયત-૪)**

---

عَسٰى رَبُّهٗۤ اِنۡ طَلَّقَكُنَّ اَنۡ يُّبۡدِلَهٗۤ اَزۡوَاجًا
خَيۡرًا مِّنۡكُنَّ مُسۡلِمٰتٍ مُّؤۡمِنٰتٍ قٰنِتٰتٍ
تٰٓٮِٕبٰتٍ عٰبِدٰتٍ سٰٓٮِٕحٰتٍ ثَيِّبٰتٍ وَّاَبۡكَارًا ﴿۵﴾

❂ અગર તે રસૂલ તમને તલાક આપી દે તો પાસે છે કે તેનો પરવરદિગાર બદલામાં તેને એવી પત્નીઓ આપી દે કે જે તમારા કરતાં બહેતર હોય (અર્થાત્) આજ્ઞાપાલક, ઈમાનદાર, તાબેદારી કરનાર, પશ્ચાતાપ કરનાર, ઈબાદત કરનાર, રોઝા રાખનાર, વિધવાઓ અને કુમારીકાઓ (પણ હોય).
**(પારો-૨૮, સૂરા તહરીમ, આયત-૫)**

---

ضَرَبَ اللّٰهُ مَثَلًا لِّلَّذِيۡنَ كَفَرُوا امۡرَاَتَ نُوۡحٍ
وَّامۡرَاَتَ لُوۡطٍ ؕ كَانَتَا تَحۡتَ عَبۡدَيۡنِ مِنۡ
عِبَادِنَا صَالِحَيۡنِ فَخَانَتٰهُمَا فَلَمۡ يُغۡنِيَا

❂ અલ્લાહ તે લોકો માટે કે જેઓ ઈમાન નથી લાવ્યા, નૂહની પત્ની (વાએલા) તથા લૂતની પત્ની (વાહેલા)નો દાખલો વર્ણવે છે, આ બન્ને (સ્ત્રીઓ) અમારા બંદાઓમાંથી બે સદાચારી બંદાઓના

عَنْهُمَا مِنَ اللّٰهِ شَيْئًا وَّ قِيْلَ ادْخُلَا النَّارَ مَعَ الدّٰخِلِيْنَ ﴿١٠﴾

નિકાહમાં હતી, પછી તે બન્નેએ તે બન્નેને દગો દીધો, જેથી તે બન્ને સ્ત્રીઓને અલ્લાહના અઝાબથી બચાવવામાં આ બન્ને (બંદા) કોઈ પણ કામમાં આવ્યા નહીં, અને તે બન્ને (સ્ત્રીઓ)ને કહેવામાં આવ્યું કે તમે પણ દાખલ થનારાઓની સાથે જહન્નમમાં દાખલ થઈ જાઓ.

**(પારો-૨૮, સૂરા તહરીમ, આયત-૧૦)**

---

فَاصْبِرْ لِحُكْمِ رَبِّكَ وَ لَا تَكُنْ كَصَاحِبِ الْحُوْتِ ۘ اِذْ نَادٰى وَهُوَ مَكْظُوْمٌ ﴿٤٨﴾

❂ (માટે) તું હવે તારા પરવરદિગારના ફેંસલાની રાહ જોવામાં ધીરજ ધર, અને માછલીવાળા (યૂનુસ)ના જેવો (અધીરો) થઈ ન જા, જ્યારે કે તેણે (અલ્લાહને) પોકાર્યો હતો એવી સ્થિતિમાં કે તે અતિ સંતાપમાં પડ્યો હતો.

**(પારો-૨૯, સૂરા કલમ, આયત-૪૮)**

---

عٰلِمُ الْغَيْبِ فَلَا يُظْهِرُ عَلٰى غَيْبِهٖٓ اَحَدًا ۙ﴿٢٦﴾

❂ ગેબનો જાણનાર એ જ છે, અને તે પોતાના ગેબ પર કોઈને વાકેફ કરતો નથી.

**(પારો-૨૯, સૂરા મુઝ્ઝમ્મિલ, આયત-૨૬)**

---

اِلَّا مَنِ ارْتَضٰى مِنْ رَّسُوْلٍ فَاِنَّهٗ يَسْلُكُ مِنْۢ بَيْنِ يَدَيْهِ وَمِنْ خَلْفِهٖ رَصَدًا ۙ﴿٢٧﴾

❂ સિવાય તે શખ્સને કે જેને રસૂલોમાંથી (ઈલ્મે ગેબ માટે) ચૂંટી કાઢે, કારણ કે નિ:સંશય તે તેની આગલી બાજુએથી તથા તેની પાછલી બાજુએથી ચોકીદારો નીમી દે છે :

**(પારો-૨૯, સૂરા મુઝ્ઝમ્મિલ, આયત-૨૭)**

---

لِّيَعْلَمَ اَنْ قَدْ اَبْلَغُوْا رِسٰلٰتِ رَبِّهِمْ وَاَحَاطَ بِمَا لَدَيْهِمْ وَاَحْصٰى كُلَّ شَيْءٍ عَدَدًا ۧ﴿٢٨﴾

❂ કે જેથી તે જાણી લે કે તેમણે પોતાના પરવરદિગારના પયગામ પહોંચાડી દીધા છે અને જે કાંઈ તેમની પાસે છે તે સઘળું તે(નું જ્ઞાન) ઘેરી રાખે છે, અને સઘળી વસ્તુઓની સંખ્યા તે નોંધી રાખે છે. **(પારો-૨૯, સૂરા મુઝ્ઝમ્મિલ, આયત-૨૮)**



# અહાદીસ

અનુવાદક : જનાબ સૈયદ ઓવેસઅેહમદ ઝેડ. જાફરી

કિતાબ : ઈર્શાદાતે રસૂલ (સ.)

## ૩૪ જન્નત અને જહન્નમ વિષે

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

يَوْمَ نَقُوْلُ لِجَهَنَّمَ هَلِ امْتَلَأْتِ وَتَقُوْلُ هَلْ مِنْ مَّزِيْدٍ ﴿٣٠﴾ وَأُزْلِفَتِ الْجَنَّةُ لِلْمُتَّقِيْنَ غَيْرَ بَعِيْدٍ ﴿٣١﴾

*(તે દિવસે અમે જહન્નમથી પૂછીશું, "શું તું ધરાઈ ગઈ ?" અને તે કહેશે કે, "શું કંઈ બીજું છે ?" અને જન્નતને પરહેઝગારોની નજીક લાવવામાં આવશે.)*

(સૂરા કાફ, આયત-૩૦, ૩૧)

(૪૯૯) જન્નત અણગમતી બાબતોની પાછળ સંતાયેલી છે અને જહન્નમને ઈચ્છાઓના પડદામાં રાખવામાં આવી છે. (મજાઝાતુન્નબવિયા)

(૫૦૦) જે જન્નત માટે ઉત્સુક હશે તે નેકીઓ કરવામાં ઉતાવળ કરશે અને જે જહન્નમની આગથી ડરશે તે ઈચ્છાઓનો ત્યાગ કરશે. (બિહારૂલ અન્વાર)

(૫૦૧) નાની સરખી જન્નત, દુનિયા અને તેમાંની બધી વસ્તુઓ કરતાં અફઝલ છે. (જામેઅ અલ-અખબાર)

(૫૦૨) મેં જન્નત જેવી કોઈ બીજી વસ્તુ જોઈ નથી જેની ઈચ્છા ધરાવનારા ઊંઘી રહ્યા છે અને જહન્નમ જેવી કોઈ એવી વસ્તુ જોઈ નથી કે જેનાથી બચવાની ઈચ્છા રાખનારા ઊંઘી રહ્યા હોય. (ઈસ્નાઅશરીયા)

(૫૦૩) જહન્નમની આગથી ડરીને ચાલો ભલે ને પછી ખજૂરના નાના ટુકડાની પણ વાત કેમ ન હોય. (મજમુઆ વરામ)

(૫૦૪) જહન્નમનો ત્યાગ કરીને જન્નતને અખત્યાર કરો અને તમારા આમાલને વ્યર્થ ન કરો કારણ કે તમને જહન્નમની આગમાં ઊંધા મોઢે નાખી દેવામાં આવશે. (બિહારૂલ અન્વાર)

(૫૦૫) જિબ્રઈલે ફરમાવ્યું, "જ્યારથી જહન્નમને બનાવવામાં આવી છે ત્યારથી મીકાઈલ ફરિશ્તાએ હસવાનું છોડી દીધું છે." (મજમુઆ વરામ)

(૫૦૬) અલ્લાહની કસમ ! જન્નતના લોકોની સુંદરતામાં એવી રીતે વધારો થતો જશે કે જેવી રીતે દુનિયામાં ઉંમર વધવાની સાથે

વૃધ્ધાવસ્થામાં અને કદરૂપાપણામાં વધારો થાય છે.

(રૌઝતુલ વાએઝીન)

## ૩૫ | જીભ ઉપર કાબૂ વિષે

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

مَا يَلۡفِظُ مِنۡ قَوۡلٍ اِلَّا لَدَيۡهِ رَقِيۡبٌ عَتِيۡدٌ ﴿۱۸﴾

*(કોઈ વાત તેની જીભ ઉપર નથી આવતી, પરંતુ એક રક્ષા કરનારો તેની પાસે તૈયાર રહે છે.)*

(સૂરા કાફ, આયત-૧૮)

(૫૦૭) જેણે મૌન ધારણ કર્યું, તેને નજાત મળી. (રૌઝતુલ વાએઝીન)

(૫૦૮) પોતાની જીભને કાબૂમાં રાખો કારણ કે આમ કરવું એવો સદકો છે કે જે તમે પોતાની જાતને આપો છો. તેના પછી ફરમાવ્યું, "ફકત જીભને કાબૂમાં રાખનાર જ ઈમાનની હકીકત સુધી પહોંચી શકે છે." (ઉસૂલે કાફી)

(૫૦૯) માણસ જાતના મોટા ભાગના ગુનાઓ તેમની જીભના કારણે છે.

(મજમુઆ વરામ)

(૫૧૦) જે વ્યકિત પોતાની વાણીને પોતાના અમલ તરીકે ન ગણે તેનાથી વધારે ભૂલો થશે અને અઝાબ આવી પડશે.

(ઉસૂલે કાફી)

(૫૧૧) અલ્લાહે એવા દરેક ખરાબ બોલનાર માટે જન્નતને હરામ કરી દીધી છે કે જે તે શું બોલી રહ્યો છે અને તેના વિષે લોકો શું કહે છે તેની પરવા નથી કરતો.

(બિહારૂલ અન્વાર)

(૫૧૨) જેની વાણીથી લોકો ભય અનુભવે તેવી વ્યકિત જહન્નમી છે.

(બિહારૂલ અન્વાર)

(૫૧૩) ખરાબ વાણીનો ત્યાગ કરો કારણ કે અલ્લાહ કોઈ ખરાબ વાણી ધરાવનારને પસંદ નથી કરતો. (ખિસાલ સદૂક)

(૫૧૪) અલ્લાહની રહેમત એ વ્યકિત ઉપર થાય છે કે જે પોતાની વાણીને સુધારે છે.

(ઈસ્નાઅશરીયા)

(૫૧૫) અલ્લાહની રહેમત થાય એ વ્યકિત ઉપર કે જે જ્યારે બોલે છે તો લાભ મેળવે છે અને જ્યારે મૌન ધારણ કરે છે તો સુરક્ષિત રહે છે. (ઈસ્નાઅશરીયા)

(૫૧૬) જેની ખરાબ વાણીને કારણે લોકો તેની નજીક બેસવાનું નાપસંદ કરે તે અલ્લાહનો સૌથી ખરાબ બંદો છે.

(તરાએફુલ હિકમ)

(૫૧૭) જે બંદો દુનિયા અને આખેરતમાં સુરક્ષિત રહેવાની આશા રાખતો હોય તો તેણે પોતાની જીભને શરીઅતની લગામ પહેરાવીને કેદમાં રાખવી જોઈએ અને તેને દુન્યવી અને આખેરતના ફાયદા સિવાય કદી છૂટો દોર આપવો જોઈએ નહીં. (ઈર્શાદુલ કુલૂબ)

(૫૧૮) અલ્લાહ જીભને એવો અઝાબ આપશે કે તેના જેવો અઝાબ શરીરના કોઈ

ભાગને નહીં આપે. આ જોઈને જીભ કહેશે, "હે મારા પરવરદિગાર ! તું મને એવો અઝાબ કેમ આપે છે ?" તેનાથી કહેવામાં આવશે, "તેં એક શબ્દ એવો ઉચ્ચાર્યો કે જે પૂર્વથી પશ્ચિમ સુધી પહોંચ્યો અને તે શબ્દને કારણે કોઈ મહાન વ્યકિતનું ખૂન થયું, તેની દોલત લૂંટી લેવામાં આવી તેને બેઈજ્જત કરવામાં આવ્યો." તેથી હું મારી ઈજ્જત અને જલાલની કસમ ખાઈને કહું છું કે, "આવો અઝાબ કોઈ બીજા અંગને નહીં થાય. (ઉસૂલે કાફી)

(૫૧૯) જો કોઈ વસ્તુ અપશુકનિયાળ હોય તો તે છે માણસની જીભ. (ઉસૂલે કાફી)

(૫૨૦) અશ્લીલ અને વધારે વાતોનો ત્યાગ કરો ફક્ત એટલી જ વાતો કરો કે જે તમારા માટે આવશ્યક હોય.

(બિહારૂલ અન્વાર)

(૫૨૧) જીભને વધારેમાં વધારે લાંબા સમય સુધીની કેદમાં રાખવી જોઈએ.

(બિહારૂલ અન્વાર)

(૫૨૨) તમારામાંથી કોઈનું ઈમાન ત્યાં સુધી પૂર્ણ નથી થઈ શકતું જ્યાં સુધી તે પોતાની જીભને કાબૂમાં ન રાખે.

(ઈસ્નાઅશરીયા)

(૫૨૩) જે પોતાની જીભને કાબૂમાં રાખશે અલ્લાહ તેના એબોને ઢાંકશે.

(ઈર્શાદુલ કુલૂબ)


INDIAN SAFETY SOLUTION

Contact:- M.G.KADIWALA
(IGC-NEBOSH, MECHANICAL ENGG.)
M. : 08866448339
E-mail : indiansafetysolution@gmail.com

ADD:- Plot No. 914, G.I.D.C. Chhatral, Ta. Kalol, Dist. Gandhinagar, Pin-382729. GUJARAT (INDIA)

INDIAN SAFETY SOLUTION


fire Extinguishers


Fire Alarm & Smoke detecoter Systems


Fire Fighting & Hydrant system

- I.S.I. માર્કાના ફાયર–હેસ્ટીંગગ્યુસર (ફાયર બોટલ)ના સપ્લાયર, ઈન્સ્ટોલેશન કરનાર તથા તેના સ્પેર પાર્ટસ અને રીફીલ કરનાર.
- મ્યુનિસિપલ કોર્પોરેશનના રૂલ્સ મુજબ ફાયર હાઈડ્રન્ટ અને સ્પ્રીન્કલર્સ સીસ્ટમનું ઈન્સ્ટોલેશન કરનાર.
- ફાયર ફાઈટીન્ગ અને સ્પ્રીન્કલર્સ સીસ્ટમના ઈક્વીપમેન્ટના સપ્લાયર્સ (જેવા કે I.S.I. સ્ટાન્ડર્ડ મુજબ હાઈડ્રન્ટ વાલ્વ, હોસપાઈપ, હોસરીલ, વિગેરે)


Industrial Safety Equipment

- કમ્પલીટ ફાયર એલારામ સીસ્ટમના સપ્લાયર તથા ઈન્સ્ટોલેશન કરનાર.
- P.P.E. ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી ઈક્વીપમેન્ટના સપ્લાયર્સ (જેવા કે હેલ્મેટ, હેન્ડગ્લોવઝ, માસ્ક, વિગેરે)
- હોટલ્સ, ઈન્ડસ્ટ્રીઝ, હોસ્પિટલ માટેના સેફ્ટી ડિઝાઈનર, ઈન્સ્ટોલેશન અને સલાહકાર.
- બધી જાતની સેફ્ટી ટ્રેનીંગ (સર્ટીફીકેટ સાથે) અને ઓડીટ માટેના ડોક્યુમેન્ટના આયોજક.

# શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા

**શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા સંચાલિત**

## ઝહીર હોસ્ટેલ (સમગ્ર બાવીસી માટે)

મુ. ઝહીરાબાદ, પો. સવગઢ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા.
ફોન : ૦૨૭૭૨ - ૨૨૨૩૧૮ મો.૯૪૨૭૬૯૬૯૬૦

હોસ્ટેલ સંચાલન સમિતિ, ઝહીરાબાદ ખૂબ આનંદ સાથે જણાવે છે કે ઝહીર હોસ્ટેલ સફળતાપૂર્વક તેર વર્ષ પૂર્ણ કરીને ચૌદમા વર્ષમાં પ્રવેશ કરે છે. અને રાબેતા મુજબ માહે જૂન-૨૦૧૪થી શરૂ થતા નવા વર્ષ માટે ધો.૮ થી ૧૨ તેમજ ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે. આથી નવા શૈક્ષણિક વર્ષ માટે ઝહીર હોસ્ટેલમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા જૂના તથા નવા તમામ વિદ્યાર્થીઓના વાલીઓને ઝહીર હોસ્ટેલ કાર્યાલયમાંથી પ્રવેશપત્ર મેળવીને મોડામાં મોડા તા.૩૧-૦૫-૨૦૧૪ સુધીમાં ફી સાથે ફોર્મ ભરી પ્રવેશ મેળવી લેવા નમ્ર વિનંતી છે.

**શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા સંચાલિત**

## ફાતેમા ગર્લ્સ હોસ્ટેલ (સમગ્ર બાવીસી માટે)

મુ. ઝહીરાબાદ, પો. સવગઢ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા.
ફોન : ૦૨૭૭૨ - ૨૨૩૨૨૦ મો.૯૪૨૭૬૯૬૯૬૦

હોસ્ટેલ સંચાલન સમિતિ, ઝહીરાબાદ ખૂબ આનંદ સાથે જણાવે છે કે ફાતેમા ગર્લ્સ હોસ્ટેલ સફળતાપૂર્વક ત્રણ વર્ષ પૂર્ણ કરીને ચોથા વર્ષમાં પ્રવેશ કરે છે. અને રાબેતા મુજબ માહે જૂન-૨૦૧૪થી શરૂ થતા નવા વર્ષ માટે ધો.૮ થી ૧૨ તેમજ ઉચ્ચ અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને પ્રવેશ આપવામાં આવશે. આથી નવા શૈક્ષણિક વર્ષ માટે ફાતેમા ગર્લ્સ હોસ્ટેલમાં પ્રવેશ મેળવવા ઈચ્છતી જૂની તથા નવી તમામ વિદ્યાર્થીનીઓના વાલીઓને ફાતેમા ગર્લ્સ હોસ્ટેલ કાર્યાલયમાંથી પ્રવેશપત્ર મેળવીને મોડામાં મોડા તા.૩૧-૦૫-૨૦૧૪ સુધીમાં ફી સાથે ફોર્મ ભરી પ્રવેશ મેળવી લેવા નમ્ર વિનંતી છે.

નોંધ :(૧) વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે.
(૨) ધો.૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓએ કે જેમણે ધો.૧૧માટે ઝહીર હોસ્ટેલ/ફાતેમા ગર્લ્સ હોસ્ટલમાં પ્રવેશ મેળવવાનો હોય તેમણે એસ.એસ.સી.નું પરિણામ જાહેર થયા પછી ૭ દિવસમાં પ્રવેશ પત્ર મેળવી ફી સાથે પ્રવેશ મેળવી લેવાનો રહેશે.
(૩) ઝહીર હોસ્ટેલ/ફાતેમા ગર્લ્સ હોસ્ટેલમાં પ્રવેશ અંગે હોસ્ટેલ સંચાલન સમિતિનો નિર્ણય આખરી રહેશે.
(૪) વધુ માહિતી માટે ઉપરોક્ત દર્શાવેલ નંબરે સંપર્ક કરવો.

Superman In Islam

સુપરમેન ઈન ઈસ્લામ

# હઝરત ઈમામ જાફર સાદિક (અ.)

::::: અનુવાદક :::::

હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ (મદ્દે.)

## આપ (અ.)થી પૂછવામાં આવેલા અન્ય પ્રશ્નો

(ગતાંકનું ચાલુ)

જાબિરે કહ્યું, હવે હું સમજયો કે આપ શું કહેવા માગો છો. ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, હું તમને વધુ સારી રીતે સમજાવવા માટે એક અન્ય દાખલો આપું છું. જાનવરોમાં મોટા ભાગે એવાં છે કે જેમનાં હાડકાં માંસ અને લોહી છે અને દરેક પ્રકારના કોઈ પણ જાનવરને તમે જોશો તો તમને ખબર પડશે કે તેની અંદર હાડકાં માંસ અને લોહી રહેલાં જ છે, પરંતુ શું આ ત્રણ તત્વોથી બનેલાં બધાં જ જાનવરો એકબીજાના જેવાં જ છે ? ઊંટને પણ હાડકાં માંસ અને લોહી છે અને બિલાડીને પણ પરંતુ ઊંટ અને બિલાડીમાં કોઈ સામ્યતા નથી. તેમાંથી એક ઘાસ ખાવાવાળું જાનવર છે અને બીજું માંસ ખાવાવાળું. એમ છતાંય મૂળભૂત રીતે તેમને સ્વરૂપ આપનારાં તત્વો એકનાં એક જ છે. હું મૂળભૂત રીતે એટલા માટે કહી રહ્યો છું કે બિલાડીના માંસનો પ્રકાર ઊંટના માંસના પ્રકાર કરતાં જુદો છે. પરંતુ મૂળભૂત રીતે બન્ને માંસ જ છે. આપણા શરીરના દુશ્મનો અને જે કોષ તેમને લડત આપે છે તેઓ મૂળભૂત રીતે ખૂબ જ ઓછા પ્રમાણના તત્વોથી બનેલા છે. પરંતુ તેમના પ્રકારો ઘણા વધારે છે.

જાબિરે પૂછ્યું, દુનિયા ક્યારે અસ્તિત્વમાં આવી ?

ઈમામ જાફર સાદિક (અ.)એ જવાબ આપ્યો કે આ વાત તો અલ્લાહ જ જાણે છે.

જાબિરે પોતાનો વિચાર વ્યક્ત કર્યો કે યહૂદીઓ પ્રમાણે આજે કાઈનાતના જન્મનું ૪૭૬૨મું વર્ષ છે. ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું કે અલ્લાહ સિવાય કોઈ જાણતું નથી કે કાઈનાત ક્યારે અસ્તિત્વમાં આવી. પરંતુ બુધ્ધિ કહે છે કે યહૂદીઓની રિવાયતના ૪૭૬૨મા વર્ષ કરતાં કાઈનાત ખૂબ જ વધારે આયુષ્ય ધરાવે છે.

જાબિરે પૂછ્યું, શું તેમના નબીએ એવું નથી કહ્યું કે કાઈનાત ૪૭૬૨ વર્ષ પહેલાં અસ્તિત્વમાં આવી ?

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, ના, અય જાબિર ! અને આવું કહેવું યહૂદી રાવીઓનું છે, તેમના નબીઓનું નથી અને જો કોઈ આલિમ માણસ જંગલો, પહાડો, નદીઓ અને સમુદ્રો પર નજર નાખે તો તે અંદાજ લગાવી શકશે કે કાઈનાતનું આયુષ્ય ૪૭૬૨ વર્ષ કરતાંય ઘણું વધારે છે.

જાબિરે પૂછ્યું, ભલે એક અંદાજ જ ખરો, પરંતુ શું આપ કહી શકો છો કે કાઈનાતનું આયુષ્ય શું છે ?

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, ના, અય જાબિર ! હું અંદાજ લગાવીને પણ નથી જણાવી શકતો કે કાઈનાત કેટલા સમય પહેલાં

અસ્તિત્વમાં આવી. ફક્ત અલ્લાહ જ જાણે છે કે કાઈનાત ક્યારે અસ્તિત્વમાં આવી. દુનિયાની ઘણી બધી કોમો કાઈનાતનું આયુષ્ય યહૂદીઓની આ રિવાયત કરતાં ઘણું વધારે માને છે. ભારતના લોકો માને છે કે કાઈનાતને ૨૦ હજાર વર્ષ વીતી ચૂક્યાં છે. ચીનના લોકો કાઈનાતને તેના કરતાં વધારે આયુષ્યવાળી માને છે. તેઓ માને છે કે દુનિયાનું આયુષ્ય એક લાખ વર્ષ છે એટલે કે યહૂદી રાવીઓની રિવાયત કરતાં વીસ ગણું વધારે. મિસ્રમાં એક એવી ઈમારત છે કે જેના વિશે મિસરીઓ માને છે કે તે આજથી ૬૦૦૦ વર્ષ પૂર્વે બનાવવામાં આવી છે. જો મિસરીઓનું માનવું સાચું હોય તો તે ઈમારત તે સમયે બનાવવામાં આવી કે જ્યારે કાઈનાતની શરૂઆતનાં ૧૩૦૦ વર્ષ બાકી હતાં. આવી રીતે પ્રાચીન મિસરીઓએ એક એવી જગ્યાએ ઈમારત બનાવી હશે કે જે જગ્યાનું અસ્તિત્વ જ નહીં હોય અને આ વાત સ્વીકાર્ય નથી.

જાબિરે પૂછ્યું, કાઈનાતનો અંત ક્યારે આવશે ? કે પછી શું કાઈનાત હંમેશાં બાકી રહેશે?

ઈમામ જાફર સાદિક (અ.)એ જવાબ આપ્યો કે એવો કોઈ પણ સમય નહીં આવે કે જ્યારે કાઈનાતનું અસ્તિત્વ ન હોય કારણ કે એ દરેક વસ્તુ કે જે એક વાર અસ્તિત્વમાં આવી જાય છે, ફના નથી થતી. ફક્ત તેનું સ્વરૂપ બદલાય છે.

જાબિરે પૂછ્યું, એવું કહેવામાં આવે છે કે કાઈનાતનો અંત આવશે ત્યારે સૂરજ અને ચાંદની રોશની ખતમ થઈ જશે. શું એ વાત સાચી છે ?

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, શક્ય છે કે એવો જમાનો આવે કે સૂરજની રોશની મંદ પડી જાય અને તેના પરિણામ સ્વરૂપે ચાંદની રોશની પણ મંદ પડી જાય અને ચાંદ સૂરજથી રોશની નહીં પામી શકે, પરંતુ એ જમાનો પણ કાઈનાતનો અંત નહીં હોય, બલ્કે કાઈનાતના એક નવા યુગનો આરંભ હશે.

જાબિરે પૂછ્યું, શું એ શક્ય છે કે માનવજાતના જીવનમાં એવી રાત આવે કે જેના પછી સવાર જ ન થાય ?

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, ના, અય જાબિર ! કારણ કે અલ્લાહ તઆલા કાઈનાતને કાયમી કાયદાઓ હેઠળ ચલાવી રહ્યો છે અને તે કાયદાઓ હેઠળ સૂરજનો દરરોજ ઉદય થવો જ જોઈએ, પરંતુ જો એવો દિવસ આવે કે સૂરજની રોશની મંદ પડી જાય (એ દિવસ પણ અલ્લાહ તઆલાએ આ કાઈનાતને ચલાવવા માટે ઘડેલા નિયમો હેઠળ જ હશે) તો પછી સૂરજનો ઉદય નહીં થાય.

જાબિરે પૂછ્યું, સૂરજ કયારે મંદ પડશે તેનો અંદાજ આપ લગાવી શકો છો ?

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, ફક્ત અલ્લાહ તઆલા બતાવી શકે છે કે સૂરજ ક્યારે મંદ પડશે, પરંતુ હું માનું છું કે આવી ઘટના જલ્દી ઘટવાની નથી. અને કદાચ જંગલની રેતીના કણની સંખ્યા બરાબર વર્ષો વીતી જાય તે પછી સૂરજની રોશની મંદ પડે અને તે સમયે કાઈનાતના એક નવા યુગનો આરંભ થશે.

જાબિરે પૂછ્યું, જે લોકો દુનિયામાં માલ અને દોલત ભેગી કરવામાં લાલચ દેખાડે છે, બીજી દુનિયામાં તેમની હાલત કેવી હશે ? શું તેઓ જન્નતમાં જશે ?

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, જીવન વીતાવવા માટે અને પરિવારનું ભરણપોષણ કરવા માટે મહેનત કરવી જરૂરી છે અને એ લોકો કે જેઓ પોતાની જીવન જરૂરિયાતની વસ્તુઓ

વસાવવા માટે કામ કરે છે તેઓ અલ્લાહની સારી મખ્લૂક છે અને તે લોકોની અંદર લાલચ હોય તેવું ખૂબ જ ઓછું જોવામાં આવ્યું છે. તે લોકો મહેનતું છે અને પોતાના માટે અને પરિવાર માટે રોજી કમાવાના પ્રયત્નો કરતા રહે છે માટે તેમની પાસે લાલચુ થઈ જવાનું કોઈ કારણ હોતું નથી. જે લોકોને માલ અને દોલત ભેગી કરવાની લાલચ હોય છે તે બીજા પ્રકારના લોકો છે અને જે વસ્તુ તેમને લાલચુ બનાવે છે તે તેમનું ઓછા સમયમાં વધારે દોલત કમાવી લેવું છે અને ક્યારે પણ મહેનત કરીને હલાલ રોજી કમાઈને ઓછા સમયમાં વધારે દોલત કમાઈ શકાતી નથી એટલે આવા લોકો અનૈતિક રસ્તાઓ વડે દોલત કમાવાનું શરૂ કરી દે છે. એવા લોકો જ્યારે એક વખતે અનુભવ કરી લે છે કે કેવી રીતે ઓછા સમયમાં વધારે દોલત કમાઈ શકાય તો વારે ઘડીએ એવું કરતા રહે છે અને છેવટે તેમની અંદર દોલત ભેગી કરવાની એટલી બધી લાલચ પેદા થઈ જાય છે કે તેઓ જીવનના છેલ્લા ભાગ સુધી આ જ કાર્યમાં રચ્યાપચ્યા રહે છે. તેમની સર્વશ્રેષ્ઠ વ્યસ્તતા દોલત ભેગી કરવામાં હોય છે.

આ એ જ લોકો છે કે જેમના વિશે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે કે, ''અલ્લઝી જમઅ માલંવ વ અદદહ.'' તેમના જીવનનો સૌથી મોટો આનંદ માલ એકઠો કરવામાં છે અને સોનું અને ઘરેણાં ગણવામાં છે. માલ એકઠો કરવાની લાલચની એક વિશેષતા એ છે કે લાલચુ માણસ પોતાના માલનો એક પણ ભાગ મોહતાજોની સફળતા માટેના કાર્યો પાછળ ખર્ચ કરી શકતો નથી અને ન કેવળ એ કે તે મોહતાજો પાછળ ખર્ચ કરતો નથી, બલ્કે મોહતાજો અને મિસ્કીનોને તેમની પરિસ્થિતિનો દોષ દે છે અને તેના દિલમાં આ વાત સમાઈ જાય છે કે જો અલ્લાહ કોઈને મોહતાજ ન બનાવવા ઈચ્છે તો તે મોહતાજ ન બને, તો પછી તેણે કોઈ પણ મોહતાજની મદદ માટે હાથ લંબાવવાની જરૂર નથી કારણ કે લાલચુ માણસ એમ માનતો થઈ જાય છે કે કોઈ પણ મોહતાજની મદદ કરવી અલ્લાહની ઈચ્છાનો વિરોધ કરવો છે.

દુનિયામાં આવા લોકો કોઈ પણ વસ્તુથી એટલો આનંદ નથી મેળવતા કે જેટલો પૈસા અને સોનાનાં ઘરેણાં ગણવામાં મેળવે છે અથવા તો એમાં આનંદ મેળવે છે કે તેમની પાસે જે વિશાળ ખેતરો હોય. બીજી દુનિયામાં તેમની હાલત એવી જ હશે કે જે અલ્લાહના કલામમાં બયાન કરવામાં આવી છે, પરંતુ જે લોકો રોજી કમાવા પાછળ મહેનત કરે છે અને પોતાની હલાલ કમાણી વડે કેટલીક મૂડી ભેગી કરે છે કે જેથી જરૂર સમયે સદ્ઉપયોગ થઈ શકે, તો એવા લોકોને ક્યારેય પણ લાલચુ કહેવાય નહીં. આ એવા લોકો છે કે જે કરકસરને પસંદ કરતા હોય છે અને તેમને પોતાની પાછળ રહી ગયેલા લોકોની ચિંતા હોય છે અને તેઓ આવું વિચારે છે કે જ્યારે તેઓ ચાલ્યા જશે અને પોતાની પાછળ રહી જનારાઓ માટે કંઈ છોડીને નહીં જાય તો તેઓ ગરીબાઈમાં સપડાઈ જશે. આવા લોકો કે જેઓ પોતાની વૃધ્ધાવસ્થાની ચિંતા કરતા હોય છે અથવા એ ચિંતા કરતા હોય છે કે તેમના મોત પછી તેમના પરિવારજનો ગરીબાઈમાં ન સપડાઈ જાય એવા લોકોને અલ્લાહ તઆલા સવાબ એનાયત ફરમાવશે. અને જો તેમનાથી કોઈ એવો અમલ થઈ ગયો ન હોય કે જેના કારણે તેઓ સજાના હકદાર બની જાય તો આવા લોકો મોત પછી સીધા જન્નતમાં જશે.

(ક્રમશ:)

Life Line
Surgicare
care for Life

હિંમતનગર ખાતે શુભારંભ...

# લાઇફ લાઇન સર્જીકેર

એન્ડોસ્કોપી અને લેપ્રોસ્કોપી હોસ્પિટલ

## ડૉ. આબિદઅલી એમ. ખણુસીયા

એમ.અસ (સર્જન)
એન્ડોસ્કોપીસ્ટ અને લેપ્રોસ્કોપીસ્ટ
કન્સલ્ટન્ટ સર્જન

ડીપ્લોમા ઇન મિનીમલ એક્સેસ સર્જરી, વર્લ્ડ લેપ્રોસ્કોપી હોસ્પિટલ, ગુડગૉવ
ફેલોશીપ ઇન લેપ્રોસ્કોપી, મેક્સ હોસ્પિટલ, દિલ્લી
ફેલોશીપ ઇન એન્ડોસ્કોપી, ઇન્સ્ટીટયુટ ઓફ એડવાન્સ એન્ડોસ્કોપી, મુંબઇ

**: ઉપલબ્ધ સુવિધાઓ :**

- અત્યાધુનિક ટેકનોલોજીથી સુસજ્જ ઓપરેશન થીયેટર
- અન્નનળી, જઠર અને આંતરડાની બિમારીઓ (ગેસ અને એસીડીટી) ની સારવાર
- લાંબા સમયની કબજીયાત અને કોઇ પણ પ્રકારના વધુ પડતા ઝાડાના નિદાન માટે એન્ડોસ્કોપીની સુવિધા (દૂરબીનથી તપાસ)
- પિત્તાશય, એપેન્ડીક્સ અને અન્ય રોગોની સારવાર માટે લેપ્રોસ્કોપીથી(દુરબીનથી) ઓપરેશનની સુવિધા
- સારણગાંઠ, હાઇડ્રોસીલ, થાઇરોઇડ અને સ્તન ને લગતા રોગોની સારવાર
- કેન્સર ને લગતા રોગોનું નિદાન અને સારવાર
- પ્રોસ્ટેટ ગ્રંથી, પથરી, પેશાબને લગતા રોગોના સારવારની સુવિધા
- ફેફસાની બિમારીઓ માટે જરૂર પડે તો છાતીમાં નળી નાખવાની સુવિધા (ICD)
- ખત્ના (સુન્નત), બાળકોને થતા સારણગાંઠ ના ઓપરેશન ની સુવિધા

ડો. ગોપલાણીના હોસ્પિટલની ઉપર, આરોગ્યનગર, હિંમતનગર-૩૮૩ ૦૦૧.
ફોન : (૦૨૭૭૨) ૨૪૦૪૨૯, મો. ૯૯૦૯૯૩૦૪૨૯

# વિલાયતે અલી (અ.)

લેખન : જનાબ સૈયદ નદીમએહમદ ડી. જાફરી (અમદાવાદ)

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

તમે કદી એવું અવલોકન કર્યું છે ખરું કે જ્યારે બે દેશોના, જુદી જુદી ભાષાઓ બોલતા સરકારી અધિકારીઓ ભેગા થાય છે ત્યારે તેમની વચ્ચે **એક દુભાષિયો હોય છે** કે જે **બન્ને ભાષાઓના તેના જ્ઞાન ઉપર આધારિત વાર્તાલાપને સરળ બનાવે છે?** તેની હાજરી વગર બન્નેમાંથી કોઈ પણ દેશના સરકારી અધિકારી માટે વાતચીત અને ચર્ચા કરવી અશક્ય બની જશે. આવા દુભાષિયાનું સ્તર ઊંચા પ્રકારનું હોવું જોઈએ અને **ભેગા થનારા બન્ને સરકારી અધિકારીઓનો તેણે વિશ્વાસ મેળવેલો હોવો જોઈએ. વાર્તાલાપનું યોગ્ય રીતે અર્થઘટન કરવામાં તે પૂરતો કાબેલ હોવો** જરૂરી છે.

આવી જ રીતે જ્યારે અલ્લાહ (સુ.વ.ત.)એ આ દુનિયાનું સર્જન કર્યું અને આપણને કુરઆન આપ્યું તો તેણે તેના પસંદ કરેલા દુભાષિયાઓનું સર્જન કર્યું કે જેમની હાજરી આપણા અને અલ્લાહ (સુ.વ.ત.) વચ્ચે **અલ્લાહની વહદાનિયત (એકત્વ)ને અને તેના દીનને આપણને સાચા અર્થમાં સમજાવે.**

➡ પસંદગી પામેલો આવો દુભાષિયો અલ્લાહ (સુ.વ.ત.)ના સર્જનોમાં તેના દ્વારા સૌથી વધારે વિશ્વાસ મેળવેલો હોય છે, અને તેથી જ તો તેને ઓળખી લેવો, તેનું અનુસરણ કરવું અને તેના વડે હિદાયત પ્રાપ્ત કરવી એ આપણી દીની હાકલ છે. આ લેખમાં આપણે તેને શોધવા અને અલ્લાહ (સુ.વ.ત.) સાથેના તેના સંબંધમાં તેના મર્તબાને શોધવા માટે મથન કરીશું.

આદમ (અ.) એવા પહેલા માનવ અને અલ્લાહના પયગમ્બર હતા કે જેમને ધરતી ઉપર મોકલવામાં આવ્યા હતા. તેથી આપણે સૂરા બકરાની નીચેની આયત ઉપર ચિંતનમનન કરીને આપણી સફરની શરૂઆત કરીએ કે જેમાં ફરિશ્તાઓએ આદમ (અ.)ની આગળ કરેલા સજ્દાની ચર્ચા કરવામાં આવી છે.

● *"અને તે સમયને યાદ કરો કે જ્યારે અમે ફરિશ્તાઓને કહ્યું કે **આદમને સજ્દો કરો** તો બધા જ ઝુકી ગયા, પરંતુ **ઈબ્લીસે ઈન્કાર કર્યો** અને ઘમંડમાં આવી ગયો **અને કાફિર બની ગયો.**"*

(સૂરા બકરા, આયત–૩૪)

આદમ (અ.)ના સર્જન પછી બધા જ ફરિશ્તાઓને હુકમ કરવામાં આવ્યો કે તેઓ આદમ (અ.)ની આગળ સજ્દામાં ઝુકી જાય. ફરિશ્તાઓએ હુકમનું પાલન કર્યું, પરંતુ ઈબ્લીસ, જિને એવું કરવાનો ઈન્કાર કર્યો અને **આ રીતે તે કાફિર બની ગયો,** અને તેને જન્નતમાંથી હાંકી કાઢવામાં આવ્યો જેમકે નીચેની આયતમાં તેનું સમર્થન કરવામાં આવ્યું છે :

● *"અલ્લાહે ફરમાવ્યું, તું **જન્નતમાંથી નીકળી જા,***

*દૂર થઈ જા, **બેશક તું મરદૂદ છે.**"*

(સૂરા હિજ્ર, આયત–૩૪)

ચાલો આપણે ઉપરના પ્રસંગનું પૃથક્કરણ કરીએ અને એમાંથી અર્થપૂર્ણ તારણો શોધવાનો પ્રયત્ન કરીએ. ઉપરોક્ત બનાવની બાબતમાં નીચેની વિગતો વિચારવા યોગ્ય છે :

✔ બધું જ જાણનારા અલ્લાહ (સુ.વ.ત.) એ બાબતથી વાકેફ હતો કે ફરિશ્તાઓ તેનું આજ્ઞાપાલન કરશે અને ઈબ્લીસ નહીં કરે, તો પછી તેણે આવો હુકમ શા માટે આપ્યો ? **<u>શું અલ્લાહ આદમ (અ.) થી જન્મ થનારી માનવજાત માટે આ પ્રસંગ વડે કોઈ ઉદાહરણ પૂરું પાડવા માગતો હતો ? આના દ્વારા તે કયો સંદેશ આપવા માગતો હતો ?</u>**

✔ ઈબ્લીસ જિને ફરિશ્તાઓની સાથે અલ્લાહની ઈબાદત કરી હતી અને તેની આગળ અર્શના દરેક ખૂણેખાંચરે સજ્દા કર્યા હતા તેમ છતાંય તે 'શયતાન' બની ગયો. **<u>તેનામાં એવી તો કઈ બાબત ખૂટતી હતી કે તેની બધી જ ઈબાદતોનો અસ્વીકાર કરવામાં આવ્યો ?</u>**

✔ જ્યારે આપણે કુરઆનમાં ઉપરની અને તેના જેવી બીજી આયતોનું અવલોકન કરીએ છીએ તો આપણને જાણવા મળે છે કે જ્યારે ઈબ્લીસને અલ્લાહ (સુ.વ.ત.) દ્વારા 'કાફિર' ઠરાવવામાં આવ્યો ત્યાર પછી પણ તે અલ્લાહ (સુ.વ.ત.)ને એક અને એક માત્ર સર્જક અને સર્વશક્તિમાન તરીકે માનનારો રહ્યો. **<u>તો પછી એવું તો શું હતું કે જે અલ્લાહ (સુ.વ.ત.) તેનામાં પોતાની વહદાનિયતમાં ઈમાન ઉપરાંત બીજું કંઈક ઈચ્છતો હતો ?</u>**

➡ કુરઆનમાં કોઈ એવો બંધનકર્તા પ્રસંગ હોવો જોઈએ કે જે ઉપરના બધા જ પ્રશ્નોના જવાબો આપી શકે. તેથી ચાલો આપણે સૂરા આલે ઈમરાનની નીચેની આયતની સાથે હવે આગળ વધીએ :

● *"(અને અય રસૂલ ! તે સમયની પણ યાદ અપાવો કે) જ્યારે **અલ્લાહે પયગમ્બરો પાસેથી અહદ લીધો** કે અમે તમને જે કંઈ **કિતાબ અને હિકમત (વગેરે) આપીએ,** ત્યાર પછી તમારી પાસે કોઈ **રસૂલ આવે અને જે કિતાબ તમારી પાસે છે તેનું સમર્થન કરે** તો (જોજો) તમે **તેના ઉપર જરૂરથી ઈમાન લાવજો અને જરૂરથી તેની મદદ કરજો** (અને) અલ્લાહે ફરમાવ્યું, **શું તમે એકરાર કરી લીધો ?** તમે **(મારા અહદનો) બોજ ઉઠાવી લીધો?** બધાએ અરજ કરી, **અમોએ એકરાર કર્યો,** ઈર્શાદ થયો, (સારું ત્યારે) તો આજના કોલ કરારના અંદરોઅંદર ગવાહ રહેજો."*

(સૂરા આલે ઈમરાન, આયત–૮૧)

અલ્લાહ (સુ.વ.ત.)એ બધા પયગમ્બરોથી એવો અહદ લીધો કે જે કોઈ તેમને જે આપવામાં આવ્યું હોય તેનું સમર્થન કરતાં તેમની પાસે આવે તો જરૂરી છે કે તેઓ તેની વાતને માને. ઉપરની આયતમાં જે પયગમ્બરનો સંદર્ભ આપવામાં આવ્યો છે તે પયગમ્બરે પાક (સ.) છે અને અલ્લાહ (સુ.વ.ત.)એ જે અહદ લીધો હતો તે **<u>હઝરત અલી (અ.)ની વિલાયત</u>**માં માનવા **<u>અંગેનો હતો.</u>**

(સંદર્ભ : બિસાર અદ્દહરાજાત અલ જઝાહિર થાની, પેજ–૯૩)

પયગમ્બરો જુદા જુદા જમાનાઓમાં ધરતી ઉપર આવ્યા અને તેઓ પયગમ્બરે પાક (અ.) ને એ સમય દરમિયાન કે જ્યારે આપ (અ.) આ

દુનિયામાં જાહેર હતા, વ્યકિતગત રીતે મળ્યા પણ ન હતા. તેથી આપણે ઉપરની આયતને કેવી રીતે સમજી શકીએ અને સમજાવી શકીએ ? બાકીના પયગમ્બરો કયારે અને કયાં પયગમ્બર (સ.)ને મળ્યા હતા ?

અલ્લામા નિશાપૂરીએ પયગમ્બરે પાક (સ.)ની નીચેની હદીસનો હવાલો આપીને ઉપરની આયતના રહસ્યને સમજાવ્યું છે કે જે હદીસનું અબ્દુલ્લાહ ઈબ્ને મ'સૂદે પોતાની કિતાબ તફસીરિ ધારૈબ અલ કુરઆન, ભાગ–૨૫માં વર્ણન કર્યું છે :

● *"જ્યારે પયગમ્બરોના સરદાર (સ.)એ નમાઝની ઈકામત કરી અને બીજા પયગમ્બરોએ અલ અસ્રા અને અલ મે'રાજની રાત્રે નમાઝ પઢી ત્યારે એક ફરિશ્તો નીચે ઊતર્યો અને ફરમાવ્યું,* ***અય અલ્લાહના હબીબ ! આ બધા અલ્લાહના પયગમ્બરોને કહો કે તેમને કઈ શરતે નબુવ્વત આપવામાં આવી છે?"***

પયગમ્બરે પાક (સ.)એ આવો સવાલ બધા પયગમ્બરોને પૂછ્યો હતો : ત્યારે આપ (અ.)ને તેમના તરફથી આવો જવાબ મળ્યો "**<u>એ કે અમે આપની અને અલીની વિલાયતનો સ્વીકાર કરીએ છીએ.</u>**" (સંદર્ભ : તફસીરિ ધારૈબ અલ કુરઆન, ભાગ–૨૫, પેજ–૫૮, ઈજિપ્તમાં છપાયેલી, તફસીરિ ઈબ્ને જરીર, તબરીના હાંસિયા પર)

અલ્લાહ (સુ.વ.ત.)એ પયગમ્બરોથી જે અહદ લીધો હતો તે **પયગમ્બરે પાક (સ.)ની અને મૌલા અલી (અ.)ની 'વિલાયત'માં માનવા અંગેનો હતો અને <u>જ્યારે તેમણે સ્વીકાર કર્યો તો તેમને નબુવ્વત આપવામાં આવી.</u>**

બધા પયગમ્બરોની નબુવ્વત આવી રીતે મૌલા અલી (અ.)ની વિલાયતના સ્વીકાર ઉપર આધારિત હતી. આપણને કદાચ નવાઈ લાગે કે શું અલ્લાહ (સુ.વ.ત.)એ આપણા જેવા સામાન્ય લોકો માટે આવો જ કરાર કર્યો છે ?

● *"અને અય રસૂલ ! (એ સમયની પણ યાદ અપાવો કે)* ***જ્યારે તમારા પરવરદિગારે આદમની ઓલાદથી પીઠમાંથી (બહાર કાઢીને) તેમની ઓલાદથી ખુદ તેમના મુકાબલામાં એકરાર કરી લીધો (પૂછયું) કે શું હું તમારો પરવરદિગાર નથી ?*** *તો બધા જ બોલી ઉઠ્યા, અમે તેના ગવાહ છીએ, આ અમે એટલા માટે કહ્યું કે એવું ન થાય કયાંક તમે કયામતના દિવસે બોલી ઊઠો કે અમે તો તેનાથી બિલકુલ અજાણ હતા."* (સૂરા અઅરાફ, આયત–૧૭૨)

ઉપરની આયતને પોતાની તફસીરમાં સમજાવતાં જાબિર ઈમામ મોહંમદ બાકિર (અ.)ના હવાલાથી એક હદીસનું વર્ણન કરે છે તે મુજબ જ્યારે કોઈકે ઈમામ (અ.)ને એ સમય વિષે પૂછયું કે મૌલા અલી (અ.)ને "અમીરુલ મોમિનીન" કયારથી કહેવામાં આવે છે તો ઈમામ (અ.)એ જવાબ આપ્યો કે જેમ આ આયતમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે આદમ (અ.)ની ઓલાદ સાથે એવો એકરાર કરવામાં આવ્યો કે **<u>અલ્લાહ (સુ.વ.ત.) તેમનો રબ છે, મોહંમદ (સ.) તેમના પયગમ્બર છે અને મૌલા અલી (અ.) અમીરુલ મોમિનીન છે.</u>**

(સંદર્ભ : તફસીર અલ બુર્હાન, જિલ્દ–૨, પેજ–૪૭)

બીજી આવી જ એક હદીસનો ઉલ્લેખ ઈમામ જાફર સાદિક (અ.)ના હવાલાથી તફસીરિ અયાશીમાં કરવામાં આવ્યો છે. આ હદીસમાં

જણાવ્યા મુજબ ઈમામ (અ.)એ ફરમાવ્યું : "તેમની પાસેથી અલ્લાહના રબ હોવાની બાબતમાં અને પયગમ્બરે પાક (સ.)ની નબુવ્વતની બાબતમાં **અને અમીરુલ મોમિનીન (અ.) અને ઈમામો (અ.)ની ઈમામતનો** અહદ લેવામાં આવ્યો હતો. તેથી તેણે (અલ્લાહે) ફરમાવ્યું છે : "શું હું તમારો રબ, અને મોહંમદ (સ.) તમારા નબી અને અલી (અ.) તમારા ઈમામ, અને હિદાયતના ઈમામો (અ.) તમારા ઈમામો નથી ?" તેથી તેમણે કહ્યું, હા, બેશક અમે ગવાહી આપીએ છીએ. તેથી અલ્લાહ (સુ.વ.ત.)એ ફરમાવ્યું, "જો તમે કયામતના દિવસે એવું કહો – એટલે કે કદાચ તમે કયામતના દિવસે એવું કહી રહ્યા હો – અમે આનાથી અજાણ હતા."

(સંદર્ભ : તફસીરે અયાશી, ૭૪/૧૮૦:૧)

આદમ (અ.)ને 'સજ્દો' કરવાના પ્રસંગનું પૃથક્કરણ કરતી વખતે થોડાક એવા પ્રશ્નો હતા કે જેમને જવાબ આપ્યા વગર છોડી દેવામાં આવેલ છે. ઉપરની આયતની રોશનીમાં ચાલો આપણે એ પ્રશ્નોના જવાબો શોધવાનો પ્રયત્ન કરીએ. બધા જ પયગમ્બરો જો કે અલ્લાહે પોતે જ પસંદ કરેલા છે, તેમને પયગમ્બરી પર મબઊસ ફક્ત ત્યારે જ કરવામાં આવ્યા કે જ્યારે તેમણે **મૌલા અલી (અ.) ની વિલાયતનો** સ્વીકાર કર્યો. **અલ્લાહ (સુ.વ.ત.) એ માનવજાતથી, તેનો રબ તરીકે સ્વીકાર કરવાનો, પયગમ્બરે પાક (સ.)ને તેમના પયગમ્બર તરીકે અને મૌલા અલી (અ.) અને તેમના વંશના અગિયાર ઈમામોને તેમના પેશવા તરીકે સ્વીકાર કરવાનો અહદ લીધો.** આનો અર્થ એવો થાય છે કે એવું ઈમાન કે જે માત્ર અલ્લાહ (સુ.વ.ત.)માં જ માને છે અને પયગમ્બરે પાક (સ.) અને મૌલા અલી (અ.) અને ઈમામો (અ.)નો ઈન્કાર કરે છે તે એવી બાબત નથી કે જે અલ્લાહ (સુ.વ.ત.) આપણી પાસે ઈચ્છે છે અને હું માનું છું કે આ જ સંદેશ તે આદમ (અ.) ના 'સજ્દા'ના પ્રસંગથી રજૂ કરવાની ઈચ્છા રાખે છે. **વધુમાં એવો અર્થ પણ થાય છે કે અલી (અ.)ની વિલાયત વગરનું ઈમાન એવું અસ્વીકૃત ઈમાન છે કે જે એને મળતું આવે છે કે જે શયતાન ધરાવતો હતો.**

અલ્લાહ (સુ.વ.ત.)એ પયગમ્બરો પાસેથી એકરાર લીધો અને મૌલા અલી (અ.)ની વિલાયતનો સ્વીકાર કરવાનો અહદ આદમ (અ.) ની ઓલાદની રૂહોથી લીધો. અને તેણે વધુમાં એવો જ સંદેશ પયગમ્બરે પાક (સ.) દ્વારા પાઠવ્યો કે જેનો ઉલ્લેખ નીચેની આયતમાં કરવામાં આવ્યો છે કે રખેને આપણે ભૂલી જઈએ:

● *"અય રસૂલ ! **જે હુકમ તમારા પરવરદિગાર તરફથી તમારા પર નાઝિલ કરવામાં આવ્યો છે તેને પહોંચાડી દો** અને **અગર તમે એવું ન કર્યું તો સમજી લો કે તમે તેનો કોઈ પયગામ પહોંચાડ્યો જ નથી** અને તમે ડરો નહીં, અલ્લાહ તમને લોકોના શરથી સુરક્ષિત રાખશે અને **અલ્લાહ કદાપિ કાફિરોની કોમને મંઝિલે મકસૂદ સુધી નથી પહોંચાડતો.**"*

(સૂરા માએદા, આયત–૬૭)

ઉપરની આયતમાં અલ્લાહ (સુ.વ.ત.) પોતાના તાકીદી હુકમનો સંદર્ભ આપે છે કે જે પયગમ્બરે પાક (સ.)ને પહોંચાડવાનો હુકમ કરવામાં આવ્યો છે. અલ્લાહ (સુ.વ.ત.) વધુમાં પયગમ્બરે પાક (સ.)નો ઉલ્લેખ કરે છે કે જો તમે હુકમ ન

પહોંચાડ્યો તો એવું માનવામાં આવશે કે જાણે તમે (પયગમ્બરે પાક (સ.)એ) અલ્લાહનો કોઈ પયગામ ઉમ્મતને પહોંચાડ્યો જ નથી. આનાથી તો આ સંદેશો **પયગમ્બરે પાક (સ.)ની નબુવ્વતની સૌથી અગત્યની બાબત** બનાવી દે છે. તો કયો હતો તે સંદેશ ?

ઉપરની આયત નાઝિલ થયા પછી લગભગ **૧,૨૦,૦૦૦ હજયાત્રીઓ**ના વિશાળ સમૂહની સામે ગદીરે ખુમમાં પયગમ્બરે પાક (સ.)એ હઝરત અલી (અ.)ને ઊંચા કર્યા અને જાહેરાત કરી, **"મન કુન્તો મૌલાહો ફ હાઝા અલીય્યુન મૌલા"** અને આની સાથે જ **અલ્લાહ (સુ.વ.ત.)એ હઝરત અલી (અ.)ને** ઉમ્મત ઉપર **પયગમ્બર (સ.)ના જાનશીન અને વલી (સરપરસ્ત)** નિયુકત કરી દીધા. (સંદર્ભ : દુર્રે મન્સૂર, જિલ્દ–૨, પેજ–૨૯૮, ઈજિપ્ત, તફસીરે ફતહુલ ગદીર, જિલ્દ–૨, પેજ–૬૦ ઈજિપ્ત, તફસીરે ફતહુલ બયાન જિલ્દ–૩, પેજ–૮૯, ઈજિપ્ત, તફસીર મઝહરી, જિલ્દ–૩, પેજ–૩૫૩, દારુલ ઈશા'ત કરાંચી, સવાએકે મોહર્રકા, પેજ–૪૦ અને ૧૨૦, સનને તિરમિઝી, જિલ્દ–૨, પેજ–૨૯૮ અને ઘણી બધી)

ચાલો આપણે અહીં, ફરિશ્તાઓએ આદમ (અ.)ની આગળ કરવામાં આવેલ સજ્દાના પ્રસંગને ગદીરે ખુમના પ્રસંગ સાથે સરખાવીએ, જેવો કે ઉપરની આયતમાં સંદર્ભ આપવામાં આવ્યો છે. બન્ને પ્રસંગો વિશાળ મેળાવડાનો ઉલ્લેખ કરે છે.

પહેલા પ્રસંગમાં **ઈમાનદાર ફરિશ્તાઓ અને એક જિનનો મેળાવડો** છે જ્યારે બીજા પ્રસંગમાં **ધર્મનિષ્ઠ મુસલમાનો અને હજયાત્રીઓનો મેળાવડો છે.** આયત (સૂરા બકરા, આયત–૩૪) કે જે આદમ (અ.)ને કરેલા સજ્દાના પ્રસંગનો સંદર્ભ આપે છે તે જણાવે છે કે **ઈબ્લીસ બિનઈમાનદાર (કાફિર) બની ગયો** કેમકે તેણે આદમ (અ.)ની આગળ ઝુકી ન જઈને અલ્લાહ (સુ.વ.ત.)ની નાફરમાની કરી જ્યારે કે ઉપરની આયત (સૂરા માએદા, આયત–૬૭) આવા વિધાનની સાથે સમાપ્ત થાય છે, **"અલ્લાહ કાફિરોની કોમને હિદાયત કરતો નથી."**

જો આપણે બન્ને આયતો ઉપર વિચાર કરીએ તો આપણે એવું અનુમાન કરી શકીએ છીએ કે જિન કે જે અર્શ ઉપર ફરિશ્તાઓની સાથે ઈબાદત કરતો આવ્યો હતો તે આદમ (અ.)ની આગળ ન ઝુકીને કાફિર બની ગયો, એવી જ રીતે **અલ્લાહ (સુ.વ.ત.) હજયાત્રીઓને અને ધર્મનિષ્ઠ મુસલમાનોને ગુમરાહ થયેલા અને કાફિર લોકો સમજી લેશે જો તેઓ "મન કુન્તો મૌલાહો ફ હાઝા અલીય્યુન મૌલા"ના પયગામને નહીં અનુસરે તો.**

આ વિભાગનું આપણે અંતિમ સમાપન કરીએ તે પહેલાં ચાલો બીજી એક સરખામણી આ બે પ્રસંગો વચ્ચેની જોઈએ. સૂરા હિજ્ર, આયત–૩૪ કે જેનો અગાઉના વિભાગમાં ઉલ્લેખ થઈ ગયો છે, તેમાં અલ્લાહ તઆલાએ શયતાનને બહિષ્કૃત કર્યો અને જન્નતમાંથી તેને તેની નાફરમાનીના કારણે બહાર હાંકી કાઢ્યો. હવે આની રોશનીમાં નીચેની આયત જોઈએ :

● ***"એક માગવાવાળાએ કાફિરો માટે થવાવાળા અઝાબની માગણી કરી કે જેને કોઈ ટાળી શકતું***

*નથી જે દર્જાવાળા અલ્લાહ તરફથી (થવાવાળો) હતો."*

(સૂરા મે'રાજ, આયત–૧ થી ૩)

ઉપરની આયત નાઝિલ થવા વિષે સલા'બી પોતાની તફસીરમાં હારિસ ઈબ્ને નો'માન ફેહરી નામના એક માણસનો ઉલ્લેખ કરે છે કે જેણે મૌલા અલી (અ.)ને જાનશીન નિયુક્ત કરવા પર સવાલ ઉઠાવ્યો હતો. તેણે કહ્યું, **"આપે અમારી પાસે બે ગવાહીઓ (ઈલાહીની અને નબુવ્વતની) માગી, અમે (ગવાહી) આપી. આપે અમારા ઉપર નમાઝો, ઝકાત અને હજ વાજિબ કરી, અમે તેનો સ્વીકાર કરી લીધો. હવે આપ તમારા પિત્રાઈ ભાઈ અલી (અ.)ને અમારા મૌલા તરીકે નિયુક્ત કરવાનો ઈરાદો રાખો છો** એવું જાહેર કરીને કે "જેનો હું મૌલા છું તેના આ અલી પણ મૌલા છે." **શું આ જાહેરાત આપના તરફથી છે કે પછી ઈલાહી હુકમ છે ?**" રસૂલલ્લાહ (સ)એ ફરમાવ્યું :

**"કસમ છે એ અલ્લાહની કે જેના સિવાય બીજો કોઈ માઅબૂદ નથી, આ હુકમ બેશક ઈલાહી તરફનો હતો."**

આ સાંભળીને હારિસ ઊભો થયો અને પોતાના ઊંટ તરફ જતાં જતાં બબડવા લાગ્યો, **"યા અલ્લાહ ! જો આ હુકમ તારા તરફથી હોય તો મારા ઉપર પથ્થરનો અઝાબ વરસાવીને મને સજા કર."** તેણે હજુ તો પોતાનું વાક્ય ભાગ્યે જ પૂરું કર્યું હશે તેવામાં **આકાશમાંથી એક પથ્થર પડ્યો અને તેને મોતને હવાલે કરી દીધો.** આ ન્યાય ઉપર કુરઆનની આયત નાઝિલ થઈ. ***"એક માગનારે તેના ઉપર અઝાબ થાય તેવી માગણી કરી."***

(સંદર્ભ : તફસીરે સલા'બી)

સૂરા હિજ્રની આયત નં.૩૪ને ઉપરની આયત સાથે સરખાવતાં આપણે એવું અનુમાન કરી શકીએ કે શયતાન કે જેણે અલ્લાહ (સુ.વ.ત.)ના હુકમની નાફરમાની કરી હતી અને આદમ (અ.)ની આગળ ઝુકયો ન હતો તેને બહિષ્કૃત સમજવામાં આવ્યો હતો અને જન્નતમાંથી બહાર ફેંકી દેવામાં આવ્યો હતો. એવી જ રીતે હારિસ ઈબ્ને નો'માન ફેહરીએ અલ્લાહ (સુ.વ.ત.)ના હુકમની નાફરમાની કરી અને મૌલા અલી (અ.)ને પોતાના મૌલા તરીકે ન માન્યા તો અલ્લાહ (સુ.વ.ત.) દ્વારા તેને શિક્ષા કરવામાં આવી.

અને આપણે આપણા ઉપરના અનુમાનને આપણા વહાલા ઈમામ રઝા (અ.)ની નીચેની હદીસની રોશનીમાં પ્રમાણભૂત બનાવી શકીએ છીએ. ઈમામ (અ.)એ ફરમાવ્યું, "ગદીરે ખુમમાં **ઈમામ અલી (અ.)ની વિલાયત આદમ (અ.)ના સજ્દાની સમકક્ષ હતી,** જે લોકોએ તેનો સ્વીકાર કર્યો તેઓ ફરિશ્તાઓ કરતાં બેહતર હતા જ્યારે <u>**જે લોકોએ તેમનો અસ્વીકાર કર્યો તેઓ ઈબ્લીસ કરતાં ય વધારે બદતર હતા.**</u>

(સંદર્ભ : અવાલિમ, જિલ્દ–૧૫, પેજ–૨૨૪)

➡ આ રીતે આપણે સમાપન કરીએ કે **'ગદીરે ખુમ'નો પ્રસંગ એવો બંધનકર્તા છે કે જે ઈમાન સંબંધી આપણા બધા જ પ્રશ્નોને સ્પષ્ટ કરી નાખે છે.**

અલ્લાહ (સુ.વ.ત.)ની વહદાનિયતને સાચી

રીતે સમજવા માટે કોઈ પણ મોમિન માટે મૌલા અલી (અ.)ની વિલાયતમાં ઈમાન ધરાવવું સૌથી અગત્યની બાબત છે. અલ્લાહ (સુ.વ.ત.)એ આ માટે બાકીના બધા પયગમ્બરોથી એકરાર લીધો હતો. તેણે આદમ (અ.)ની ઓલાદની રૂહોથી પણ આ માટે અહદ લીધો હતો અને આને આપણા પયગમ્બર (સ.) દ્વારા ઉમ્મતને પહોંચાડવાનો સૌથી અગત્યનો સંદેશ બનાવી દીધો હતો. **<u>આદમ (અ.)નો સજ્દો આ રીતે તો અલ્લાહ દ્વારા નક્કી કરેલું માનવજાત માટે મૌલા અલી (અ.)ની વિલાયતના મહત્ત્વને સમજવા માટે દૃષ્ટાંત હતું.</u>**

અત્યાર સુધીની આ ચર્ચા જુદી જુદી આયતો ઉપરના આપણા ચિંતનમનનના પરિણામ તરીકે વધારે નિર્ણાયક હતું. આપણા તારણને સમર્થન આપવાના હેતુથી ચાલો આપણે એ આયતો જોઈએ કે જે આપણા જીવનમાં જે સીધેસીધી મૌલા અલી (અ.)ની વિલાયતનું મહત્ત્વ દર્શાવે છે :

● *"અય ઈમાનદારો ! તમારા **વાલી (માલિક, સરપરસ્ત)** તો બસ આ જ છે **અલ્લાહ**, તેનો **રસૂલ** અને **એ મોમિનો** કે જે પાબંદીથી નમાઝ અદા કરે છે **<u>અને રુકૂઅની હાલતમાં ઝકાત આપે છે.</u>**" "અને જેણે અલ્લાહ અને રસૂલ, અને **તે ઈમાનદારોને પોતાના સરપરસ્ત બનાવી લીધા તો તે અલ્લાહના લશ્કરમાં આવી ગયો** અને એમાં શંકા નથી કે **અલ્લાહનું જ લશ્કર વિજયી રહે છે.**"*

(સૂરા માએદા, આયત–૫૫–૫૬)

ઉપરની આયતો મુજબ, જો આપણે અલ્લાહ (સુ.વ.ત.)ના વિજયી લશ્કરમાં શામેલ થવા માગતા હોઈએ તો અલ્લાહ (સુ.વ.ત.)ના **પસંદ કરેલા એ મોમિનની** વિલાયતમાં ઈમાન ધરાવતા હોવાની અપેક્ષા રાખવામાં આવે છે કે જેણે રુકૂઅની હાલતમાં ઝકાત આપી હતી અને તેની સાથે પયગમ્બરે પાક (સ.)ની અને અલ્લાહ (સુ.વ.ત.) ની વિલાયતમાં પણ.

ઉપરની આયત ત્યારે નાઝિલ થઈ કે જ્યારે **'અમીરુલ મોમિનીન'** મૌલા અલીએ પોતાની વીંટી ભિખારીને તે સમયે આપી કે જ્યારે આપ રુકૂઅમાં ઝુકેલા હતા. (સંદર્ભ : ઈમામ નસાઈ સહીહે નસાઈમાં, અલજમા બૈનુલ સિહાહુલ સિત્તાહ, સ'લાબી)

અલ્લાહ (સુ.વ.ત.) ઉપરની આયતમાં આ રીતે સમર્થન આપે છે કે અલ્લાહ પોતે અને પયગમ્બરે પાક (સ.)ની સાથે **<u>મૌલા અલી (અ.)</u>** આપણા **<u>સરપરસ્ત અને વાલી છે અને અલ્લાહના વિજયી લશ્કરમાં હોવા માટે આપણે તેમને અનુસરવાની જરૂર છે.</u>**

જે રીતે કોઈ દુભાષિયો જુદા જુદા દેશના બે સરકારી અમલદારોની વાતચીતને સરળ બનાવે છે તેવી જ રીતે આપણા અને અલ્લાહ (સુ.વ.ત.)ની વચ્ચે મૌલા અલી (અ.)ની હાજરી સર્વશક્તિમાન અલ્લાહના ઈલાહી સંદેશને સમજવો સહેલો બનાવી દે છે અને આપણી નજાતને આસાન બનાવી દે છે. પયગમ્બરે પાક (સ.)એ અલ્લાહ (સુ.વ.ત.)થી મૌલા અલી (અ.)ની નિસ્બત વિષે નીચે મુજબ ફરમાવ્યું છે :

● "મનુષ્યોમાં માત્ર **<u>અલી (અ.) જ એવા છે કે જે અલ્લાહને સૌથી સારી રીતે ઓળખે છે.</u>**"

(સંદર્ભ : કન્ઝુલ ઉમ્માલમાંથી લીધેલ,

બહામશ અલ મસ્નદ, જિલ્દ–૫, પેજ–૩૨)

મૌલા અલી (અ.) અલ્લાહને સૌથી સારી રીતે ઓળખે છે અને તેથી જ જો આપણે તેમની પૈરવી કરીશું તો આપણે અલ્લાહના ઈલાહી પયગામને સમજવા શકિતમાન બનીશું. તેથી જ તો પયગમ્બર (સ.)એ વધુમાં આપણને મૌલા અલી (અ.)ની હિદાયત મુજબ અનુસરવાનો હુકમ આપ્યો છે, જો આપણે પયગમ્બર (સ.)ને હૌઝે કૌસર પણ મળવાની ઈચ્છા ધરાવતા હોઈએ તો, જેવી રીતે કે નીચેની હદીસમાં ઉલ્લેખ કરેલા છે :

● "અલી **<u>તમારા હાદી</u>** છે અને તમારે બધાએ હૌઝે કૌસર પર મારી પાસે આવવાનું છે..."

(સંદર્ભ : કન્ઝુલ ઉમ્માલ, જિલ્દ–૨, પેજ–૩૫૦)

અને આપણા જીવનમાં 'વિલાયત'ના મહત્ત્વ વિષે આપણા વહાલા ઈમામ બાકિર (અ.)એ ફરમાવ્યું છે :

● "**<u>સર્વશકિતમાન અલ્લાહે અલી (અ.)ને તેના અને તેના સર્જનો વચ્ચે એક અલમ (ઝંડો) બનાવ્યા છે.</u>** તેથી **જે કોઈ તેમની માઅરેફત ધરાવે છે તે મોમિન છે;** જે કોઈ તેમનો ઈન્કાર કરે છે તે કાફિર; **જે કોઈ તેમની માઅરેફત ધરાવતો નથી તે ગુમરાહ છે;** જે કોઈ એમની સાથે સાથે બીજી બાબતોમાં ઈમાન ધરાવે છે તે મુશરિક છે અને **<u>જે કોઈ તેમની વિલાયત (ઈલાહી હિદાયત)માં માને છે તે ચોકકસ જન્નતમાં દાખલ થશે.</u>** (સંદર્ભ : અલ કાફી, જિલ્દ–૧, પેજ–૪૩૭, અલ બિહાર, જિલ્દ–૩૨, પેજ–૩૬૪, અમાલી અલ તૂસી, પેજ–૪૮૭, હિલત અલ અબરાર, જિલ્દ–૨, પેજ–૪૨૨, અલ હદાઈક અલ નાદિરા, જિલ્દ–૧૮, પેજ–૧૪૮, કમાલ અલ દીન, પેજ–૪૧૨)

➡ આ રીતે મૌલા અલી (અ.) આપણા અને અલ્લાહ (સુ.વ.ત.) વચ્ચેના દુભાષિયા છે. તેમની વિલાયત દ્વારા આપણને સાચા અર્થમાં અલ્લાહની વહદાનિયત સમજાય છે અને તે આપણી નજાત માટેનો સિધ્ધાંત (બોધ) છે.

આ લેખમાં આપણે આદમ (અ.)ના સજ્દાની ચર્ચા કરી છે જેથી આપણે મૌલા અલી (અ.)ની વિલાયતને સમજી શકીએ, પરંતુ હવે આપણે ઈમામ હસન અસ્કરી (અ.)ની હદીસ જોઈશું કે જે સીધે સીધે તે બન્નેને જોડે છે. ઈમામ (અ.) પોતાની તફસીરમાં ફરમાવે છે :

"જ્યારે સર્વશકિતમાન અલ્લાહે આદમ (અ.)નું સર્જન કર્યું તો તેણે તેમને બધી જ વસ્તુઓનાં નામ શિખવાડ્યાં અને ફરિશ્તાઓની સામે તેમને રજૂ કર્યાં. તેણે **<u>મોહંમદ, અલી, ફાતેમા, અલ હસન અલ હુસૈન (અ.)ની પાંચ રૂહો (પંજેતન પાક) મૂકી.</u>** તેમના નૂરથી આસમાનની ક્ષિતિજો, અલ હોજોબ, જન્નતો, ખુરશી, અર્શ, ઝળહળી ઉઠ્યાં. **સર્વશકિતમાન અલ્લાહે ફરિશ્તાઓને તેની હમ્દોસનાના હેતુથી આદમની આગળ સજ્દો કરવાનો હુકમ કર્યો, કારણ કે તેમને આ રૂહોનું વાસણ બનાવવા પસંદગી કરી** હતી કે જેમનું નૂર બધી જ ક્ષિતિજો સુધી વિસ્તર્યું હતું. તેથી તેઓ બધા, સજ્દામાં પડી ગયા, સિવાય ઈબ્લીસ (શયતાન) કે જેણે અલ્લાહની મહાનતાની હમ્દ અને અમારા (અહલેબૈતના) નૂરનો ઈન્કાર કરી દીધો. બધા જ ફરિશ્તાઓ તેમની (નૂર) આગળ નમ્ર બની ગયા. પરંતુ **<u>તે ઘમંડની સાથે ઊભો રહ્યો</u>**

<u>અને એવું કરવાનો ઈન્કાર કર્યો અને તેના ઈન્કારના અને ઘમંડના કારણે, તે નાફરમાનોમાંનો એક હતો."</u>

(સંદર્ભ : તફસીર, અલ ઈમામ અલ અસ્કરી, પેજ–૨૧૯, બિહારુલ અન્વાર, જિલ્દ–૨૬, પેજ–૩૨૬, તા'વીલ અલ આયતુલ ઝહીરા, જિલ્દ–૧, પેજ–૪૪, કસસુલ અંબિયા, પેજ–૪૩, લિસાનુલ મિઝાન, જિલ્દ–૩, પેજ–૩૪૬)

ઇબ્લીસ કાફિર બની ગયો કેમકે તે ઘમંડથી ઊભો રહ્યો અને પંજેતન પાક (અ.)ની રૂહોની સામે સજ્દો કરવાનો ઈન્કારી બન્યો કે જે (રૂહોને) આદમ (અ.)માં મૂકવામાં આવી હતી. આમ પંજેતન પાક (અ.)ની વિલાયતના ઈન્કારે તેણે અલ્લાહ (સુ.વ.ત.)નો ગઝબ વહોરી લીધો. તેને સજા કરવામાં આવી અને તેણે જન્નત ગુમાવ્યું. આ રીતે મૌલા અલી (અ.) અને તેમના વંશના ૧૧ ઈમામોની વિલાયત જ આપણા ઈમાનની સુરક્ષા છે અને તે બાબત અલ્લાહની રહેમત કમાવવામાં આપણને મદદ કરે છે.

➡ તેથી ચાલો આપણે સૈયદ કામરાનહુસૈન જાફરી દ્વારા લખેલી આ સુંદર પંક્તિઓથી સમાપન કરીએ કે જે મારા સંદેશનું પણ સમાપન કરે છે કે જે હું આ લેખ દ્વારા આપવા ઈચ્છતો હતો :

**નઝર કી જબ દરે હૈદર પે તો માલૂમ હુઆ,**
**યેહી વો દર હૈ જહાં કુલ કે મદદગાર મિલે.**

**હૈ જો ભી પાયા ઈસી દર સે હી તો પાયા હૈ,**
**હમેં ખુદા ભી મિલા, અહમદે મુખ્તાર મિલે.**


મો. સાદિકઅલી આર. ભોરણીયા
(રસુલપુર ખે.)મો.99244 18243

મો.આબિદઅલી ડી. સુથાર
(શેખપુર ખે.)મો.9898435809

**કામરાન એક્રેલીક**
**& L.E.D. સાઈન બોર્ડ**




- એક્રેલીક બોક્સ લેટર સાઇન બોર્ડ
- L.E.D. સાઇન બોર્ડ
- ઓપન L.E.D. સાઇન બોર્ડ
- ક્લીયર એક્રેલીક સાઇન બોર્ડ
- A.C.P. લેટર સાઇન બોર્ડ
- સ્ટીલ લેટર સાઇન બોર્ડ
- રેડીયમ સાઇન બોર્ડ
- વિનાઇલ & ફ્લેક્સ સાઇન બોર્ડ
- ચેનલ સાઇન બોર્ડ

હોટલ દુકાનને લગતા દરેક પ્રકારના સાઈન બોર્ડ અને L.E.D.નુ કામ કરી આપવામા આવશે

ઓફીસઃ ન્યુ ચીરાગ L.E.D. હાઉસ બસ સ્ટેન્ડ પાસે વડનગર

Email ; newchiragled@gmail.com

મોમીન અકબરઅલી આર. સુથાર
મો. ૯૭૨૫૩ ૬૧૬૫૧

ગુણવત્તા અને કિંમતનો સુમેળ

મોમીન અહેસાનઅલી એસ. માણસીયા
મોમીન આશીકઅલી આર. શેરસીયા

ગ્રાહકનો સંતોષ એજ અમારો નફો...

ECOPLY™
★ PLY ★ BOARD ★ DOOR

# તૂબા

## પ્લાયવુડ એન્ડ હાર્ડવેર



**પ્લાયવુડ, સનમાઇકા, ફેન્સી હેલડ્રાફ, હેન્ડલ, મીજાગરા, ફેવીકોલ, ફર્નિચર તથા બંગ્લોઝ, ઓફીસ, દુકાન અને હોટલને લગતી તમામ ફેન્સી હાર્ડવેર આઇટમ વ્યાજબી ભાવે મળશે.**

હોટલ તેમજ રેસ્ટોરન્ટ જેવા પ્રોજેકટમાં પ્લાયવુડ, હાર્ડવેર, ફલસ ડોર પ્રોજેક્ટ ભાવ થી કરી આપવામાં આવશે.

**ડીવાઈન પ્લાઝા, બસ સ્ટેશનની સામે, વડનગર. મો. ૯૮૨૫૨૮૭૬૫૨**

**તૂબા ફોમ ફર્નીર્શીંગ**
આધૂનીક ઢબના સોફા, ગાદલા, મેટ્રેસ કવર તથા વોલ પેપરનુ કામ કરી આપનાર
મોમીન હસનઅલી મો. ૯૬૬૨૫૭૧૬૬૪, મોમીન કાસમઅલી મો. ૯૬૬૨૧૬૪૧૦૯

હવે આપણા વડનગર શહેરમાં સેનેટરી એન્ડ કલર્સનો સૌ પ્રથમ અધતન શો-રૂમ...

ગુણવત્તા અને કિંમતનો સુમેળ એટલે

# ફુરાત

## સેનેટરી & કલર્સ



**કોમ્પ્યુટરાઈઝડ કલર સેડ, પી.વી.સી.પાઈપ, ફીટીંગ્સ, બાથરૂમ એસેસરીઝ તેમજ સેનેટરીવેરના વહેપારી.**

હોટલ તેમજ રેસ્ટોરન્ટ જેવા પ્રોજેકટમાં કલર્સ, સેનેટરી, બાથરૂમ ફીટીંગ્સ પ્રોજેક્ટ ભાવ થી કરી આપવામાં આવશે.

Dealer

asianpaints

PRINCE

ASTRAL
Where INNOVATION Flows

Graffiti
The Bath Ware

મોમીન બ્રધર્સ

# નમાઝ : અલ્લાહ તરફથી માનવજાતને અમૂલ્ય ભેટ

સંકલન : જનાબ સૈયદ ઓવેસએહમદ જાફરી સાહેબ

બંદાનો અલ્લાહ સાથે સૌથી ઉત્તમ પ્રકારનો કરાર નમાઝ છે કે જે તેની બંદગી, શુક્રગુઝારી અને આજ્ઞાપાલનનું પ્રમાણ છે. નમાઝ વગર ઈમાન અપૂર્ણ છે. કુરઆનમાં ઘણી બધી આયતોમાં નમાઝની તાકીદ કરવામાં આવી છે. કુરઆનમાં નમાઝ માટે 'સલાત' શબ્દ વાપરવામાં આવ્યો છે જેનો અર્થ સાવધાની અપનાવવી અને ઈબાદત એમ થાય છે. દા.ત., સૂરા તાહાની આયત નં. ૧૪માં અલ્લાહ કહે છે,

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

اِنَّنِیۡۤ اَنَا اللّٰهُ لَاۤ اِلٰهَ اِلَّاۤ اَنَا فَاعۡبُدۡنِیۡ ۙ وَ اَقِمِ الصَّلٰوۃَ لِذِكۡرِیۡ ﴿۱۴﴾

*(ખરેખર હું અલ્લાહ છું - મારા સિવાય કોઈ મા'બૂદ નથી તેથી મારી ઈબાદત કરો અને મારી યાદ માટે નમાઝ પઢતા રહો.)*

અલ્લાહે નમાઝ માટે એવો હુકમ આપ્યો છે કે જંગના સમયમાં યુધ્ધના મેદાનમાં પણ નમાઝ પઢવાની તાકીદ કરવામાં આવી છે અને માંદગીમાં પણ ઈશારાથી નમાઝ પઢવાનો હુકમ છે.

અલ્લાહ મહાન શક્તિશાળી અને સર્વવ્યાપી છે તે અતિભવ્ય અને કાદિરેમુત્લક છે અને તે તેની મખ્લૂકની ઈબાદતો અને દુઆઓથી બેનિયાઝ છે (મોહતાજ નથી). અલ્લાહના હુકમના પાલનમાં ફક્ત અને ફક્ત બંદાને જ લાભ છે. નમાઝ બંદાની રૂહાની આવશ્યકતાઓ પૂરી કરવાનું એક ઉત્તમ સાધન છે. આપણે તે સમજવું જોઈએ કે જેટલા પ્રમાણમાં પણ આપણે ઈબાદતો કરીએ છીએ તે અલ્લાહની અસંખ્ય નેઅમતો અને અગણિત મહેરબાનીઓ આગળ કંઈ જ નથી. આ મોટાભાગના લોકોએ અનુભવેલી એક સ્પષ્ટ હકીકત છે કે નિયમિતરીતે દિવસમાં નમાઝો પઢવાની ટેવ અપનાવવાથી મનને શાંતિ અને સુકૂન મળે છે. રસૂલ (સ.) નમાઝને પોતાની આંખો માટે સફરજન સાથે સરખાવતા હતા અને કહેતા હતા,

"દરેક બાબતની એક છબી હોય છે અને દીનની છબી નમાઝ છે તેથી આ છબીની સારસંભાળ લેતા રહેવાના પ્રયત્નો કરો."

જ્યારે નમાઝનો સમય નજીક આવતો ત્યારે રસૂલલ્લાહ (સ.) તેમના હબસી સહાબીને પોકારીને કહેતા,

"અય બિલાલ ! અમારા મન શાંત કરો."

અમુક બિનમુસ્લિમ વિચારકોનું પણ માનવું છે કે નમાઝ બંદાના ઈમાન અને મનોબળમાં વધારો કરે છે અને વ્યક્તિને વાસનાઓ અને નિમ્નસ્તરની માનસિકતાથી બચાવે છે. અલબત્ત જેટલી તન્મયતાથી ઈબાદત કરવામાં આવે છે તેટલો જ તેનો લાભ વધારે મળે છે. નમાઝ ઈબાદત અને દુઆનો સૌથી ઉત્તમ પ્રકાર છે. તે બંદાને ખાલિકની સાથે જોડતી એક મજબૂત કડી છે. આ ઈબાદતના પ્રતાપે અનેક નેઅમતો પ્રાપ્ત થાય છે અને એક

સ્વસ્થ વ્યક્તિત્વનું નિર્માણ થાય છે. સૂરા હૂદની આયત નં. ૧૧૪માં આપણને જોવા મળે છે.

وَأَقِمِ الصَّلٰوةَ طَرَفَيِ النَّهَارِ وَزُلَفًا مِّنَ الَّيْلِ ۚ اِنَّ الْحَسَنٰتِ يُذْهِبْنَ السَّيِّاٰتِ ۚ ذٰلِكَ ذِكْرٰى لِلذّٰكِرِيْنَ ﴿١١٤﴾

*(દિવસના બન્ને છેડાઓના સમયે નમાઝ પઢવાનું અપનાવો, અને રાત્રીના શરૂઆતના સમયમાં પણ નમાઝ પઢતા રહો, ખરેખર નેકીઓ ગુનાહોને ભૂસી નાખે છે અને આ એક સમજદાર વ્યક્તિ માટે ચેતવણી સમાન છે.)*

આમ નમાઝ ઈસ્લામનો આધારસ્થંભ છે તેથી નમાઝ ઉપર લોકોએ ખાસ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ કારણ કે આધારસ્થંભની મજબૂતી વગર આખી ઈમારત કપરા સમયમાં પડી ભાંગે છે. નમાઝ દરમિયાન રુકૂઅ, સજ્દા જેવા અરકાનો બંદાના નફસને સ્વચ્છ અને પાક કરે છે. નમાઝ અલ્લાહ તરફ આગળ વધવા માટે પ્રથમ પગલું છે.

એવું વર્ણન જોવા મળે છે કે જ્યારે આદમ (અ.) અને બીબી હવ્વાને જન્નતમાંથી ધરતી ઉપર ઉતારવામાં આવ્યાં ત્યારે તેઓ લાંબા સમય સુધી રુદન કરતા રહ્યા અને પસ્તાવો કરીને અલ્લાહથી માફી તલબ કરવા લાગ્યા. છેવટે અલ્લાહે તેમની તરફ જિબ્રઈલને મોકલ્યા. જિબ્રઈલે તેમને કહ્યું,

"હું તમારા માટે મહાન બક્ષિસ કરનાર અલ્લાહ તરફથી એક ભેટ લાવ્યો છું અને તે ભેટ દિવસમાં પાંચ વખત નમાઝ પઢવાનો હુકમ છે."

બીજા દિવસે આદમ (અ.) અને બીબી હવ્વા સવારે નમાઝ પઢવા ઊભાં થયાં અને સંપૂર્ણ એકાગ્રતાથી નમાઝ અદા કરી. આ નમાઝની અસરથી તેમના દિલમાં શાંતિનો સંચાર થયો. ખરેખર આ ભેટ તેમના અને તેમની ભવિષ્યની ઓલાદો માટે એક કાયમી અમૂલ્ય ભેટ હતી.

આ ભેટ આપણા માટે અમૂલ્ય ત્યારે જ પૂરવાર થશે જ્યારે આપણે નમાઝમાં પઢવામાં આવતા દરેકે દરેક શબ્દોને સંપૂર્ણરીતે સમજીએ અને મનમાં ઉતારીને પઢતા રહીએ. નમાઝમાં કલામે પાક, દુરૂદ અને દુઆઓ બધું જ શામેલ છે.


**જાહેરાત માટે સંપર્ક**

જાફરી આવાઝમાં જાહેરાત આપવા માટે મો.એહસાનઅલી ભોવણીયાનો સંપર્ક કરવો.

મો. ૯૪૨૮૨૨૦૯૨૭

૯૪૨૮૫૪૨૯૮૭



મીકદાદઅલી

MO 99257 47592

(જેઠીપુરાવાળા)

**મંઝર ચશ્માઘર**

Manzar Optical

- નંબરના ચશ્મા
- બેલ્ટ
- ફેન્સી ગોગલ્સ
- પર્સ
- સનગ્લાસના ચશ્મા
- સ્પ્રે-અત્તર

L-5, આકાશગંગા કોમ્પલેક્ષ, નિરાલી બસ સ્ટેન્ડ રોડ, હિંમતનગર.

# ઈસ્લામ વિષેની સમજણ

(વિસ્તૃત તસ્વીર) (ભાગ–૧)

લેખક : ડૉ. ક્રિસ હેવર

*(આ લેખમાળાના લેખક ડૉ. ક્રિસ હેવર પોતે ઈસાઈ છે. લેખોની આ હારમાળા ડૉ. ક્રિસ હેવર અહલેબૈત ટી.વી. ઉપર ઈસ્લામ વિષેની સમજણ આપવાના કાર્યક્રમને સહયોગ આપવાના હેતુથી લખી રહ્યા છે. દરેક લેખ ટેલિવિઝન કાર્યક્રમની સાથે સુમેળ ધરાવે છે તેમ છતાં એકાદ લેખમાં વધારાની માહિતી મળશે. આ લેખોની વિશેષતા એ છે કે તેમાં કુરઆનના સંદર્ભો આપવામાં આવ્યા છે. આ કોર્સ પાછળનો હેતુ એ છે કે જો કોઈએ ઈસ્લામ વિષેની સમજ મેળવવી હોય તો તેની પ્રસ્તાવના આ લેખમાળા પૂરી પાડે છે. 'જાફરી આવાઝ' (માસિક)ના વાચકો પણ તેનો લાભ મેળવે તેવા હેતુથી અંગ્રેજીમાંથી ભાષાંતર કરીને પ્રસ્તુત કરવામાં આવેલ છે. વેબસાઈટનું નામ www.ahlulbayt.tv/understandingislam)*

**શરૂઆત કયાંથી કરવી ?**

દીને ઈસ્લામને સમજવાની શરૂઆત કરવા માટેનું સૌથી વધારે સ્પષ્ટ સ્થાન જો હોય તો તે છે પયગમ્બર મોહંમદ (સ.) કે જેઓ અરબ દ્વીપકલ્પની પશ્ચિમ દિશામાં આવેલ મક્કા શહેરમાં સંભવત: ઈ.સ. ૫૭૦માં જન્મ્યા હતા. આપ (સ.)એ ઈ.સ. ૬૧૦માં ફરમાવ્યું કે અલ્લાહ તઆલા તરફથી તેમના ઉપર કુરઆનની વહી આવવાની શરૂઆત થઈ ચૂકી છે, અને વહીનો આ સિલસિલો નાની આયતોના સ્વરૂપમાં છેક ઈ.સ. ૬૩૨માં, આપની વફાત થઈ ત્યાં સુધી ચાલુ રહ્યો હતો. ઈ.સ. ૬૨૨માં એક મોટો ફેરફાર ત્યારે થયો કે જ્યારે મોહંમદ (સ.) અને તેમની નાનકડી મુસલમાન જમાઅતે મક્કાથી આશરે ત્રણસો કિલો મિટર ઉત્તરે આવેલ એક બીજા શહેર તરફ હિજરત કરી કે જે ત્યાર પછી માત્ર 'મદીના' તરીકે જાણીતું બન્યું. ઈસ્લામના ઈતિહાસમાં હિજરતનો પ્રસંગ એટલો બધો અગત્યનો છે કે તેનાથી ઈસ્લામી કૅલેન્ડરની શરૂઆત થઈ. આને "હિજરતનું વર્ષ" (A.H.) કહેવામાં આવે છે. મોહંમદ (સ.)એ ઈ.સ. ૬૩૨માં તેમની વફાત થઈ ત્યાં સુધી પોતાના બાકીના જીવન માટે મદીનામાં રહેવાનું ચાલુ રાખ્યું.

આપણે જોઈ શકીએ છીએ કે આપણે મોહંમદ (સ.)ના જીવનને ત્રણ વિભાગોમાં વહેંચી શકીએ તેમ છીએ.

- પહેલો વિભાગ આપ (અ.)ની વિલાદતથી લઈને ઈ.સ. ૬૧૦માં આપના ઉપર કુરઆનની વહી આવવાનું શરૂ થયું ત્યાં સુધીનો છે.
- બીજો વિભાગ ઈ.સ. ૬૧૦ થી ઈ.સ. ૬૨૨ સુધીનો છે કે જે સમય દરમિયાન આપ (સ.) મક્કામાં હતા. આ સમયગાળા દરમિયાન મુસલમાનોની જમાઅત માત્ર ગણ્યા ગાંઠ્યા લોકોની હતી. મક્કાના લોકો દ્વારા તેમના ઉપર ત્રાસ ગુજારવામાં આવતો હતો કારણ કે મોહંમદ (સ.) જીવન જીવવાની એક નવી પધ્ધતિ અને નવી જ તાલીમ લઈને આવ્યા હતા. એ જમાનામાં અરબ લોકો ઘણા બુતોની પરસ્તિશ કરતા હતા, પરંતુ મોહંમદ (સ.)

એ તેમને એવી તાલીમ આપી કે અલ્લાહ તો માત્ર એક જ છે કે જેની મનુષ્યોએ ઈબાદત કરવી જોઈતી હતી અને એવી પણ તાલીમ આપી કે બીજા કોઈ પણ (ખુદાઓ)ની ઈબાદત કરવી નિરર્થક છે અને તેમણે આવી પરસ્તિશ કરવાનું છોડી દેવું જોઈએ. આપ (સ.)એ નીતિમય જીવન જીવવા પર, બધાની સાથેના વ્યવહારોમાં અને સંબંધોમાં ઈમાનદાર રહેવા ઉપર ખૂબ ભાર મૂકયો. ન્યાયપૂર્ણ જીવન જીવવું તે મુસલમાનોની જીવન પધ્ધતિની ગુણવત્તાનું પ્રતીક હતું. માણસે ન્યાય કરવાની જરૂર હોય છે ભલેને પછી તે તેના વિરુધ્ધ કેમ ન હોય. (કુરઆન–૪ : ૧૩૫) મોહંમદ (સ.)એ એવી પણ તાલીમ આપી કે આ (દુનિયાની) જિંદગી જ માત્ર કાફી નથી, પરંતુ આખેરતનું જીવન પણ છે. વળી દરેક માણસે અલ્લાહ તઆલાના અદ્લનો સામનો કરવો પડશે કે જે એવું નકકી કરશે કે માણસે કઇ જગ્યાએ અને કેવી રીતે (આખેરતમાં) જીવન જીવવાનું છે.

- ત્રીજો વિભાગ ઈ.સ. ૬૨૨માં મદીના તરફ હિજરત કર્યા પછી ઈ.સ. ૬૩૨માં મોહંમદ (સ.)ની વફાત સુધીનો છે. મુસ્લિમ કોમની મકકાની જિંદગી કરતાં મદીનાની જિંદગી તદ્દન જુદા જ પ્રકારની હતી. હવે તેઓ સ્થિર થયેલી કોમના હતા કે જે શહેરમાં બીજી ધાર્મિક માન્યતા ધરાવતા લોકો પણ રહેતા હતા ખાસ કરીને યહૂદીઓ તેમજ એવા લોકો કે જેઓ પરંપરાગત અરબ જીવન પધ્ધતિને અપનાવતા હતા. એ સમયે કુરઆનની જે આયતો નાઝિલ થઈ તે આયતોએ મોહંમદ (સ.)ને ઈલાહી છત્રછાયામાં જીવન પધ્ધતિને સ્થાપિત કરવામાં માર્ગદર્શન આપ્યું. મદીનાના એ સમયગાળાનો આપણે એવા ‘‘શહેરી ઈસ્લામી રાજ્ય’ તરીકે વિચાર કરી શકીએ કે જેમાં મોહંમદ (સ.) માત્ર એક રૂહાની હાદી જ નહોતા, પરંતુ કોમના એક રાજકીય પેશવા પણ હતા, (શરીઅત આધારિત) કાયદાઓની બાબતમાં અપીલ કરવાની અંતિમ અદાલત હતા અને જ્યારે તેમની જાતનું રક્ષણ કરવાની જરૂર ઊભી થતી ત્યારે તે એવા હતા કે તેઓ કોમના લોકોને હથિયારો સાથે બોલાવતા.

ઈતિહાસના આ મુદ્દાથી શરૂઆત કરવાનો પ્રશ્ન એ છે કે તે ઈસ્લામની વિસ્તૃત તસ્વીરોને વિકૃત કરી નાખે છે. મુસલમાનો કદીય એવો દાવો કરતા નથી કે મોહંમદ (સ.) અલ્લાહે મોકલેલા એક માત્ર પયગમ્બર છે, પરંતુ તેઓ તો છેલ્લા પયગમ્બર હતા. મોહંમદ (સ.)ના જમાના પહેલાં, હજારોની સંખ્યામાં પયગમ્બરો થઈ ગયા હતા. એવી જ રીતે મુસલમાનોએ કદી એવો દાવો કર્યો નથી કે કુરઆન જ એક માત્ર આસમાની કિતાબ હતી કે જેને અલ્લાહે નાઝિલ કરી હતી, પરંતુ એ કે તે છેલ્લી કિતાબ હતી. વળી બીજા પણ ઘણા સહીફા

### ગડમથલ નં.૨૬૦નો ઉકેલ

**<u>આડી ચાવીઓ:</u>** (૧) મોહસિન (૫) શહદ (૭) નઝાકત (૮) રજ્અત (૧૦) તકાઝા (૧૨) જબલ (૧૪) સબબ (૧૬) વલદ (૧૮) આબ (૧૯) કરાહત (૨૦) સર (૨૧) કફીલ (૨૨) મીનારા (૨૫) નર (૨૬) ઝૂલા (૨૭) કુરઆન **<u>ઊભી ચાવીઓ:</u>** (૧) મોહતરમ (૨) સિન (૩) નઝારત (૪) કતલ (૫) શહવત (૬) દરવાઝા (૯) અજબ (૧૧) કામિલ (૧૩) બરહક (૧૪) સબ (૧૫) બકર (૧૭) દખલ (૧૮) આલમીન (૨૦) સરા (૨૧) કબીર (૨૩) નાર (૨૪) બલા

હતા કે જે માનવજાતની અગાઉની પેઢીઓ ઉપર મોકલવામાં આવ્યા હતા. અહીંથી શરૂઆત કરવી તે જાણે કે કોઈ ડિટેક્ટીવ રોમાંચક કથાના છેલ્લા પ્રકરણથી શરૂઆત કરવા જેવું છે કે જેમાં માણસ કથાના અંતને જુએ છે પરંતુ કથાના વિષયવસ્તુને જોતો નથી. આપણે આ છેલ્લા પયગમ્બર તરફ અને વહી તરફ પાછા ફરવાની જરૂર છે તેમ છતાંય તે શરૂઆત કરવાનું સ્થાન નથી. આપણે આગળ વધીએ એ પહેલાં જરાક ધ્યાન આપીએ કે Makkaની જોડણી Mecca, અને Madinaની Medina અને વળી Qur'anની Koran પણ કરી શકાય છે. અમે અંગ્રેજી મૂળાક્ષરોનો ઉપયોગ કરીને અરબી શબ્દનો અવાજ બતાવવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ. (ક્રમશઃ)

(અંગ્રેજીમાંથી ગુજરાતીમાં અનુવાદિત)


**ધી વફાદાર ટૂર**

**હજ — ૨૦૧૪**
**અને**
**ઝિયારત — ૨૦૧૪**
**મોહર્રમ ઇરાન–ઇરાક**

જાફરઅલી ભટ્ટ ૯૯૯૮૮૯૭૭૨૦
બાકરઅલી ભટ્ટ ૯૯૯૮૮૨૨૧૨૧
હસનભાઈ ભટ્ટ ૯૯૭૯૯૯૧૭૭૯

ટેલીફેક્સ : ૦૦૯૧–૨૭૭૨–૨૪૩૧૦૬ (ઓ.)
૨૪૪૧૦૬ (રહે.)
Email : info@vafadar.in
vafadar_jafar@hotmail.com
Web site : www.vafadar.in
ઓફિસ : F.F. 30, સન કોમ્પલેક્ષ, મોતીપુરા, હિંમતનગર. સાબરકાંઠા, ગુજરાત



આબિદહુસૈન દાવડા (કાટવાડ)
મો. ૯૯૨૫૯ ૩૮૪૨૯



**સંગમ ડિઝલ્સ**



માઈકો, ડેલફાઈ ટીવીએસ તેમજ ટ્રેક્ટર, જીપ, રીક્ષાના દરેક પ્રકારના ડીઝલ પંપ તથા નોઝલનું સંતોષકારક કામ કરી આપનાર.

દુ. નં. ૪, ગોલ્ડન પ્લાઝા, નવી આર.ટી.ઓ. ઓફિસની બાજુમાં, બાયપાસ રોડ, હિંમતનગર

Zakir Hussain Y. Batti (Badarpur)
**98 79 66 20 66**

Aashiqali H. Momin (Dhroda)
**99 749 87 901**




PLASTIC CONTAINER | PACK LUCH TRAY | PACK LUCH COVER



PLASTIC SPOON | PLASTIC BAG | GARBAGE BAG



SILVER CONTAINER | Up Side Square & Owl Lid



SILVER FOIL | PAPER NAPKIN | TOOTHPICKS

**ALL TYPES OF RESTAURANT DISPOSABLE MATERIAL AVAILABLE**


# PERENNIAL PACKAGING

17, Aeroma Estate, B/h. Samrat Hotel, Nr. City Puls, Sarkhej Road,
Ahmedabad - 380055, Email : perennialpack@gmail.com

**Customer Care No.: 99 241 44 429, 99 798 68 429**

હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.) કૃત...

# મશાયખવાણી



## મક્તૂલનામા

● સત ગુરૂ પીર મશાયખ વાચા ●

### બયાન નં.૨૪

**સુનો યઝીદ તો મનમાં સોચ રે દેહંદા,**
**કે ઈમામસુ કીયા, દગેકા ફંદા.**

(હઝરત પીર મશાયખ બાવા (રહેમતુલ્લાહ અલૈહે) ફરમાવે છે કે એ પણ સાંભળો કે યઝીદે તેના મનમાં એવો વિચાર કર્યો કે તે ઈમામ હસન (અ.)ને દગાના ફંદામાં ફસાવીને મારી નાખે.)

**એક મક્કાર ઓરત, પેદા રે કીતી,**
**અને ઉસકુ લાલચ બોત રે દીતી.**

(યઝીદે એક મક્કાર-દગાબાજ સ્ત્રીને શોધી કાઢી અને તેને દગો કરવા માટે ખૂબ લાલચ આપી.)

**સો ઈમામ હસનકે, ડેરે ભેજાઈ,**
**અને ઓરતકે પાસ, ભેજી રે સુણાઈ.**

(યઝીદે તે સ્ત્રીને ઈમામ હસન (અ.)ના ઘેર મોકલી અને ઈમામ હસન (અ.)ની ઝૌજાની પાસે તેને મોકલી.)

**વે બુઝતી થી ઈમામકા, થોડા રે નેહા,**
**તો અફસોસ ઉસકુ, આવે રે કેહા.**

(ઈમામ હસન (અ.)ની તે ઝૌજા ઈમામ પ્રત્યે ખૂબ ઓછો પ્રેમ રાખતી હતી. તો પછી આવી સ્ત્રીને ઈમામ સાથે દગો કરવાનો અફસોસ શાનો થાય ?)

**વે મક્કાર તો આઈ, ઉસ ઓરતકે પાસા,**
**સો દગેસુ ફિરાને કેરી રે આશા.**

(યઝીદે મોકલેલી પેલી મક્કાર સ્ત્રી દગાથી ફેરવી નાખવા માટે ઈમામ હસન (અ.)ની ઝૌજાની પાસે આવી.)

**આવ યઝીદકા પયગામ ઉસ બીબીકું પોચાયા,**
**ઉસ બીબી કેરા જીવ, આને લલચાયા.**

(પેલી મક્કાર સ્ત્રીએ તે બીબીને યઝીદનો પયગામ પહોંચાડ્યો અને તેણે આપેલી લાલચથી તે સ્ત્રીનો જીવ લલચાયો.)

**કે દોલત ઈમામુકી, અબ આખર રે હુઈ,**
**યું યઝીદને બાત, કેલાઈ સહી.**

(યઝીદે તે સ્ત્રીને કહેવડાવ્યું કે હવે ઈમામ હસન (અ.) પાસે ધનદોલત સમાપ્ત થઈ ગઈ છે.)

**અબ દોલત તો મુજકુ હુઈ બાદશાહી,**
**યું મક્કાર કે હાથ, બાત યઝીદે કેલાહી.**

(યઝીદે પેલી મક્કાર ઓરત દ્વારા કહેવડાવ્યું કે હવે બાદશાહી મને મળી છે તેથી બધી દોલત મારા હાથ લાગી છે.)

**જો ઈમામ હસનકુ, તું કતલ રે કરાવે,**
**તુજે નિકા માંહે લાઉં, દલ મેરા યું ચાવે.**

(યઝીદે કહેવડાવ્યું કે જો તું ઈમામ હસન (અ.)ને કતલ કરી નાખે તો હું તારી સાથે નિકાહ કરી લઉં એવું મારું દિલ ચાહે છે.)

**યું યઝીદે કેલાઈ, ઉસ બીબીકું બાતી,**
**ઉને રાજી હો કબૂલી, આપ રે જાતી.**

(આ રીતે યઝીદે તે સ્ત્રી સુધી પોતાની વાત કહેવડાવી અને તે સ્ત્રી તે કામ કરવા માટે પોતે જ રાજી અને કબૂલ થઈ ગઈ.)

**યું મક્કાર આવકર, ઉસ બીબીકુ ફેરાઈ,**
**એક તલ ભી ચંતા, મન એતી ન આઈ.**

**-: રે તુહી. :-**

(આ રીતે તે મક્કાર સ્ત્રીએ આવીને ઈમામ (અ.)ની ઝૌજાને ફેરવી નાખી અને તેણીને અલ્લાહનો જરા જેટલો પણ ડર ન લાગ્યો.)

**મક્કાર પોચી આવકર,**
**ઈમામ હસન કે બાર, ઈમામ હસન કે બાર;**
**મક્કાર જાનો ભરી મકરૂ,**
**નાંહીં ઉસકા કુછ શુમાર રે, નાંહીં ઉસકા કુછ શુમાર.**

(પેલી મક્કાર સ્ત્રી ઈમામ હસન (અ.)ના ઘરના બારણે પહોંચી ગઈ. જે મક્કાર હોય, દગાબાજ હોય તે મકરથી ભરેલી હોય છે તેનો કોઈ શુમાર - હિસાબ હોતો નથી.)

### બયાન નં.૨૫

ભાષા : બરહા

**દેખોને મક્કાર આવકર, મકરૂકા કિયા છંદ રે,**
**ઓરત આવને ઘરમાં, ફીરી તો કહીં કર ફંદ રે.**

(હઝરત પીર મશાયખ બાવા (રહેમતુલ્લાહ અલૈહે) ફરમાવે છે કે પેલી મક્કાર સ્ત્રીએ આવીને તે સ્ત્રીને કેવી દગાના રવાડે ચડાવી દીધી. તે સ્ત્રી ઘરમાં આવી અને પેલી સ્ત્રી ફંદામાં ફસાઈ ગઈ.)

**બુઢ્ઢી તો થી મક્કાર જાનો, મકર ભરી થી જાત રે,**
**આઈ હોને ભલી આદમી, શબકો કબુલી બાત રે.**

(પેલી ઘરડી સ્ત્રી મક્કાર હતી અને તેની જાત દગાબાજીથી ભરેલી હતી. ભલાઈ કરનાર વ્યક્તિ તરીકે આવી અને તે રાત્રે તે સ્ત્રીએ તેની વાત કબૂલ કરી લીધી.)

**પેઠી તો કહી મકરૂ સહી, ઘર માંહે ધરીયા પગ રે,**
**અનંત કહી મક્કર થી, એક એક ઉસકા ડગ રે.**

(પેલી સ્ત્રી દગો કરવાના આશયથી ઘરમાં પેઠી અને તેણે ઈમામના ઘરમાં પગ મૂક્યો. તે મકરથી ભરેલી હતી. તેનું એકે એક ડગલું દગાથી ભરેલું હતું.)

**નાકિસ* અક્કલ ઓરત સહી, ઉસકુ મલીએ જાય રે,**
**ઓરતને સુની સહી, બાત તો સારી મન માંય રે.**

(સ્ત્રીની જાત અધૂરી અક્કલવાળી હોય છે. તે સ્ત્રી તેને મળી. તેની વાત સાંભળી તો તે વાતને તેણે મનમાં સાચી માની લીધી.)

**સુનો જ્યું શયતાન જાય કર, પેઠા થા બેહિશ્કે માંહી રે,**
**કેસે છંદુ જા પેઠીયા, બુઝા કેનીને નાંહી રે.**

(તમે સાંભળો કે શયતાન કેવી રીતે જન્નતની અંદર પેસી ગયો હતો. કેવી ચાલાકીથી તે પેઠો હતો અને તેની ખબર પણ કોઈને પડી ન હતી.)

**શયતાન બુઢ્ઢી જાત કર, ગયા હવ્વાકે પાસ રે,**
**કહીં કહીં મકર બાંધ કર, ફરેબ દેને આસ રે,**

(શયતાન એક ઘરડા માણસનું રૂપ ધારણ કરીને બીબી હવ્વાની પાસે ગયો હતો. અને તેમને ફરેબ આપવા માટે કેવી કેવી મકરની વાતો કરી હતી.)

**હવ્વાને આપ છેતરાય કર, ખાયા ગેહૂ જાન રે,**
**આદમ તો છેતરાઈએ, એ બાત સહી માન રે.**

(બીબી હવ્વાએ છેતરાઈ જઈને ઘઉં ખાઈ લીધા અને સાથે સાથે આદમ (અ.) પણ છેતરાઈ ગયા. આ વાતને તમે સાચી માનજો.)

**ઓરત થી વે છેતરાઈએ, આદમ જેસી જાત રે,**
**તો બેહિશ્ત ગઈ હાથથી, સાચી સહી એ બાત રે.**

[*નાકિસ=અધૂરી]

(એક સ્ત્રી દ્વારા હઝરત આદમ (અ.) જેવા નબી પણ છેતરાઈ ગયા. તેમના હાથમાંથી બેહિશ્ત છૂટી ગઈ હતી. આ વાતને તમે સાચી માનજો.)

**ત્યું વે મક્કાર આવકર, ઘરમાં ઈમામકે ગહી રે,**
**ઓર ફેરાઈ જાએ કર, એ ખબર સાચી સહી રે.**

(એવી જ રીતે પેલી મક્કાર ઓરત પણ ઈમામ હસન (અ.)ના ઘરમાં ગઈ અને તેમની ઝૌજાને ફેરવી નાખી. આ ખબર સાચી છે.)

**નાકિસ અક્કલ હે ઓરતાં, કબૂલ કીતી બાત રે,**
**મારનેકા સોચ દલમાં કીયા, ઈમામ જેસી જાત રે,**

(સ્ત્રીઓ અધૂરી અક્કલવાળી હોય છે. તેથી તે સ્ત્રીએ વાત કબૂલ કરી લીધી અને પોતાના દિલમાં ઈમામ હસન (અ.) જેવી પાક હસ્તીને મારી નાખવાનો વિચાર કરી દીધો.)


**બેસ્ટ ઈલેક્ટ્રીકલ**

::::::::: **ઓર્થોરાઈઝ ડીલર** :::::::::

**વાયર કેબલ** : જેનશન, પોલિકેબ, ફિનોલેક્સ, દર્શન, આર આર, રૂબિકોન
**એમ.સી.બી.** : ઈન્ડો એશિયન, એલ એન્ડ ટી, બિનટેક્સ, એચ.પી.એલ.
**મોટર પમ્પ** : હિતેશ, કિલોસ્કર, કોમ્પટ્રન, સર્જન
**લાઈટીંગ** : કોમ્પટ્રન, હેવલ્સ, ફિલિપ્સ, ઓસરામ, હેનોલેક્સ
**ઈલેક્ટ્રીક એસેસરીઝ** : હાઈફાઈ, ઓલવીન, પોઈન્ડર, વન્ડર, એન્કર

**ઈલેક્ટ્રીકને લગતો તમામ માલ સામાન મળશે**

**૯૯૯૮૧૮૫૭૦૭ મહેદીહુસૈન મોમિન**
**૯૯૭૯૨૬૦૫૯૭ બાકરઅલી મોમિન**

**૧૩, ધનરાજ કોમ્પલેક્ષ, અંબિકા પેટ્રોલ પંપની સામે, પ્રકાશ ઓટોની બાજુમાં, ઉજાલા સર્કલ, સરખેજ, અમદાવાદ.**

દુકાન
૯૦૩૩૧૨૭૪૪૦

આબિદઅલી મુખી
૯૯૭૯૦૮૮૦૧૮

**યાદગાર હોજીયરી**
**એન્ડ કટલરી સ્ટોર્સ**
(વાઘરોલવાળા)

અમારે ત્યાં હોટલના કટલરી સ્ટોર્સ પર વેચાતી તમામ હોઝીયરી વેરાયટી મળશે.
નાઈટ પેન્ટ, ટી શર્ટ, કેપરી, બનીયાન, ટુવાલ, અંડરવેર, હાથરૂ માલ, પગમોજા, સોલાપુરી ચાદર, લુંગી, ગમછા, પીળા ડસ્ટર, નેપકીન, મફલર, અશોકા રૂમાલ, જોકી અંડરવેર, જોકી બનીયાન, ગરમ બ્લેન્કેટ, ગરમ ટોપી, વગેરે વેરાયટી હોલસેલ ભાવે મળશે.

અમારો હેતુ સમાજના હિતમાં છે અને હંમેશાં રહેશે.

**જુમ્આ મસ્જિદની સામે, બગડીયા માર્કેટ, પહેલા માળે, સન્માન હોટલની બાજુમાં, ગાંધી રોડ (કુવારા), અમદાવાદ-૩૮૦૦૦૧**

# કુરઆને મજીદના
# સૂરાઓનો પરિચય

**સૂરા નં.૮૪** **સૂરા ઇન્શેકાક**

૨૫ (પચ્ચીસ) આયતો ધરાવતો આ સૂરો મક્કામાં નાઝિલ થયેલો હોવાથી મક્કી સૂરો છે.

**જ્યારે આસમાન ફાટી જશે. (૧)**

**અને પોતાના પરવરદિગારની આજ્ઞા બજાવી લાવશે અને તે (તેમ કરવાને) બંધાયેલું છે. (૨)**

**અને જ્યારે ભૂમિને ખેંચી તાણીને પહોળી કરવામાં આવશે. (૩)**

**અને તેમાં જે કાંઈ છે તે, તે કાઢીને ફેંકી દેશે અને તે ખાલી થઈ જશે. (૪)**

**અને પોતાના માલિકની આજ્ઞા બજાવશે અને તે (તેમ કરવાને) બંધાયેલી છે (ત્યારે કયામત આવી લાગશે). (૫)**

اِذَا السَّمَآءُ انْشَقَّتْ કયામતની નિશાનીઓનું વર્ણન છે અને 'ઈન્શેકાક'નો અર્થ છે ફેલાઈને ફાટી જવું.

وَاَذِنَتْ આનો અર્થ છે આજ્ઞા માનવી એટલે કે અલ્લાહના હુકમની તાબેદારી કરતાં ફાટી જશે.

وَحُقَّتْ એટલે કે આસમાન માટે યોગ્ય છે કે ખુદાના હુકમની વગર આનાકાનીએ ઈતાઅત કરવી.

જમીનને ફેલાવી દેવામાં આવશે એટલે કે એમાં કોઈ ઊંચ-નીચ નહીં હોય એટલે સુધી કે પહાડ, ટેકરાઓ વગેરેના ભુક્કા કરી નાખવામાં આવશે અને જમીન બિલકુલ સપાટ મેદાન થઈ જશે અને તેના માટે ખુદાનો હુકમ માનવો હક છે.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **અય ઈન્સાન ! બેશક તું સખત વૈતરૂં કરતો કરતો તારા પરવરદિગાર તરફ ચાલ્યો જાય છે, તો અહીં સુધી કે તું તેને જઈ મળશે. (૬)**

**પછી જે શખ્સને તેની કરણીનો લેખ તેના જમણા હાથમાં આપવામાં આવશે. (૭)**

**તો તેનાથી આગળ જતાં હિસાબ પણ સહેલાઈથી લેવામાં આવશે. (૮)**

**અને તે પોતાના બાલબચ્ચાં પાસે ખુશખુશાલ પાછો ફરી આવશે. (૯)**

**અને તે કે જેની કરણીનો લેખ તેની પીઠ પાછળથી આપવામાં આવશે. (૧૦)**

**તો તે આખરે પોતાનો વિનાશ ઈચ્છશે. (૧૧)**

يٰٓاَيُّهَا الْاِنْسَانُ તમામ ઈન્સાનોને સંબોધન છે. તમો તમારા આમાલ અને કરણીની સાથે તમારા રબની સમક્ષ રજૂ થશો અને અમલ કરવા માટે જે તકલીફ તમોએ ઊપાડી છે તેનો બદલો જરૂર મળશે. અહીં અલ્લાહની મુલાકાતનો અર્થ પોતાના આમાલના બદલાને પહોંચવું તે છે.

જે લોકોની નેકીનું પલ્લું ભારે હશે અથવા જે લોકો તોબા કરી ચૂકયા હશે તેમના આમાલ જમણા

હાથમાં હશે અને તેમને હિસાબની સખ્તીથી બચાવી લેવામાં આવશે અને તેઓ જન્નતી મકાનોમાં પોતાની હૂરો સાથે બહુ જ ખુશીની સાથે આવશે, જ્યારે જહન્નમીઓનો જમણો હાથ ગરદનથી બાંધેલો હશે અને ડાબો હાથ પીઠની પાછળ હશે અને તેમના ડાબા હાથમાં તેમનું આમાલનામું આપવામાં આવશે અને તેઓ હાય અફસોસ, હાય હલાકત, હાય હું મરી રહ્યો છું એમ કહેતા હશે.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **અને ભડભડતી આગમાં દાખલ થશે. (૧૨)**

**કારણ કે બેશક તે (દુનિયામાં) પોતાના બાલબચ્ચાં વચ્ચે ખુશ રહેતો હતો. (૧૩)**

**બેશક તે એમ ધારી બેઠો હતો કે તે હરગિઝ પાછો ફરીને નહીં આવે. (૧૪)**

**અલબત્ત (તે પાછો ફરશે) બેશક તેનો પરવરદિગાર તેને હંમેશાં જોતો હતો. (૧૫)**

**માટે હું કસમ ખાઉં છું શફક (સંધ્યા સમયે આકાશ પર દેખાતી રતાશ)ની). (૧૬)**

**અને રાતની તે વસ્તુઓની કે જે તે (રાત્રી) ભેગી કરી લે છે. (૧૭)**

**અને ચંદ્રમાની જ્યારે કે તે પરિપૂર્ણ થઈ જાય છે. (૧૮)**

**ખચીત જ તમે એક સ્થિતિ બાદ બીજી સ્થિતિએ પહોંચશો. (૧૯)**

مَسۡرُوۡرًا (ખુશ) કાફર લોકો દુનિયામાં ખુશ રહે છે કારણ કે તેઓ દુનિયાને જ પોતાનું રહેણાંક માને છે અને આખેરતની ફિક્રને વિસરી ગયા છે જ્યારે મોમિનો દુનિયામાં ગમગીન રહે છે કારણ કે તેમને આખેરતની ફિકર રહે છે અને તેથી જ હદીસમાં છે કે "દુનિયા મોમિન માટે કેદખાનું છે અને કાફરો માટે જન્નત".

રાતનું આગમન દરેક વસ્તુને પોતાના સ્થળે પાછી લાવે છે અને તેથી મુરાદ દરેક જાનદારની કસમ છે અથવા એ કે રાતના તારાઓ દેખાય છે જે દિવસે નથી દેખાતા, શકય છે કે સિતારાઓની કસમ પણ મુરાદ હોય.


طَبَقًا નો અર્થ એક હાલતથી બીજી હાલતમાં બદલાઈ જશે અથવા તો ક્રમવાર તમારી પ્રગતિ છે. કેટલાક કહે છે કે શબે મેઅરાજના એ સંબોધન થયું હતું કે ક્રમવાર આગળ વધો અથવા આમ મોમિનોને સંબોધન થયું હતું કે ક્રમવાર આગળ વધો અથવા આમ મોમિનોને સંબોધન છે કે એક પછી એક આખેરતની મંઝિલો પસાર કરશો અને શકય છે કે તમામ ઈન્સાનોને સંબોધન હોય કે તમારે દુનિયામાં ક્રમવાર આગળ વધવાનું છે. મોત પછી જીવન, ફરી મોત, બરઝખ, કયામત, હિસાબ, વગેરે અથવા નરમી, સખ્તી, સુખ, દુ:ખ, તંદુરસ્તી, બીમારીના દરજ્જા મુરાદ છે. શકય છે કે ઈન્સાનના જન્મની ક્રમવાર વિગતો મુરાદ હોય જેમકે નુત્ફામાંથી માંસ, હાડકાં, ગોશ્ત, વગેરેમાં પરિવર્તન થયું એટલે સુધી કે ઈન્સાન બચપણથી જવાનીમાં અને જવાનીથી ઘડપણ તરફ જાય એટલે સુધી કે છેવટે મૃત્યુ પામે.

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી વર્ણન છે કે જેથી મુરાદ એ છે કે જે કંઈ બનાવ પહેલાંના જમાનામાં બન્યા છે તે તમારા જમાનામાં પણ થશે અને પહેલાંના લોકો જે રીતે હતા તે જ રીતે તમે

પણ ચાલશો. હઝરત રસૂલે ખુદા (સ.) ફરમાવે છે કે આપ શબે મેઅરાજ વખતે જ્યારે મંઝિલે કાબ–કૌસેન પર પહોંચ્યા ત્યારે પરવરદિગારે ફરમાવ્યું, અય મોહંમદ ! (સ.) જમીન ઉપર પાછા પહોંચીને અલી (અ.)ને મારા સલામ કહેજો અને એમ પણ કહેજો કે હું તેને દોસ્ત રાખું છું અને જે પણ તેમનાથી મોહબ્બત રાખે છે હું તેને દોસ્ત છું કેમકે મને અલી (અ.)થી મોહબ્બત છે એટલે મેં તેમનું નામ પણ મારા નામ ઉપરથી રાખ્યું છે કે હું અલીએ અઝીમ છું અને તે અલી (અ.) છે અને હું મહેમૂદ છું અને તમે મોહંમદ (સ.) છો અને અગર કોઈ શખ્સ ૯૫૦ વરસ ઈબાદત કરે એટલે કે હઝરત નૂહ (અ.)ની ઉંમરની બરાબર ઈબાદત કરે અને દિવસે કયામતના મારી સમક્ષ હાજર થાય તો તેની તે તમામ ઈબાદત મારી નજીક અલી (અ.)ની નેકીની બરાબર હશે.


**રક્ષણ ફેબ્રીકેશન ગૃપ**

ગ્રીન હાઉસ, ખેતર, પ્લોટ, વાડી, વગેરેની ફેન્સીંગ જાળી અને ફેન્સીંગ તારની વાડનું કામ માલસામાન સાથે સંતોષકારક રીતે કરી આપવામાં આવશે.

**સંપર્ક**

મહંમદઅલી વી. ગોદડ – ૯૫૫૮૯૦૦૯૭૦

સાજીદઅલી એમ. ગોદડ – ૯૪૨૭૩૬૫૧૪૭

૯૬૬૨૦૯૫૫૮૮

**મુ.પો. હરિપુરા, પો.અરોડા, તા. ઇડર, જી.સાબરકાંઠા.**



આબિદઅલી 98793 97529

ગુલામઅલી 98798 52727

**અમીટી ટ્રેડર્સ**

UltraTech CEMENT The Engineer's Choice

Binani Industries Limited

ખીલાસરી, એંગલ, ચેનલ, પાટાપટ્ટી, લોખંડની પાઈપ, સિમેન્ટની વિવિધ ડિઝાઈનની જાળીઓ તમામ પ્રકારના થાંભલા નાની મોટી સિમેન્ટની ટાંકીઓ, બારી બારણાની ફ્રેમ, કોટાસ્ટોન, સિમેન્ટનાં પતરાં તથા ગેલ્વે. પતરાં, કપચી તેમજ મકાનના બાંધકામને લગતી તમામ આઈટમો છુટક તથા હોલસેલના વહેપારી.

**ઉમરૂ ચાર રસ્તા, મકતબા જાફરીયાની સામે, કાકોશી રોડ, તા. સિધ્ધપુર.**

હલ્કા ઈર્ફાને અહલેબૈત, મક્તબા જાફરીયા

# ખુત્બો : સત્ય-જૂઠ વિષે

૧૬

પ્રસ્તુતકર્તા : મોલ્વી હસનઅલી શરાફતઅલી મોમિન (કઠોરવાળા)

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

اَلۡحَمۡدُ لِلّٰهِ رَبِّ الۡعَالَمِيۡنَ وَالصَّلٰوةُ وَالسَّلَامُ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهِ الطَّيِّبِيۡنَ

અલ્લાહ તઆલા કુરઆને મજીદમાં ફરમાવે છે :

સૂરા બકરા, સૂરા-૨, આયત-૪૨

وَلَا تَلۡبِسُوا الۡحَقَّ بِالۡبَاطِلِ وَتَكۡتُمُوا الۡحَقَّ وَاَنۡتُمۡ تَعۡلَمُوۡنَ ﴿۴۲﴾

*(અને સત્યને અસત્યની સાથે ભેળવી નાખો નહીં, અને સત્ય જાણી જોઈને સંતાડો નહીં.)*

આ આયતમાં અલ્લાહ કહે છે કે તમે જે સત્ય છે તેને જૂઠની સાથે ન ભેળવો કારણ કે તે ગુનો છે અને આપણને ખબર છે કે જૂઠ બોલવું ગુનો છે, તો આપણે કદી પણ સત્યને સંતાડવું જોઈએ નહીં.

અલ્લાહ તઆલા સૂરા આલે ઈમરાન, સૂરા-૩, આયત-૬૧માં ફરમાવે છે :

...لَّعۡنَتَ اللّٰهِ عَلَى الۡكٰذِبِيۡنَ ﴿۶۱﴾

*(...અને જુઠ્ઠું બોલનારાઓ પર અલ્લાહની લા'નત થાય.)*

અલ્લાહ તઆલા આ આયતમાં જૂઠ્ઠાને તો લા'નતના પાત્ર ગણે જ છે, એ પણ ખુદ અલ્લાહ તઆલા પોતે જૂઠ બોલનાર ઉપર લા'નત મોકલે છે.

અલ્લાહ પોતાની કલામે પાકમાં વધુમાં ફરમાવે છે :

સૂરા ઝોમર, સૂરા-૩૯, આયત-૩

...اِنَّ اللّٰهَ لَا يَهۡدِىۡ مَنۡ هُوَ كٰذِبٌ كَفَّارٌ ﴿۳﴾

*(બેશક ખુદા જુઠ્ઠા અને ખૂબ જ નાશુક્રા માણસની હિદાયત કરતો નથી.)*

જુઠ્ઠા લોકોની અલ્લાહ હિદાયત પણ કરતો નથી, તો જેની હિદાયત અલ્લાહ ન કરે તો વિચાર કરો, તે માણસથી હાલત કેવી થશે. જો આપણે આ હરામ કાર્ય કરતા હોઈએ તો હંમેશાં તેનાથી દૂર રહેવું જોઈએ અને જો તેનાથી વેગળા ન થઈએ તો અલ્લાહ આપણને સન્માર્ગ નહીં દેખાડે. જુઠ્ઠું બોલવું એટલે ઈમાનદાર ન હોવું. અલ્લાહ આપણને હુકમ કરે છે કે કદી પણ જુઠ્ઠું ન બોલવું જોઈએ. જુઠ્ઠું બોલવું હરામ છે. આપણે મોટું જૂઠ બોલીએ કે નાનું, જાણી જોઈને બોલીએ કે મજાક મશ્કરીમાં, તે દરેક રીતે હરામ છે.

રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે કે, "જુઠ્ઠા માણસની મિત્રતાથી ચેતતા રહો કારણ કે તે મૃગજળની

માફક છે કે જે દૂરની વસ્તુને નજીક લઈ આવે છે અને નજીકની વસ્તુને તમારાથી દૂર કરી દે છે."

અલ્લાહના રસૂલ (સ.) આપણને ફક્ત જૂઠ બોલવાનું જ નહીં, પણ જુઠ્ઠા મિત્રની સાથે રહેતાં પણ રોકે છે કારણ કે તે મૃગજળ જેવો છે. તેની નજીક કંઈ હોતું નથી એટલે કે તેની વાતોમાં કોઈ હકીકત હોતી નથી અને જે હકીકત છે તે તેની પાસે હોતી નથી એટલા જ માટે તે આપણને અડચણરૂપ બને છે.

એક બીજી હદીસમાં ઈમામ મોહંમદ બાકિર (અ.)એ ફરમાવ્યું છે કે, "અલ્લાહે બદીને તાળામાં બંધ રાખી છે અને તેના તાળાની ચાવી શરાબ છે કારણ કે શરાબ પીવાથી માણસની બુધ્ધિ જતી રહે છે અને છેવટે તે બદી કરે છે, પરંતુ જુઠ્ઠું બોલવું તે શરાબ કરતાં પણ મોટી બદી છે. શરાબના કારણે માણસની બુધ્ધિ જતી રહે છે અને તે અજાણ્યામાં બીજાઓને નુકસાન પહોંચાડે છે, પરંતુ જુઠ્ઠું બોલનારો તો બદી જાણી જોઈને કરે છે. (અલ-કાફી)

આ હદીસથી આપણને એ પણ જાણવા મળે છે કે જૂઠ બોલનાર માણસ પોતે તો નુકસાનમાં છે જ, પણ તેના કારણે બીજાને પણ નુકસાન આપે છે. જો આપણને જૂઠ બોલવાની ટેવ હોય તો આપણે મોમિન રહેતા નથી એટલે કે જ્યાં સુધી આપણે જૂઠનો સહારો લઈશું. તો હદીસમાં છે કે રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે કે, "જો કોઈ માણસને જૂઠ્ઠું બોલવાની ટેવ હોય તો જ્યાં સુધી તે પોતાની ટેવને છોડી નહીં દે ત્યાં સુધી તે મુનાફિક છે." (મુસ્તદરક વસાએલ)

એક દિવસ એક માણસ રસૂલલ્લાહ (સ.)ની પાસે આવ્યો અને કહેવા લાગ્યો, "યા રસૂલલ્લાહ (સ.) મને ઘણી કુટેવો છે. હું મારી કઈ કુટેવને પહેલાં છોડી દઉં ?" રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું કે, "પહેલાં જુઠ્ઠું બોલવાનું છોડી દો અને હંમેશાં સાચું બોલતા રહો." પેલા માણસે વાયદો કર્યો કે હવેથી કદીય જુઠ્ઠું નહીં બોલું અને ઘેર ચાલ્યો ગયો.

એક રાતે તે ચોરી કરવા જવા માટે તૈયાર થયો, પરંતુ બહાર નીકળતાં પહેલાં તેને રસૂલલ્લાહ (સ.)ની નસીહત અને પોતાનો વાયદો યાદ આવ્યો. તે વિચારવા લાગ્યો કે જો કાલે મને રસૂલલ્લાહ (સ.) પૂછશે કે તું રાત્રે ક્યાં ગયો હતો ? તો હું શું જવાબ આપીશ ? હું એમ કહીશ કે હું ચોરી કરવા ગયો હતો ? ના, આવું મારાથી ના કહેવાય, પરંતુ મારાથી જુઠ્ઠું પણ નહીં બોલાય અને જો હું સાચું કહીશ તો બધા મારાથી નફરત કરશે અને મને ચોર કહેશે. મને ચોરીની સજા થશે એટલે તે માણસ રાત્રે ચોરી કરવા ન ગયો અને તેની ચોરીની કુટેવ છૂટી ગઈ. બીજા દિવસે તેની ઈચ્છા શરાબ પીવાની થઈ. તે શરાબ પીવા જઈ રહેલો હતો કે તેણે વિચાર કર્યો કે જો રસૂલલ્લાહ (સ.) મને પૂછશે કે તેં સવારે ઊઠીને શું કર્યું ? તો હું શું જવાબ આપીશ? હું જૂઠ્ઠું ન બોલી શકું અને જો હું સાચું કહી દઈશ તો લોકો મારાથી નફરત કરશે કારણ કે મુસલમાન ઉપર શરાબ હરામ છે એટલે તેણે શરાબ પીવાનું છોડી દીધું. આવી રીતે જ્યારે પણ પેલા માણસે કંઈક ખોટું કાર્ય કરવાનું વિચાર્યું તો તેને રસૂલલ્લાહ (સ.)ની સાચું બોલતા રહેવાની નસીહત યાદ આવી. પછી તો તેની બધી કુટેવો છૂટી ગઈ અને તે એક સારો મુસલમાન અને સારો માણસ બની ગયો એટલે જુઠ્ઠું બોલવાનું

છોડી દેવાના કારણે તેણે બીજા બધા ગુનાઓ પણ છોડી દીધા.

આ કિસ્સાથી આપણે જાણ્યું કે તે માણસે પોતાની કુટેવો કેવી રીતે છોડી. ફક્ત જૂઠ બોલવાનું છોડી દેવાથી કેટલાય હરામ કામો છૂટી ગયાં, તો આના ઉપરથી આપણે સબક લેવો જોઈએ કે જો સાચું બોલવાની આદત પાડી દઈએ તો તેના લીધે બીજા ખરાબ કામોથી બચી જઈએ અને આવી ટેવ છોડી દઈને તેના કરતાં સારી ટેવ અપનાવો જેમકે,

રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે કે, "જૂઠાણાને છોડી દો અને સાચું બોલવાને તમારી ટેવ બનાવી દો."

અગર જો જૂઠ બોલવાની ટેવ હશે તો આપણી યાદશકિત ઓછી થઈ જશે અને આફતોમાં ગિરફતાર થઈ જઈશું. આપણે સહજ રીતે વિચાર કરીએ કે આપણી યાદશકિત ઓછી હોય તો શું થાય ? સૌથી પહેલાં તો માણસ પોતે જ તેનાં કામો સારી રીતે અદા ન કરી શકે અને વાત વાતમાં તે પોતાની આબરૂ ખોઈ બેસશે. કદી પણ કોઈ ખાસ કારણ વગર જૂઠ બોલવું ન જોઈએ. આથી જ્યારે માણસ જૂઠ બોલે છે અને ભૂલી જાય છે કે તે જૂઠ બોલ્યો હતો તો પછી એનું જૂઠ પકડાઈ જાય છે અને તે બદનામ થઈ જાય છે, પરંતુ પોતાની બદનામી છુપાવાની કોશિશમાં જૂઠ પર જૂઠ બોલે છે. આ રીતે તેની ખૂબ જ બદનામી થાય છે.

આપણી પાસે સચ્ચાઈથી દૂર થઈ જવાનું કોઈ બહાનું ન હોવું જોઈએ. જો આપણે પોતાની લેવડદેવડમાં સાચા હોઈએ અને આપણી પાસે છુપાવવા જેવું કંઈ નથી તો પછી આપણે ડર રાખ્યા વગર સાચું બોલવું જોઈએ. કુરઆને મજીદમાં આપણે અગાઉ જોઈ ગયા એ આયત મુજબ અલ્લાહ આપણને સાચું બોલવાની અને સત્યને ન છુપાવાની શીખ આપે છે.

એક રિવાયતમાં લખ્યું છે કે, એક માણસ રસૂલલ્લાહ (સ.)ની સેવામાં હાજર થયો અને પૂછ્યું, "યા રસૂલલ્લાહ ! દોઝખીઓનો કિરદાર કેવો છે." આપે ફરમાવ્યું, "જુઠ્ઠું બોલવું, કેમકે જ્યારે કોઈ માણસ જુઠ્ઠું બોલે છે તો તે સત્યથી દૂર થઈ જાય છે અને જ્યારે કોઈ સત્યથી દૂર થઈ જાય છે તો કાફર થઈ જાય છે અને જ્યારે કાફર થઈ જાય છે તો દોઝખમાં દાખલ થઈ જાય છે."

એક બીજી હદીસમાં આપ (સ.)એ ફરમાવ્યું કે, "જ્યારે કોઈ મોમિન કોઈ કારણ વગર જુઠ્ઠું બોલે છે ત્યારે ૭૦ હજાર ફરિશ્તા તેના પર લા'નત કરે છે અને તેના અંતરમાંથી ઉઠતી દુર્ગંધ અર્શ સુધી પહોંચે છે."

(મુસ્તદરક વસાએલ)

એક અન્ય હદીસમાં મૌલા અલી (અ.)નું ફરમાન છે કે, "ઈન્સાન ત્યાં સુધી ઈમાનની મજા માણી શકતો નથી કે જ્યાં સુધી તે જૂઠને છોડી ન દે, ચાહે તે હસી મજાકમાં હોય કે જાણી બૂઝીને. (ઉસૂલે કાફી)

બિરાદરાને મોમિનીન ! આપણે સાંભળ્યું કે જૂઠ બોલવાથી શું શું થાય છે એટલે સુધી કે ઈન્સાન ઈમાનની મજા પણ માણી શકતો નથી. જો આપણે સાચું બોલીએ તો પરવરદિગારના દરબારમાં તેનો શું બદલો છે તે જાણીએ. રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે કે, "હું જમાનત આપું છું કે જન્નતમાં ઊંચા દરજ્જા પર એક ઘર દરેક એવા માણસને અપાવીશ કે જે લડાઈ-ઝઘડાથી દૂર રહે, ભલેને તે હક પર હોય

અને જન્નતની વચ્ચેના દરજ્જામાં એક ઘર દરેક એવા માણસને અપાવીશ કે જે જૂઠથી દૂર રહે, ભલેને તે મજાકમાં કેમ ન હોય અને જન્નતના બાગમાં એક ઘર દરેક એવા માણસને અપાવીશ કે જે સારા અખ્લાકવાળો હોય.

બિરાદરાને મોમિનીન ! આપણે જાણી ચૂકયા કે જૂઠથી બચનારને અલ્લાહ કેવો બદલો આપે છે. જો આપણને જુઠ્ઠું બોલવાની ટેવ હશે તો આપણને ખબર પણ નહીં પડે અને આપણે જુઠ્ઠું બોલી નાખીશું અને જો આપણા પરિવારની સાથે, મિત્રોની સાથે અને જેને મળીએ તેની સાથે જુઠ્ઠું બોલતા રહીશું, પછી એક દિવસ એવો આવશે કે આપણે પોતાની જ જુઠ્ઠી વાતોમાં ફસાઈ જઈશું અને બહાર નીકળવાનો રસ્તો નહીં મળે.

જૂઠ બોલવાની બીમારીનો ઈલાજ એ છે કે જુઠ્ઠું બોલવાની બૂરાઈથી કેવાં નુકસાન થાય છે એ સમજી લેવું અને તેના થકી થનારા અઝાબ વિષે વારંવાર મનન કરવું જોઈએ. આ રીતે ધીમે ધીમે જુઠ્ઠું બોલવાની ટેવ પ્રત્યે દિલમાં અણગમો પેદા કરવો જોઈએ અને જૂઠ બોલવાથી લાભને બદલે નુકસાન જ થવાનું છે. એ વાત દિલમાં બેસી જાય તો આપણે જુઠ્ઠું બોલવાથી બચતા રહીશું.

તેનાથી વિશેષ એ કે જો આપણી સોહબત સાચાઓ સાથે હશે તો આપણે જૂઠથી બચી શકીશું, તો આપણને સત્ય માર્ગે કોણ લાવી શકે છે અને સાચાઓ કોણ છે તે જોઈએ :

કુરઆનમાં અલ્લાહ સૂરા તૌબા, સૂરા-૯, આયત-૧૧૯માં ફરમાવે છે :

يَٰٓأَيُّهَا ٱلَّذِينَ ءَامَنُوا ٱتَّقُوا ٱللَّهَ وَكُونُوا مَعَ ٱلصَّٰدِقِينَ ﴿١١٩﴾

*(હે ઈમાન લાવનારાઓ ! અલ્લાહથી ડરતા રહો અને સાચાઓની સાથે થઈ જાઓ.)*

બિરાદરાને મોમિનીન ! કુરઆને મજીદમાં અલ્લાહ તઆલા ફરમાવે છે સાચાઓની સાથે થઈ જાઓ, તો સાચા એ હોઈ શકે કે જેને અલ્લાહે સાચા કહ્યા હોય. રસૂલલ્લાહ (સ.) પછી તેમના વસીઓ સિવાય કોણ સાદેકીન છે ? એ બધા માઅસૂમ છે. રસૂલે ખુદા (સ.)ની નજરમાં જો કોઈ અન્ય સાચું હોત તો મુબાહેલાના મેદાનમાં તેને લઈને જતા, પણ અલ્લાહના રસૂલ જેને સાથે લઈ ગયા તે હકીકતમાં સાદેકીન છે.

જો આવા સાદેકીનની પેરવી કરતા રહીશું તો આપણને સત્ય બોલવાની ટેવ પડશે અને સત્યના શું ફાયદા છે તે જાણી શકાશે અને તેમના જ ઝરીએ આપણને કયામતના દિવસે નજાત મળશે, ઈન્શાઅલ્લાહ.

**અંતમાં દુઆ માગીએ :**

- અય અલ્લાહ ! અમને જૂઠના રસ્તેથી અમાન આપજે.
- અય બધાઓને બક્ષનાર ! અમે ઘણા ગુના કરી ચૂકયા છીએ તો અમારા ગુના બક્ષી દેજે.
- અય મા'બૂદ ! અમારા દિલોમાં તેં ઠરાવેલા સાદેકીનની મોહબ્બત કાયમો દાયમ રાખજે...આમીન.

મૌલાના ઓબયદુલ્લાહ અમૃતસરી દ્વારા સંપાદિત 'અર્જહુલ મતાલિબ'નો અનુવાદ

# સર્વશ્રેષ્ઠ સ્મરણ

## જનાબે અમીર (અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### ઔલાદે સાલેહ

**આયતે તત્હીર :**

(૧) જનાબે ઉમ્મુલ મોમિનીન ઉમ્મે સલમા (રઝી.અ.) રિવાયત કરે છે કે આ આયત મારા ઘરમાં નાઝિલ થઈ (કે જેનો અનુવાદ આ મુજબ છે). સિવાય તેના નથી કે ઈરાદો કરતો અલ્લાહ કે લઈ જાય તમારાથી પલીતીને અય અહલેબૈત ! અને પાક કરે તેમને પાક કરવા. હું દરવાજાની પાસે બેઠેલી હતી અને ઘરની અંદર જનાબે રસૂલે ખુદા (સ.) તશરીફ ફરમાવેલા હતા. પછી હઝરત (સ.)એ પોતાનું કપડું મોઢા ઉપર ઓઢી દીધું અને ફરમાવ્યું, અય મારા પરવરદિગાર ! આ મારી અહલેબૈત અને મારા મદદગારો છે. તેમનાથી પલીતી (ગંદકીને/નાપાકીને) લઈ જા અને પાક કરી દે તેમને પાક કરવા. જનાબે ઉમ્મે સલમા ફરમાવે છે કે મેં અરજ કરી કે યા રસૂલલ્લાહ ! શું હું પણ એમાંથી છું ? આપ (સ.)એ ફરમાવ્યું, તું નેકી પર છે.

(૨) જનાબે ઉમ્મુલ મોમિનીન ઉમ્મે સલમા (રઝી.અ.)થી નકલ કરે છે કે એક દિવસે જનાબે રિસાલત મઆબ (સ.) મારા ઘરમાં તશરીફ લાવેલા હતા તેવામાં ખાદિમાએ અરજ કરી કે જનાબે અલી અને સૈયદા દરવાજા પર છે. પછી આંહઝરત (સ.)એ મને ઈર્શાદ કર્યો કે ઊઠ અને મારી અહલેબૈતથી એક તરફ થઈ જા. ઉમ્મે સલમા ફરમાવે છે કે હું ઊઠીને ઘરથી નજીક એક તરફ થઈ ગઈ. પછી જનાબે અલી અને ફાતેમા અને હસનૈન ઘરમાં દાખલ થઈ ગયા અને હસનૈન હજુ તો નાના છોકરાઓ હતા. પછી બન્ને છોકરાઓનાં બાવડાં પકડીને તેમને પોતાના ખોળામાં બેસાડી દીધા અને તેમને બોસા આપ્યા અને જનાબે અલી (અ.)ની ગરદનમાં એક હાથ નાખ્યો અને બીજા હાથથી જનાબે ફાતેમાને પકડ્યાં અને તે બન્નેને બોસા આપ્યા અને તેમના ઉપર કાળી કામળી ઓઢાડી દીધી અને ફરમાવ્યું, અય મારા પરવરદિગાર ! હું તને સોંપું છું ન દોઝખની હું મારી જાતને અને મારી અહલેબૈતને. ઉમ્મે સલમા કહે છે કે મેં અરજ કરી, યા રસૂલલ્લાહ ! અને હું પણ ? ફરમાવ્યું, તું તારા મકામ પર છે.

(૩) ઉમર બિન અલી સલમા આંહઝરત (સ.)ના સાવકી પુત્રી એટલે કે જન્બે ઉમ્મુલ મોમિનીન ઉમ્મે સલમાની બેટીથી રિવાયત છે કે 'ઈન્નમા યોરીદુલ્લાહ'ની આયત આંહઝરત (સ.) ના ઘરમાં નાઝિલ થઈ. પછી આંહઝરત (સ.) એ જનાબે અલી અને સૈયદા અને હસનૈન (અ.)

ને બોલાવ્યા અને તેમને કપડું ઓઢાડીને ફરમાવ્યું, અય મારા પરવરદિગાર ! આ મારી અહલેબૈત છે તેમનાથી પલીતીને (નાપાકીને) દૂર કર અને પાક કર તેમને, પૂરા પાક કરજે. ઉમ્મે સલમાએ અરજ કરી, યા રસૂલલ્લાહ ! શું હું પણ તેમની સાથે છું ? આપ (સ.)એ ફરમાવ્યું, તું તારી જગ્યાએ છે.

(૪) જનાબે ઉમ્મુલ મોમિનીન આઈશા સિદ્દીકા (રઝી.અ.)થી રિવાયત છે કે એક વખત જનાબે રિસાલત મઆબ (સ.) ઘરમાંથી બહાર તશરીફ લાવ્યા અને તેમના ઉપર કાળા વાળની એક મનોરમ કામળી હતી. પછી હસન તશરીફ લાવ્યા. આપ (સ.)એ તેમને તેમાં લઈ લીધા પછી હુસૈન તશરીફ લાવ્યા, તે પણ તેમની સાથે દાખલ થઈ ગયા. પછી જનાબે ફાતેમા તશરીફ લાવ્યાં તેમને પણ હઝરતે દાખલ કરી દીધાં. પછી જનાબે અલી તશરીફ લાવ્યા તેમને પણ હઝરતે દાખલ કરીને ફરમાવ્યું, સિવાય તેના નથી કે અલ્લાહ તઆલા ઈરાદો કરે છે કે અય અહલેબૈત ! તમારાથી પલીતી (નાપાકી)ને દૂર કરી અને પાક કરે તેમને પૂરાં પાક કરજે.

(૫) વાસલા બિન અલ અસ્કઅ કહે છે કે હું જનાબે સૈયદા (સ.)ની ખિદમતમાં એ માટે ગયો કે જનાબે અલી (અ.)ની બાબતમાં તેમને પૂછું. તેઓ ફરમાવવા લાગ્યાં કે જનાબે અલી આંહઝરત (સ.) ની તરફ તશરીફ લઈ ગયા છે. હું તેમની વાટ જોઈને ત્યાં બેસી ગયો તો તેવામાં હુઝૂર (સ.) તશરીફ લાવ્યા અને હુઝૂર (સ.)ની સાથે જનાબે અલી અને હસનૈન પણ હતા. આપ (સ.) તેમનામાંથી દરેકનો હાથ પકડીને હુજરામાં દાખલ થઈ ગયા. ત્યાર પછી જનાબે હસનને પોતાની જમણી જાંઘ પર બેસાડી દીધા અને જનાબે હુસૈનને ડાબી જાંઘ પર અને જનાબે અલી અને સૈયદા (અ.)ને પોતાની સામે બેસાડ્યાં અને તેમના ઉપર કપડું ઓઢાડી દીધું અને પછી તે આયતને પઢી કે સિવાય તેના નથી કે અલ્લાહ તઆલા ઈરાદો ધરાવે છે કે અય અહલેબૈત પલીતી (નાપાકી)ને તમારાથી દૂર કરે અને પાક કરીને તમને પૂરાં પાક કરવાં.

(૬) અનસ બિન માલિક (રઝી.અ.) કહે છે કે આંહઝરત (સ.) છ મહિના સુધી જનાબે સૈયદા (અ.)ના દરવાજા પરથી પસાર થતા. જ્યારે આપ નમાઝે સુબ્હ માટે ઘેરથી બહાર તશરીફ લઈ જતા અને ફરમાવતા કે અય અહલેબૈત ! તમારા પર અલ્લાહ રહેમ કરે અને પછી આ આયતે તત્હીર પઢતા.

(૭) જનાબે ઈમામ હસન (અ.)એ એક વખત ખુત્બામાં ઈર્શાદ કર્યો કે અમે છીએ અહલેબૈત કે જેમની શાનમાં ખુદા તઆલા ફરમાવે છે કે સિવાય તેના નથી કે અલ્લાહ તઆલા ઈરાદો ધરાવે છે કે તમારાથી પલીતી (નાપાકી)ને દૂર કરે અને પાક કરે તેમને પૂરાં પાક કરવાં.

(૮) અબૂ હમરાઅ (રઝી.અ.)થી મન્કૂલ છે કે હું મહિના સુધી આંહઝરત (સ.)ની ખિદમતે બાબરકતમાં રહ્યો. જ્યારે સુબ્હ થતી તો જનાબે ફાતેમાના દરવાજા પર તશરીફ લાવતા અને ફરમાવતા કે અય અહલેબૈત ! તમારા પર અલ્લાહ રહેમ કરે અને પછી આ આયતે તત્હીર પઢતા.

(૯) અબૂ સઈદ ખુદરી (રઝી.અ.) કહે છે કે આ આયતે તત્હીર પંજેતન પાકની શાનમાં નાઝિલ થઈ. આ હદીસને ઈમામ અહમદે પોતાની

મસ્નદમાં અને ઈબ્ને જરીર તબરીએ પોતાની તારીખમાં આંહઝરત (સ.) તરફ મરફૂમ કરીને અને તિબરાનીએ મોઅઝ્ઝમ કબીરમાં અને સઅલ્બીએ પોતાની તફસીરમાં કહ્યું છે અને આ હદીસ ઘણી વાર ઉલ્માની દ્રષ્ટિએ હસન છે અને કેટલાકે તેની સહત પણ બયાન કરી છે.

(૧૦) અબૂ સઈદ ખુદરી (રઝી.અ.) અને તાબેઈનમાંથી એક જમાઅત કે જેમાંથી મુજાહિદ અને કતાદા, વગેરે છે, તેમનો એ મઝહબ છે કે આયતે તત્હીરમાં અલી અને ફાતેમા અને હસનૈન (અ.) જ મુરાદ છે.

(૧૧) જનાબે અમીર (અ.) ફરમાવે છે કે અમે જ અહલેબૈત છીએ કે જેનાથી અલ્લાહ ઈઝ્ઝો જલ્લે બૂરાઈઓ જાહેર અને બાતિનથી દૂર કરી છે.


મોહંમદઅલી ૯૯૦૯૩ ૪૯૫૯૨   હિફ્ઝુર દાંત્રેલીયા ૯૯૭૯૯ ૨૯૪૨૯

**નવજીવન પ્રિન્ટીંગ પ્રેસ & કમ્પ્યૂટર ગ્રાફિક્સ**

**૨૧ વર્ષ પૂર્ણ કરી ૨૨મા વર્ષમાં પ્રવેશ**

- ❖ ઓફસેટ પ્રિન્ટીંગ
- ❖ લગ્ન કંકોત્રી
- ❖ આમંત્રણ કાર્ડ
- ❖ મેનુ, સ્ટીકર
- ❖ મલ્ટીકલર પ્રિન્ટીંગ
- ❖ દાવત કાર્ડ
- ❖ કોમ્પ્યુટર જોબવર્ક
- ❖ વિ. કાર્ડ, બિલબુક
- ❖ સ્ક્રીન પ્રિન્ટીંગ
- ❖ લેટર પેડ, પેમ્ફલેટ
- ❖ બુક બાઈંડીંગ
- ❖ કવર, બુકલેટ

**ધાર્મિક તથા દરેક પ્રકારની બુકોનું પ્રિન્ટીંગ કરી આપવામાં આવશે.**

કેશરપુરા. તા. ઇડર, સાબરકાંઠા.
ફોન : ૦૨૭૭૮-૨૪૨૨૫૪



**ફાતેમા ટૂર્સ**

**કાશ્મીર ટૂરનું આયોજન કરેલ છે.**

**પ્રવાસના દિવસો :** ૧૨ થી ૧૪

**સંભવિત તારીખ :** ૨૮-૦૫-૨૦૧૪ (ઇન્શાઅલ્લાહ)

**પેસેન્જરની સંખ્યા :** ૫૦

પ્રવાસના સ્થળો : જોતપુર, અમૃતસર, વાઘા બોર્ડર, જમ્મુ, શ્રીનગર, કુલ્લુ, મનાલી, શીમલા, દિલ્હી, આગ્રા, જયપુર, ફતેપુર સિકરી વગેરે...

**::::: વધુ વિગત માટે સંપર્ક કરો :::::**

આબિદહુસૈન વાય. મસી (કિશોરગઢવાળા)
મો.૯૪૨૮૬ ૪૩૯૫૨
ગાલિબઅલી એચ. ખાણશિયા (કિશોરગઢવાળા)
મો.૮૧૨૮૩ ૬૨૨૮૦
ગુલામહૈદર એન. ડોડીયા (કેસરપુરાવાળા)
મો.૯૩૭૬૪ ૧૨૭૯૯



**મંજુરઅહેમદ આઈ. ભાગળીયા** (કાકોશીવાળા)
**ફોન : ૦૨૭૬૬ - ૨૨૦૪૨૯**
**મો. : ૯૪૨૯૩ ૮૪૧૨૪**



**ગેલેક્સી ઈન્ફોટેક**

- → **કોમ્પ્યુટર વેચાણ અને રીપેરીંગ.**
- → **લેપટોપ વેચાણ અને રીપેરીંગ.**
- → **જુના તથા નવા કોમ્પ્યુટર અને લેપટોપ મળશે.**
- → **કોમ્પ્યુટરને લગતી તમામ એસેસરીઝ મળશે.**
- → **દરેક કંપનીના કોમ્પ્યુટર એસેમ્બલીંગ અને લેપટોપ મળશે.**
- → **Hotels & office & college CCTV Camera installation**

**ડેસ્ટોપ, લેપટોપ, પ્રિન્ટર, સ્કેનર, સોફ્ટવેર એસેસરીઝ**

(અમારા ત્યાં દરેક રીપેરીંગ કામકાજ સંતોષકારક કરી આપવામાં આવશે)

૧૦૬, પહેલો માળ, પાલિકા બજાર, રાજમહેલ રોડ, પાટણ.

## અલમદાર ટૂર

અલ્લાહ તઆલાના ફઝલો કરમથી, મોહંમદ વ આલે મોહંમદ અને પીરો મુરશિદની દુઆઓથી અમોએ

હજ ઝિયારત – ૨૦૧૪નું

આયોજન કરેલ છે.

જે ભાઈઓ અને બહેનોને જવાની ઈચ્છા હોય તે વહેલાસર નીચે આપેલા નંબર પર સંપર્ક કરવો.

રસૂલભાઈ મોકણોજીયા (ખડીયાસણા)

મો. ૯૭૨૬૯૨૬૪૯૯

હસનભાઈ પનીયા (મોલીપુર)

મો. ૯૮૨૪૯ ૬૮૯૬૦

હસનઅલી આગલોડીયા (કાકોશી)

મો. ૯૭૨૪૮૨૨૩૩૦

૭૨, સામર્થ કોમ્પલેક્ષ, તાવડીયા ચાર રસ્તા, સિધ્ધપુર.



૯૯૭૯૩ ૭૦૬૨૧
૯૪૦૮૦ ૧૦૦૯૦

## ફોર ફોર્ટી

### ડિઝાઈન ગ્લાસ

*પ્લેન ગ્લાસ, ડિઝાઈન ડેકોરેશન ગ્લાસ, મિરર ડિઝાઈન ગ્લાસ, વન–વે વિઝન ગ્લાસ, ટફન ગ્લાસ તથા મકાનના દરેક પ્રકારના ગ્લાસ મળશે.*

જી–૨૨–૨૩, હિરાપન્ના કોમ્પલેક્ષ,
ગંજ બજારની સામે, સિધ્ધપુર–૩૮૪૧૫૧



મો. ૯૯૧૩૪૩૧૪૬૩

## ગુજરાત એન્ટરપ્રાઈઝ



એફ–૭૧, સામર્થ કોમ્પલેક્ષ, સિધ્ધાર્થ હોટલની સામે, તાવડીયા ચાર રસ્તા, સિધ્ધપુર.

# નહજુલ અસરાર

**સંપાદક** : મોલ્વી સૈયદ ગુલામહુસૈન રઝા **અનુવાદ** : મો.કાસમભાઈ વિજાપુરા

## ખુત્બતુલ ઇફ્તેખારીયા

અસ્બગ બિન નબાતાથી રિવાયત છે કે હઝરત અલી (અ.)એ આ ખુત્બામાં ઈર્શાદ ફરમાવ્યો :

હું રસૂલનો બિરાદર અને તેમના ઈલ્મનો વારસદાર, તેમની હિકમતની ખાણ અને તેમનો રાઝદાર (રહસ્ય જાણનારો) છું. એકે એક અક્ષર કે જે અલ્લાહે પોતાની કિતાબમાં નાઝિલ ફરમાવ્યો છે, તે બધા મને પહોંચી ગયા. ભૂતકાળનું અને કયામત સુધી જે થવાનું છે, તે બધું ઈલ્મ મને આપવામાં આવ્યું. મને ઈલ્મે અન્સાબ (નસલોનું) અને અસ્બાબ (વસ્તુઓ/કારણો)નું ઈલ્મ અતા કરવામાં આવ્યું છે અને મને ઈલ્મની હજાર ચાવીઓ અતા કરવામાં આવી છે, જેમાંથી દરેક ચાવીમાંથી વધારે હજાર હજાર ઈલ્મની ચાવીઓ ખૂલે છે અને મને ઈલ્મે તકદીરથી સહાયતા આપવામાં આવી છે અને બેશક આવો જ સિલસિલો મારા પછી મારા અવસિયામાં ચાલુ રહેશે, જ્યાં સુધી રાત દિવસ બાકી છે એટલે સુધી કે અલ્લાહ જમીનનો અને જમીનવાસીઓનો વારિસ થઈ જશે કે તે બેહતરીન વારિસ છે. તેણે મને સિરાતે મિઝાન, લિવા (ઝંડો) અને કૌસર અતા કર્યું. કયામતના દિવસમાં બધા બની આદમ ઉપર મુકદ્દમ (ઉપરી) રહીશ અને તમામ મખ્લૂકનો હિસાબ લઈશ. અને તેમને તેમના દરજ્જાઓમાં જગ્યા આપીશ. હું જ જહન્નમવાસીઓને અઝાબ આપીશ. તેહકીકની સાથે કે આ બધું અલ્લાહ તરફનો. મારા ઉપર તેનો ફઝલ છે અને જેણે એ બાબતથી ઈન્કાર કર્યો કે મારે જમીન પર વારંવાર આવવાનું છે અને રજૂઅતના પછી આવવાનું છે તો તેણે અમને રોકી લીધા. જેણે અમને રોકી દીધા તેણે ખુદાએ કદીમની વાતને રદ કરી દીધી.

હું જ સાહેબે દા'વાત (દા'વતો આપનારો) છું. હું જ નમાઝવાળો છું (દરેક જમાનામાં અને દરેક યુગમાં મેં નમાઝ અદા કરી છે) હું સાહેબે સૂર (સૂર ફૂંકવાવાળો) છું. હું જ અલ્લાહ (ના અસ્તિત્વ)ની દલીલનો માલિક છું. હું અજબ અજબ આયતો (નિશાનીઓ)વાળો છું. હું તમામ મખ્લૂકાતના રહસ્યોનો આલિમ છું. હું (ખુદાના દુશ્મનોને ફના કરનાર) લોખંડી શિંગડું છું. હું જ ફરિશ્તાઓને તેમના મર્તબાઓ મુકર્રર કરું છું. મેં રોઝે અઝલ અર્વાહથી અહદ લીધો હતો. મેં જ કૈયૂમ લાયઝાલના હુકમથી તેમના માટે અલસ્તો બર્બકુમની નિદા આપી હતી. હું તેની મખ્લૂકમાં બોલતો કલેમો રહ્યો છું. મેં જ તમામ મખ્લૂક પાસેથી સલવાતથી અહદ લીધો છે. હું જ વિધવાઓ અને યતીમોની ફરિયાદો સાંભળનારો છું. હું જ (રસૂલે ખુદાના) ઈલ્મના શહેરનો દરવાજો છું. હું હિલ્મ (નમ્રતો)નો પહાડ છું. હું અલ્લાહનો કાયમ સુતૂન (સ્તંભ) છું. હું જ સાહેબે લિવાએ હમ્દ છું. હું જ વારંવાર બક્ષિસ કરવાવાળો છું. અગર હું સઘળાં

કાર્યોથી તમને પરિચિત કરી દઉં તો તમે ઈન્કાર કરવા માંડો (સહન ન કરી શકો). હું જ જબ્ર કરનારાઓને કતલ કરવાવાળો છું. હું દુનિયા અને આખેરતનો સંગ્રહ છું. હું મોમિનોનો સરદાર અને હિદાયતપ્રાપ્ત લોકોનું નિશાને હિદાયત છું. હું જ સાહેબે ઐન, ઐનુલ યકીન અને મુત્તકીઓનો ઈમામ છું. હું જ દીનમાં પહેલ કરનારો અને અલ્લાહની મજબૂત રસ્સી છું. હું મારી જ આ તલવારથી જમીનને અદ્લ અને ઈન્સાફથી ભરપૂર કરવાવાળો છું જેવી રીતે કે તે ઝુલ્મો જોરથી ભરેલી છે. હું જ જિબ્રઈલનો સાહેબ અને સરદાર છું. અને મીકાઈલથી કામકાજ અંગેની માહિતી મેળવું છું. હું જ હિદાયતનું ઝાડ છું અને તકવા અને પરહેઝગારીનું ઈલ્મ છું. હું જ મખ્લૂકને અલ્લાહની તરફ આ કલેમા વડે એકઠી કરવાવાળો છું જેનાથી સઘળી ખિલ્કત એકઠી થયેલી છે. હું ઝરણું છું મખ્લૂકનું. હું જ હુકમનો સંગ્રહ કરું છું. હું જ રોશન અસા (લાકડી) અને રાતા ઊંટવાળો છું (કે જે રજઅતના જમાનામાં યમની લશ્કરની સાથે જાહેર થશે.) હું જ બાબુલ યકીન (યકીનનો દરવાજો), અમીરુલ મોમિનીન, સાહેબે ખિઝર અને સાહેબે યદે બૈઝા છું. હું સાહેબે કસ્રે બૈઝા છું અને ભળકતી જહન્નમનો માલિક છું. કર્નોનાં કર્ન સુધી અલ્લાહના દુશ્મનોનો કાતિલ રહ્યો છું. બહાદુરોને ફના કરવાવાળો છું. હું જ કુર્દૂન અદ્લના લોકોનો માલિક રહ્યો છું. હું સિદ્દીકે અકબર અને ફારૂકે આઝમ છું. હું વહી દ્વારા જ વાત કરતો રહ્યો છું. હું સિતારાઓનો માલિક છું અને તેમને મારા રબના હુકમથી અને તે ઈલ્મના ઝરીઆથી કે જેનાથી અલ્લાહે મને મખ્સૂસ કર્યો છે, ભ્રમણ કરતો રહ્યો છું. હું જ પીળા અને રાતા અલમવાળો છું. હું જ એ ગાયબ છું કે જેનો અમ્રે અઝીમના માટે ઈન્તેઝાર કરવામાં આવી રહ્યો છે. હું જ અતા કરવાવાળો અને હું જ ખર્ચ કરવાવાળો છું. હું જ દિલ ઉપર કાબૂ રાખવાવાળો છું હું જ મારી તૌસીફ (પ્રશંસા) કરવાવાળો છું. હું જ મારા પરવરદિગારના દીનની દેખરેખ રાખનારો છું. હું મારા કાકાના દીકરાની હિમાયત કરનારો છું. હું જ તેમને કફનમાં લપેટવાવાળો અને ખુદાએ રહેમાનનો વલી છું. હું ખિઝર અને હારૂનનો સાહેબ છું. હું મૂસા, યુશોઅ બિન નૂનનો સાહેબ છું. હું જન્નતનો માલિક છું. હું જ ધરતીકંપોને અને જમીનોને અંદર ધસાવી દેવાનો મુખ્તાર અને માલિક છું. હું હજારોને ડરાવવાવાળો અને કુફ્ફારનો કાતિલ છું. હું ઈમામુલ અબરાર (પરહેઝગાર લોકોનો ઈમામ) છું. હું જ (રૂહાની આલમમાં) બૈતુલ મામૂર અને શકફે મર્ફુઅ અને બહરે મસજૂદ છું. હું જ હરમનું બાતિન છું. હું સઘળી ઉમ્મતોનો સહારો છું. હું જ ઈસ્મે આઝમ ધરાવનારો છું. શું કોઈ એવો છે કે જે મારી વાણીની સામે પોતાની જબાન ખોલી શકે ? અગર મેં કલામે ખુદા અને રસૂલે ખુદાનો કોલ સાંભળ્યો ન હોત તો તમને બધાને મારી તલવારથી કતલ કરી દેત અને અંત સુધી ફના કરી નાખત. હું માહે રમઝાનની હકીકત અને શબે કદ્ર (નું રાઝ) છું. હું જ ઉમ્મુલ કિતાબ, હું જ ફસ્લે ખિતાબ છું. હું જ ફાતેહા છું. હું જ સફરમાં અને હઝરમાં સાહેબે નમાઝ છું. બલ્કે અમે જ સોમ અને સલવાત, દિવસ રાત અને મહિના અને સાલ છું. હું સાહેબે હશ્ર અને નશ્ર છું. હું જ ઉમ્મતે મોહંમદીનો બોજ હલકો કરવાવાળો છું. હું જ સજદાઓનો દરવાજો છું. હું જ આબિદ અને માઅબૂદ (માઅબૂદના પ્રગટ થવાનું સ્થાન), શાહિદ

(સાક્ષી) અને મશહૂદ (હાજર/જાહેર કરવામાં આવેલો) છું. હું જ જન્નતના લીલા રેશમી કપડાનો માલિક છું. હું એ છું કે જેનો ઝિક્ર આસમાનો અને જમીનમાં થાય છે. હું જ રસૂલલ્લાહ (સ.)ની સાથે આસમાનોમાંથી પસાર થવાવાળો છું. હું જ સાહેબે કિતાબે કૌસ (કાબ કૌસૈન) છું. હું શીશ ઈબ્ને આદમનો સાથી અને મૂસા (અ.) અને આદમનો મદદગાર છું. મારાથી જ દ્રષ્ટાંતો બયાન કરવામાં આવે છે. હું જ આસમાન, લીલોતરી અને ધૂળથી રગદોળાયેલી જમીનનો માલિક છું. હું જ નિરાશ થયેલાઓની ફરિયાદને સાંભળવાવાળો છું. જાણી લો કે મારો મર્તબો એવો છે કે મારો બરોબરીયો કોણ છે ? હું જ રઅદે અકબર (મહાન મેઘગર્જના) અને વાદળ સમુદ્રોનો માલિક છું. હું જ સૂર્ય સાથે વાતો કરવાવાળો છું. હું અલ્લાહના દુશ્મનો ઉપર વીજળીનો અઝાબ છું અને એમની ફરિયાદો સાંભળવાવાળો છું કે જેઓ તેની ઈતાઅત કરે છે. અલ્લાહ મારો પાલનહાર છે તેના સિવાય કોઈ અલ્લાહ નથી. બેશક બાતિલના માટે એક તેજ રફતારી છે અને હકના માટે હુકૂમત અને દોલત. બેશક હું ટૂંક સમયમાં જ દુનિયાથી કૂચ કરવાવાળો છું. તેથી તમે અમવી ફિત્ના અને હુકૂમતે કિસ્રાની વાત જોતા રહો. ત્યાર પછી બની અબ્બાસની હુકૂમત હશે જે ખોફ અને નિરાશા સાથે લાવશે અને એક શહેર બનાવવામાં આવશે કે જેનું નામ ઝૂરાઅ (બગદાદ) હશે કે જે દજલા અને રજીલ અને ફુરાતની વચ્ચે હશે. જે તેમાં રહેશે તે મલઊન હશે. આ જગ્યાએથી જબ્બારો (બળજબરી કરનારા) પેદા થશે. તેમાં મહેલો ઊંચા કરવામાં આવશે અને પડદા લટકાવવામાં આવશે અને લોકો મક્રોફુઝૂરની સાથે અમલ કરશે. પછી વારાફરતી બની અબ્બાસ તેને લેશે. અને ત્યાર પછી કાળા રાતા ફિત્ના ગુલુબંદ (અર્થાત્ કતલો ગારત) થશે. ત્યાર પછી હક કાયમ થશે. ત્યાર પછી હું મારો ચહેરો (રજઅતના જમાનામાં) બધા અકાલિમને બતાવીશ, જેવી રીતે સિતારાઓમાં ચમકતો ચાંદ. જાણી લો કે મારા ખુરૂજની દસ નિશાનીઓ છે. પહેલી એ કે કૂફાની ગલીઓ અને બજારોમાં ફોજી નિશાનોનું ફરવું. મસ્જિદોનું નમાઝોથી રદ થઈ જવું. હજ બંધ થઈ જવી, ખુરાસાનમાં જમીનનું ધસી જવું, દમદાર સિતારાઓનું ઊગવું, સૈયારોનું કુરઆન, બગાડ અને ફસાદ, કતલ અને લૂંટ અને ગારત. આમ દસ નિશાનીઓ છે. એક નિશાનીથી બીજી નિશાની સુધી અજબ પ્રકારનાં કાર્યો જાહેર થશે. પછી જ્યારે આ નિશાનીઓ પૂરી થઈ જાય તો કાએમ જાહેર થઈ જશે.

પછી ફરમાવ્યું,

અય લોકો ! તમારા રબને (સિફાતે અબૂદિયતથી) પાક સાફ રાખો અને તેની તરફ ઈશારા ન કરો. તે એવો છે (અથવા તેવો છે) પછી જેણે ખાલિકની હદ નક્કી કરી દીધી તેણે કિતાબુલ્લાહે નાતિકથી કુફ્ર કર્યું.

પછી ફરમાવ્યું,

ખુશાહાલ મારી અહલે વિલાયતનો કે જે મારા હકમાં આ બધું કબૂલ કરે છે અને મારા કારણે એક જગ્યાએથી બીજી જગ્યાએ ફરતા રહે છે. તેઓ ખુદાની જમીન પર તેના ખજાનાદાર છે અને કયામતના દિવસના ડરથી નિરાશ છે. હું ખુદાનું નૂર છું કે જે બુઝાઈ જતું નથી અને હું તેનું એ રહસ્ય છું કે જે છૂપું નથી રહી શકતું.

# જાફરી પંચાંગ

**ચાંદ દેખાય તે પ્રમાણે અમલ કરવો.**

| અંગ્રેજી તારીખ | ઈસ્લામી તારીખ | વાર | તા.૧૬ માહે મે-૨૦૧૪ થી તા. ૧૫, માહે જૂન-૨૦૧૪<br>મુ.તા. ૧૫, રજબ-૧૪૩૫ થી મુ.તા. ૧૬, શાબાન-૧૪૩૫ |
|---|---|---|---|
| મે | રજબ | – | |
| 16 | ૧૬ | શુક્ર | વફાત : જનાબા સૈયદા ઈતરતફાતેમા બેગમ સાહેબા * વીંછુડો ઉતરે : રાત્રે ૩:૪૯ કલાકે |
| 18 | ૧૮ | રવિ | વફાત : ફરઝંદે રસૂલ હઝરત ઈબ્રાહીમ (અ.) |
| 20 | ૨૦ | મંગળ | **વિલાદત : જનાબે સકીના બિન્તે ઈમામ હુસૈન (અ.)** |
| 22 | ૨૨ | ગુરૂ | નઝરે સાદિક (અ.) (કૂંડાં ઈદ) |
| 24 | ૨૪ | શનિ | **વિલાદત : જનાબે અલી અસગર (અ.) * ખૈબરનો વિજય** |
| 25 | ૨૫ | રવિ | શહાદત : હઝરત ઈમામ મૂસા કાઝિમ (અ.) |
| 26 | ૨૬ | સોમ | વફાત : હઝરત અબૂ તાલિબ (અ.) |
| 27 | ૨૭ | મંગળ | **ઈદે મેઅરાજ** |
| 29 | ૨૯ | ગુરૂ | ઈમામ હુસૈન (અ.)નું કરબલા તરફ પ્રયાણ |
| 31 | શાબાન-૧ | શનિ | **વિલાદત : જનાબે ઝૈનબ (અ.)** |
| જૂન-2 | ૩ | સોમ | **વિલાદત : હઝરત ઈમામ હુસૈન (અ.) * યવ્મે નજાત** |
| 4 | ૫ | બુધ | **વિલાદત : હઝરત ઈમામ ઝૈનુલ આબેદીન (અ.) * વિલાદત જનાબે અલી અકબર (અ.)** |
| 6 | ૭ | શુક્ર | **વિલાદત : જનાબે કાસિમ ઈબ્ને હસન મુજતબા (અ.)** |
| 10 | ૧૧ | મંગળ | **ઉર્સ : પીર સૈયદ ઝૈનુદ્દીન (રહે.અ.) પીર સૈયદ સદરૂદ્દીન (રહે.અ.)-વડનગર** |
| 11 | ૧૨ | બુધ | વીંછુડો બેસે : સવારે ૧૦:૪૪ |
| 12 | ૧૩ | ગુરૂ | વીંછુડો |
| 13 | ૧૪ | શુક્ર | **શબે બરાત** * વફાત : જનાબે અમીર હમ્ઝા (અ.) * વીંછુડો ઉતરે : સવારે ૧૨:૫૫ |
| 14 | ૧૫ | શનિ | **નોંધ જુઓ.** |
| 15 | ૧૬ | રવિ | **વિલાદત : પીર સૈયદ શાહબુદ્દીન (રહે.)** |

**નોંધ : ૧૪-૦૬-૨૦૧૪, મુ.તા. ૧૫, શાબાન-૧૪૩૫**
વિલાદત : હઝરત ઈમામ મોહંમદ મહદી સાહેબુઝઝમાન (અ.)
વિલાદત : પીર સૈયદ મોહંમદ મન્સૂર (રહે.)
વિલાદત : પીર સૈયદ સલાહુદ્દીન મોહંમદ નૂરબક્ષ (રહે.)
વિલાદત : પીર સૈયદ શાહ કાસિમ અન્વાર શમ્સુદ્દીન (રહે.)
વિલાદત : પીર સૈયદ મોહંમદ (રહે.)

## શું તમે આ જાફરી આવાઝ વાંચ્યું ?

## લ્યો ત્યારે, આપો આના જવાબ.

સંપાદક : મોલ્વી કમ્બરઅલી
દાવડા (કાટવાડ)

(૧) અલ્લાહે જ્યારથી જહન્નમ બનાવી છે ત્યારથી કયા ફરિશ્તાએ હસવાનું છોડી દીધું છે ?

(૨) ખજૂરીના માલિક પાસેથી કોણે ખજૂરનું ઝાડ ખરીદ્યું હતું ?

(૧) રસૂલલ્લાહ (સ.) (૨) અબુલ અબરાહ (૩) હારૂન મક્કી

(૩) દૂધ પીવાથી .................. ચોખ્ખું થાય છે ?

(૪) "મસ્જિદોનું નમાઝોથી રદ થઈ જવું." આ વાકય કયા લેખમાં આવેલું છે ?

(૫) (સુ.વ.ત.)નું આખું સ્વરૂપ કયું છે ?

(૬) ગાય આખા દિવસનું એવરેજ દૂધ કેટલું આપે છે ?



મૌલા અલી(અ.)ના જીવન પ્રસંગો પર આધારિત કિતાબ

લેખક : શેખ મુફીદ

# અલ ઈર્શાદ

## ખૈબરનો જંગ

(ગતાંકનું ચાલુ)

અમીરુલ મોમિનીન (અ.)નું બયાન છે કે,

''હું અલમ લઈને આગળ વધ્યો અને કિલ્લા સુધી આવી ગયો. (મને જોઈને) મરહબ બહાર નીકળ્યો. તેણે ખોદ (લોખંડનો ટોપો) પહેરેલો હતો કે જેના ઉપર પથ્થર જડેલો હતો. ટોપાની વચ્ચે એક કાણું હતું. જેથી હવા તેના માથા સુધી પહોંચતી રહે. તે રજઝ પઢી રહ્યો હતો :

''ખૈબર ગવાહ છે કે હું મરહબ છું. જંગનાં હથિયાર મારો શણગાર છે. હું ગાઝી છું, મારી કુવ્વત જંગી અનુભવ અને આઝમાઈશ બેમિસાલ છે.''

મેં જવાબમાં કહ્યું,

''હું એ છું કે મારી માએ મારું નામ હૈદર રાખ્યું છે. હું જંગનો આઝાદ શેર છું અને મારી અઝમત અને મારી કુવ્વત (નો અંદાજો લગાવી શકાતો નથી.) હું મારી શમશેરથી એવો વાર કરીશ કે તારા કાન ગુંજવા માંડશે.''

ત્યાર પછી એકબીજા પર પ્રહારો થવા લાગ્યા. હું સ્ફૂર્તિથી તેની નજીક આવી ગયો અને તેના ઉપર ભરપૂર વાર કર્યો. મેં એ જગ્યાએ પ્રહાર કર્યો કે જ્યાં ટોપાની વચ્ચે કાણું હતું. એ વાર એટલો બધો જોરદાર હતો કે તેનો ટોપો અને માથું કાપતી મારી શમશીર તેના જડબા સુધી ઉતરી ગઈ. જખમ એટલો બધો કારી હતો કે તે તેને સહન કરી શક્યો નહીં અને મરણ પામ્યો.''

ખૈબરના જંગ પછી એવી પરિસ્થિતિઓ પેદા થઈ કે જે આના પહેલાંની પરિસ્થિતિઓથી વિપરીત હતી. આપણે હવે તેનો ટૂંકમાં હેવાલ જોઈશું. જે પ્રસંગો ઉદ્‌ભવી રહ્યા હતા તેમાંથી મોટા ભાગના પ્રસંગોમાં પયગમ્બરે ખુદા (સ.)એ પોતે જ ભાગ લીધો હતો. એમાંથી મોટા ભાગના પ્રસંગોનું કોઈ મહત્ત્વ ન હતું. હવે ગનીમમાં એવો જોશ અને ઉત્સાહ બાકી રહ્યો ન હતો કે જે પહેલાં જોવા મળતો હતો. આવા પ્રકારના ઓછા મહત્ત્વવાળા પ્રસંગોની વાત અહીં નહીં કરવામાં આવે. જો કે તેમાં પણ અમીરુલ મોમિનીન (અ.)ની જબરદસ્ત ખિદમતો હતી અને દરેક વખતે આપને સ્પષ્ટ કામયાબી મળી હતી.

એ બધા ઓછા મહત્ત્વવાળા પ્રસંગો પછી જે ખૂબ જ મહત્ત્વનો જંગ સર કરવામાં આવ્યો તે પ્રસંગ ફત્હે મક્કાનો હતો. ત્યાર પછી ઈસ્લામની સ્થિતિ મજબૂત થવા માંડી હતી. અને મઝહબ શક્તિશાળી સ્વરૂપ ધારણ કરવા લાગ્યો. અલ્લાહની મદદ આ કાર્યમાં શામેલ હતી. તે પોતાના રસૂલ (સ.)નો મદદગાર હતો. અલ્લાહ તઆલાએ પોતાના રસૂલ (સ.)ની મદદ કરવાનો જે વાયદો કર્યો હતો તે પૂરો થઈને રહ્યો. પરવરદિગારે આલમે વાયદો કર્યો હતો કે ''જ્યારે અલ્લાહની મદદ અને ફતેહ આવશે તો તમે

જોશો કે લોકોનાં ટોળે ટોળાં તે દીનમાં શામેલ થશે.'' (સૂરા નસ્ર, આયત–૧, ૨) તેનાથી (એટલે કે ફત્હે મક્કાથી) ઘણા સમય પહેલાં અલ્લાહ તઆલાએ કહ્યું હતું,

''તમે પાક મસ્જિદમાં હિફાઝતથી દાખલ થઈ જશો. તમારા માથાના વાળ મૂંડાવેલા અથવા કાપેલા હશે અને તમે લોકો ભય વગરના હશો.''

(સૂરા અલ ફત્હ, આયત–૨૭)

લોકોની આંખો વાટ જોઈ રહી હતી અને નાકની દાંડી એ તરફ હતી. છેવટે પયગમ્બરે ખુદા (સ.)એ તે બાજુ ધ્યાન આપ્યું અને સંગઠિત જમાઅતને કાર્ય દ્વારા લાવવાનાં પગલાં ભર્યાં. જલ્દીથી તેમણે મુસલમાનોને સફર કરવાની હિદાયત કરી, પરંતુ એની સાથે જ સફરને રહસ્યના પડદામાં રાખ્યું જેથી મક્કાના લોકોને આ બાબતમાં ખબર પડવા ન પામે. અલ્લાહ તઆલા તરફથી એવો હુકમ મળ્યો હતો કે સફરનાં બધાં જ પગલાંને ગુપ્ત રાખવામાં આવે. અને મક્કાના લોકોને ખબર પડવા દેવામાં ન આવે. જેથી જ્યારે તેઓ (રસૂલ (સ.)) મક્કા પહોંચી જાય તો ત્યાંના લોકો આશ્ચર્યમાં પડી જાય. કેટલાક લોકોને જ એવી ખબર હતી કે પયગમ્બરે ખુદા (સ.)એ સફરનો જે હુકમ આપ્યો છે તે મક્કાની સફરનો છે. બાકીના મુસલમાનોને આ બાબતમાં કંઈ ખબર ન હતી. અમીરુલ મોમિનીન (અ.)ને માલૂમ હતું કે રસૂલલ્લાહ (સ.) મક્કા જવાનો ઈરાદો કરી રહ્યા છે. તેઓ પયગમ્બર (સ.)ના ભાઈ અને વજીર હતા. પયગમ્બરે ઈસ્લામના હુકમો ઉપર અમલ થવા લાગ્યો. સફરની વ્યવસ્થામાં પણ અમીરુલ મોમિનીન (અ.)એ પોતાનો કિંમતી ફાળો આપ્યો. અને તેમની સરખામણીમાં બીજો કોઈ ન હતો.

સફરની તૈયારીઓને જોઈને હાતિબ બિન બલકાને યકીન થઈ ગયું કે આ સફર મક્કા તરફ થશે. તે મક્કાનો રહેવાસી હતો અને જંગે બદ્રમાં પયગમ્બરે ખુદા (સ.)ના સાથીઓમાંથી હતો. તેણે મક્કાના લોકોને એક પત્ર લખ્યો કે પયગમ્બર (સ.) ગુપ્ત રીતે મક્કાની સફર માટે કટિબધ્ધ છે. અલ્લાહ તઆલા તરફથી રસૂલે ખુદા (સ.) પર ઈલ્હામની કૈફિયત તારી થઈ અને તે પત્રની બાબતમાં તેમને બતાવી દેવામાં આવ્યું કે હાતિબે એક પત્ર લખ્યો છે અને મક્કાવાસીઓને સફરની બાબતમાં સમાચાર આપી દીધા છે. પયગમ્બર (સ.)એ પરિસ્થિતિને કાબૂમાં રાખવા માટે બધી જ જવાબદારીઓ અમીરુલ મોમિનીન (અ.)ને સોંપી દીધી. અગર અમીરુલ મોમિનીન (અ.)એ આ પ્રસંગને સમયસર કાબૂમાં કરી લીધો ન હોત તો પરિસ્થિતિ બગડી જાત. અને એ બાબતમાં મુસલમાનોને કામયાબી ન મળત. આ બાબતમાં વિગતવાર અહેવાલ લખી દેવામાં આવ્યો છે.

આ સમય દરમિયાન અબૂ સુફિયાન મદીના આવ્યો હતો જેથી જે કરાર મુસલમાનો અને કુરૈશના વચ્ચે થયો હતો તેના ઉપર વિચાર કરી શકાય. આ એ પ્રસંગ પછીની વાત છે કે જ્યારે બનૂ બક્રના એક ટોળાએ ખઝીફા કબીલાના કેટલાક લોકોને કતલ કરી દીધા હતા. અબૂ સુફિયાનની કોશિશ એ જ હતી કે તેની સ્થિતિને ધક્કો ન લાગે. અને કુરૈશમાં તેની સાથે કાયમ રહે. તેને ડર હતો કે પયગમ્બરે ઈસ્લામ (સ.) ખઝીફા કબીલાની મદદ કરશે. તેને એ પણ ડર હતો કે જો મક્કામાં મુસલમાનો દાખલ થઈ ગયા તો તેની પોતાની શાખ નીચી પડી જશે.

તે પયગમ્બર (સ.)ની ખિદમતમાં હાજર થયો અને તેમને આવી પરિસ્થિતિથી પરિચિત કર્યા, પરંતુ આંહઝરત (સ.)એ તેને કોઈ જવાબ ન આપ્યો. ત્યાર પછી તે (અબૂ સુફિયાન) અબૂ બક્રની પાસે ગયો અને તેમને પોતાના બાજુઓમાં લપેટી લીધા. તે સમજી રહ્યો હતો કે તે તેમના માધ્યમથી કામ થઈ જશે અને પયગમ્બરે ઈસ્લામ આ બાબતમાં રાજી થઈ જશે.

અબૂ બક્રએ તેને સ્પષ્ટ શબ્દોમાં જવાબ આપ્યો કે,

"હું આ કામમાં દખલગીરી નહીં કરું. અબૂ બક્રએ તેને સ્પષ્ટ જવાબ આપી દીધો કેમકે તેઓ જાણતા હતા કે અગર આ વાત તે પયગમ્બર (સ.) ને કરશે તો તેઓ રજામંદ નહીં થાય. ત્યારે અબૂ સુફિયાને એક બીજું ઘર જોયું અને તે ઉમરનું હતું. અબૂ સુફિયાન સમજ્યો કે આ કામ ઉમર દ્વારા થઈ શકે છે. તેણે તેના આવવાનું કારણ ઉમરને જણાવ્યું પરંતુ ઉમરે તેને ધૂત્કારી કાઢીને બહાર કાઢી મૂક્યો. ઉમર ઉગ્ર સ્વભાવના હતા. ત્યાંથી નિષ્ફળ થઈને અબૂ સુફિયાને અમીરુલ મોમિનીન (અ.)ના ઘરને શોધી કાઢ્યું. અંદર આવવાની પરવાનગી માગી અને પરવાનગી આપી દેવામાં આવી. તે વખતે અમીરુલ મોમિનીન (અ.)ની સાથે ફાતેમા (અ.), હસન (અ.) અને હુસૈન (અ.) બેઠાં હતાં.

તેણે કહ્યું, અય અલી ! તમે મારા નજીકના સગા છો એટલા માટે હું તમારી પાસે આવ્યો છું. શું તમે મને પાછો કાઢી મૂકશો અને મારી મદદ નહીં કરો ? હું જે કામ માટે અહીં આવ્યો છું, તમે તેને પયગમ્બર (સ.)ને કહીને કરાવી શકો છો."

આપ (અ.)એ જવાબ આપ્યો, "ખુદા તને ગારત કરે અબૂ સુફિયાન ! જ્યારે ખુદા અને રસૂલ (સ.) કોઈ મામલા પર ફેંસલો કરી લે છે તો પછી અમે એ મામલામાં દખલ નથી કરતા."

આ જવાબ પછી અબૂ સુફિયાન જનાબે ફાતેમા ઝહરા (અ.) તરફ જોઈને બોલ્યો,

"અય મોહંમદની બેટી ! શું આપ પોતાના બન્ને દીકરાઓને એવી જવાબદારી આપી શકો છો કે તેઓ પોતાની હિફાઝતમાં મને આ ઈલાકાથી બહાર પહોંચાડી દે ? હું જાણું છું કે આપના આ બન્ને દીકરા અરબોના સરદાર છે."

માઅસૂમા (અ.)એ જવાબ આપ્યો,

"મારા બન્ને દીકરા ખૂબ નાના છે અને તેઓ તમારી હિફાઝતની જવાબદારી લઈ શકતા નથી. પયગમ્બર (સ.)ના હુકમોની વિરૂધ્ધ કોઈ પણ માણસ રક્ષણની જવાબદારી નથી લઈ શકતો."(ક્રમશ:)


ભોરણીયા સાદિકઅલી આર.
મો.૯૯૨૪૪૧૮૨૪૩

બાલીસણા ઝાકિરહુસૈન જી.
મો.૯૪૨૯૫૨૯૪૧૦
૯૪૨૮૮૪૯૪૭૭

(રસુલપુર-ખેરાલુવાળા)

**ન્યુ ચિરાગ ઈલેક્ટ્રીક**

**(સેલ્સ & સર્વિસ)**

અમારે ત્યાં **LED** મુવીંગ ડીસપ્લે, **LED** ક્લોક, હોટલ-દુકાનને લગતાં એકેલીક **& LED** બોર્ડ તેમજ હોટલ, ઈમામવાડા, ઝરીહ મુબારક કે દરગાહના માપ પ્રમાણે **LED** સીરીઝ, **LED** પટ્ટા, **LED** બોર્ડ તેમજ **LED**ને લગતું દરેક પ્રકારનું કામ હોલસેલ તેમજ રીટેઈલ ભાવે કરી આપવામાં આવશે.

**LED સ્પેશ્યાલિસ્ટ**

**બસ સ્ટેન્ડની બાજુમાં, રીગલ શોપીંગ સેન્ટર, વડનગર.**

MAKTABAH JAFARIYAH
Knowledge & Research Academy

# એપીટમી ડેરી

પ્રસ્તુતકર્તા : એપીટમી ડેરી ફાર્મ (મક્તબા જાફરીયા), ડૉ.નજરઅલી એચ. માંકણોજીયા (કાકોશી)

## પશુપાલનમાં ગાય રાખવી કે ભેંસ ?

તથ્યો રજૂ કરે છે - ડૉ.મિનહાજ પલસાણીયા.

સામાન્ય રીતે જોઈએ તો ડેરી ફાર્મમાં ગાય હોય કે ભેંસ બન્નેમાં પોતાની રીતે ફાયદાકારક અને નુકસાનકારક પરિબળો રહેલાં છે પણ ગાય, ભેંસ કરતાં કઈ રીતે ચડિયાતી છે તે નીચે બતાવેલ તફાવત પરથી જાણવાની કોશિશ કરીએ :

| ગાય | ભેંસ |
|---|---|
| • ગાય ૯ મહિને વિયાય છે એટલે ૧ મહિનો ભેંસ કરતાં વહેલી વિયાય તેમજ બચ્ચું પણ ૧ મહિનો વહેલું આપે છે અને દૂધ પણ એક મહિનો વહેલી આપે છે.<br>• ગાયનું આખા દિવસનું દૂધ એવરેજ ઓછામાં ઓછું ૧૫ લીટર હોય છે.<br>• ગાય ગાભણ થયા પછી વિયાય ત્યાં સુધી દૂધ આપે છે અને ઘણી ગાયોને તો આપણે જાણી જોઈને દૂધમાંથી છોડવી પડે છે.<br>• ગાયના બચ્ચાનો શારીરિક વિકાસ ઝડપથી થતો હોવાથી વાછરડી ૨.૫ - ૩ વર્ષે પ્રથમ વાર વિયાય છે. એટલે ભેંસના બચ્ચા કરતાં ૧ વર્ષ વહેલું વિયાય છે અને ૧ વર્ષ વહેલું દૂધ આપે છે.<br>• દોહવામાં કોઈ પણ પ્રકારની મુશ્કેલી જોવા મળતી નથી.<br>• વિયાયા પછી બચ્ચું મરી જાય તો પણ દૂધ આપવાનું ચાલુ રાખે છે.<br>• ગાય બીમાર થાય અને જો દૂધ ઘટી જાય તો તંદુરસ્ત થયા પછી દૂધ ઉપર આવી જાય છે. | • ભેંસ ૧૦ મહિને વિયાય છે.<br>• ભેંસનું આખા દિવસનું દૂધ એવરેજ ઓછામાં ઓછુ ૧૦ લીટર હોય છે.<br>• ભેંસ ગાભણ થયા પછી ૬ મહિના ગાભણના સમય પછી દોહવામાંથી જાતે જ કૂદી જાય છે.<br>• ગાયની સરખામણીમાં ઓછો વિકાસ થાય છે અને જોટું ૪ - ૪.૫ વર્ષે પ્રથમ વાર વિયાય છે.<br>• જો તબેલામાં પશુપાલનનું કામ બીજા માણસો જોડે કરાવવાનું હોય તો મુશ્કેલી પડે છે જેવી કે,<br>  • દોહનારનું હથવાર હોવાથી માણસ બદલાય તો દોહવા દેતી નથી.<br>  • કેટલીક સેન્સીટીવ ભેંસમાં તો લાંબા સમય સુધી આવું બને તો દૂધ આપવાનું એકદમ બંધ કરી દે છે.<br>• ઘણા ખરા કિસ્સામાં ભેંસનું બચ્ચું મરી ગયા પછી દૂધ આપવાનું બંધ કરી દે છે.<br>• ભેંસ બીમાર થાય અને જો દૂધ ઘટી જાય તો તંદુરસ્ત થયા પછી પણ ઘણા કિસ્સામાં દૂધ ઉપર આવતી નથી. |


• સ્વભાવે શાંત હોવાથી કામ કરવામાં સહેલાઈ રહે છે. મિલ્કીંગ મશીન વાપરવામાં સહેલું છે.
• ગાય ગરમીમાં (હિટમાં, વેતરમાં) છે કે નહી તે સહેલાઈથી ખબર પડે છે જેથી ફેરવવામાં મુશ્કેલી પડતી નથી.
• ગાયના દૂધની કિંમત ભેંસ કરતાં ઓછી હોય છે પરંતુ આખા વેતરનું દૂધ ઉત્પાદન ભેંસ કરતાં વધું હોય છે.
• ગાયની ખરીદ કિંમત ભેંસની સરખામણીમાં ઘણી ઓછી હોય છે.
• કહેવત છે કે ગાય કરે શેઠનું.

• સ્વભાવે તોફાની હોવાથી કામ કરવામાં મુશ્કેલી રહે છે. મિલ્કીંગ મશીન વાપરવામાં મુશ્કેલી પડે છે.
• ભેંસ ગરમીમાં (હિટમાં, વેતરમાં) છે કે નહીં તે સહેલાઈથી ખબર પડતી નથી જેથી ફેરવવામાં મુશ્કેલી પડે છે અને આ રીતે સમય વેડફાતો હોવાથી ખેડૂતને આર્થિક નુકસાન ભોગવવું પડે છે.
• ભેંસના દૂધની કિંમત ગાય કરતાં વધુ હોય છે.
• ભેંસની ખરીદ કિંમત વધું હોય છે.
• કહેવત છે કે ભેંસ કરે પેટનું.

ખેડૂતો કે પશુપાલક માટે પશુપાલન વિષય જ એવો છે કે જેમાં થિઅરીનું વધુ મહત્ત્વ ન હોવાથી ફક્ત પ્રેક્ટીકલી બતાવવાથી આપણે પશુપાલકોમાં સાચા અર્થમાં જાગૃતતા લાવીને એમને આર્થિક સધ્ધરતા અપાવીને એપીટમી (EPITOME – સારો દ્રષ્ટાંત, પ્રતિક, ચિહ્ન)નો સાચો અર્થ પુરવાર કરી શકીશું.

BLUECROSS LABORATORY
precise medical analyses

લોહી તથા પેશાબ ની તપાસ (Investigation) માટે ઉપલબ્ધ સેવાઓ




**નોંધ :- લોહી તથા પેશાબના તમામ ટેસ્ટ વ્યાજબી દરે કરી આપવામાં આવશે.**

પ્રો.ઈમદાદઅલી હસનભાઈ ભટ્ટ (જેઠીપુરા)

**બ્લ્યુક્રોસ લેબોરેટરી**

L/30 આકાશગંગા કોમ્પ્લેક્ષ, બસ સ્ટેન્ડની બાજુમાં, હિંમતનગર, જિ. સા.કાં.
(ઓ.) ૦૨૭૭૨-૨૪૦૧૨૧, મો. ૯૪૨૬૪ ૧૮૬૮૬ E-mail: bluecrosslabhmt@gmail.com



# મીર અનીસના મરસિયા

મરસિયા—૨

مرثیہ-۲

**જનાબે ઝૈનબ (અ.)ના ફરઝંદો : ઔન (અ.) અને મોહંમદ (અ.)ની શહાદત**

**جنگ و شہادت عونؑ و محمدؑ پسرانِ حضرتِ زینبؑ**

تھے مضطر و بیتاب اِدھر حضرت شبیرؑ
سر کھولے تھی قبلے کی طرف شاہ کی ہمشیر
اور بیبیاں دروازوں پہ تھیں مضطر و دلگیر
ہاتھوں کو دھرے ہاتھوں پہ کرتی تھی یہ تقریر
بابا سے کبھی اصغرؑ و اکبرؑ نہ جدا ہوں
یا ربّ مرے بچّے مرے بھائی پہ فدا ہوں

૨૫

**થે મુઝતરો બેતાબ ઈધર હઝરતે શબ્બીર**
**સર ખોલે થી કિબ્લેકી તરફ શાહકી હમશીર**
**ઔર બીબીયાં દરવાઝે પે થીં મુઝતરો દિલગીર**
**હાથોંકો ધરે હાથોં પે કરતી થી યે તકરીર**
**બાબાસે કભી અસ્ગરો અકબર ન જુદા હોં**
**યા રબ ! મેરે બચ્ચે મેરે ભાઈ પે ફિદા હોં**

(આ બાજુ હઝરતે શબ્બીર દુ:ખગ્રસ્ત અને વ્યાકુળ હતા તો ખૈમાના દરવાજા પર બીબીઓ પણ દુ:ખી અને દિલગીર હતી. શાહે કરબલાની બહેન ઝૈનબ કિબ્લા તરફ પોતાના માથાને ખુલ્લું કરીને અને પોતાના હાથને હાથ ઉપર મૂકીને આવી તકરીર કરતાં હતાં કે અલી અસ્ગર અને અલી અકબર તેમના બાબાથી જુદા થવા ન જોઈએ. અય મારા રબ! મારા બન્ને ફરઝંદો મારા ભાઈ ઉપર ફિદા થઈ જવા જોઈએ.)

تلواروں سے مجروح ہوں یا برچھیاں کھائیں
اس دم مرا دل دیتا ہے دونوں کو دعائیں
ممکن نہیں جیتے جو وہ میدان سے آئیں
لے آئے کوئی چھوٹے سے ہاتھوں کی بلائیں
ڈیوڑھی سے صدا ان کو سنانے کی نہیں میں
چاہیں گے بلا لوں سو بلانے کی نہیں میں

૨૬

**તલવારોંસે મજરૂહ હોં યા બરછીયાં ખાએં**
**ઈસ દમ મેરા દિલ દેતા હૈ દોનોંકો દુઆએં**
**મુમ્કીન નહીં જીતે જો વો મૈદાનસે આએં**
**લે આયે કોઈ છોટે સે હાથોંકી બલાએં**

**ડેવળીસે સદા ઉનકે સુનાને કી નહીં મૈં**
**ચાહેંગે બલાલૂં સો બુલાને કી નહીં મૈં**

(બીબી ઝૈનબ (અ.) એવી દુઆ માગતાં હતાં કે તે બન્ને દીકરા તલવારોથી ઘાયલ થાય અથવા તો બરછીઓ ખાય. તેઓ જીવતા મેદાનમાંથી આવે એ બાબત શકય નથી. અત્યારે તો મારું દિલ તેમને બન્નેને દુઆઓ આપે છે કે કોઈ નાનકડા હાથોની બલાઓ લઈ આવે. ખૈમાના દરવાજાથી હું તેમને મારો અવાજ સંભળાવવાની નથી. તેઓ એવું ઈચ્છે કે હું તેમની બલાઓ લઉં, પરંતુ હું તેમને બોલાવવાની નથી.)

یہ ذکر تھا جو شور اٹھا دشتِ وغا سے　　لو قتل ہوئے شیر الٰہی کے نوا سے
کیا چھاتیوں پر برچھیاں ماری ہیں دغا سے　　وہ لوٹتے ہیں خاک پہ دو روز کے پیاسے
دیکھے انہیں کہہ دے کوئی حضرت کی بہن سے
چھوٹی سی زبانیں نکل آتی ہیں دہن سے

**યે ઝિક્ર થા જો શોર ઊઠા દશ્તે વગાસે　　લો કત્લ હુએ શેરે ઈલાહીકે નવાસે**
૨૭
**કયા છાતીયાં પર બરછીયાં મારી હૈ દગાસે　　વો લોટતે હૈ ખાક પે દો રોઝ કે પ્યાસે**
**દેખે ઈન્હેં કહે દે કોઈ હઝરતકી બહનસે**
**છોટી સી ઝબાનેં નિકલ આઈ હૈ દહનસે**

(આવો ઝિક્ર થતો હતો તેવામાં જંગના મેદાનમાંથી એક શોર બુલંદ થયો કે લ્યો, શેરે ઈલાહી મૌલા અલી (અ.)ના નવાસાઓ કતલ થઈ ગયા. તેમની છાતીઓ ઉપર દગાથી બરછીઓ મારી છે. બે દિવસના તરસ્યા તે બન્ને જાણા ખાક ઉપર આળોટે છે. હઝરત ઈમામ હુસૈન (અ.)ની બહેનને કોઈ જુએ તો કહી દો કે તેમની નાનકડી જીભો મોઢામાંથી બહાર નીકળી પડી છે.)

ان شیروں نے لشکر کے نموداروں کو مارا　　کیا کیا پسر سعد کے غم خواروں کو مارا
پامال پیادے کئے اسواروں کو مارا　　ساونتوں کو پسپا کیا جرّاروں کو مرا
آئے تھے حمایت کو حسینؑ ابنِ علی کی
ان چھوٹے سے ہاتھوں سے بڑی تیغ زنی کی

**ઉન શેરોંને લશ્કરકે નમૂદારોંકો મારા　　કયા કયા પિસરે સઅદકે ગમખ્વારોંકો મારા**
૨૮
**પામાલ પ્યાદે કિયે અસ્વારોંકો મારા　　સાવંતોંકો પસે પા કિયા જર્રારોંકો મારા**
**આયે થે હિમાયતકો હુસૈન ઈબ્ને અલીકી**
**ઈન છોટે સે હાથોંસે બડી તેગઝની કી**

(આ બન્ને શેરોએ તો લશ્કરના સરદારોને મારી નાખ્યા. તેમણે પિસરે સઅદના કેવા કેવા હમદર્દોને મારી નાખ્યા. પ્યાદા સૈનિકોને પાયમાલ કરી દીધા અને ઘોડેસવારોને પણ મારી નાખ્યા, મોટા મોટા બહાદુરોને પગતળે કચડી

નાખ્યા અને લડવૈયાઓને પણ મારી નાખ્યા. આ બન્ને ભાણીયા ઈમામ હુસૈન (અ.)ની હિમાયતમાં આવ્યા હતા. તેમણે પોતાના નાનકડા હાથો વડે મહાન તલવારબાજી કરી.)

ہاں اسلحہ کو دونوں کے اے لوٹنے والو　　یہ نیمچے ان دونوں کے قبضوں سے چھڑالو
پٹکوں کی گرہ کاٹ کے ہتھیار نکالو　　ان چھوٹے سے شملوں کو سرہانے سے اُٹھالو
اب کھینچے ہوئے تیغ دو دم آئیں گے شبیرؑ
سر بیچ کے ان لاشوں کو لے جائیں گے شبیرؑ

**હાં અસ્લહાકો દોનોંકે અય લૂંટનેવાલો　　યે નીમચે ઈન દોનોંકે કબઝોંસે છુળાલો**
૨૯
**પટકોંકી ગિરહ કાટ કે હથિયાર નિકાલો　　ઈન છોટે સે શમલોંકો સિરહાનેસે ઉઠાલો**
**અબ ખેંચે હુએ તેગે દો દમ આયેંગે શબ્બીર**
**સર બેચકે ઈન લાશોંકો લે જાએંગે શબ્બીર**

(હાં, એ બન્ને ભાઈઓના હથિયારોને લૂંટવાવાળાઓ ! આ નાની નાની તલવારો બન્નેના કબજામાંથી છોડાવી લો. તેમના કમરે બાંધવાના ખેસની ગાંઠને ખોલી નાખીને હથિયારો બહાર કાઢી નાખો. એ નાનકડાં પાઘડીનાં છોગાંને સિરહાનોથી ઉઠાવી લો. હવે બેધારવાળી તલવાર ખેંચીને શબ્બીર આવ્યા જ સમજો. જનાબે શબ્બીર પોતાનું સર વેચી દઈને પણ લાશોને લઈ જશે.)


સિધ્ધપુર　　નોન વેજ.

MEZBANI
EAT DAILY. FRESH, FAST & TASTY.

**મેઝબાની રેસ્ટોરન્ટ**

તંદૂર　ઈન્ડીયન　મોગલાઈ　ચાઈનીસ

અમારા ત્યાં પાર્ટી ઓર્ડર લેવામાં આવે છે.

❖ માટલા ગોસ ❖ માટલા ચિકન ❖ સ્પે. મટન ❖ સ્પે. ચીકન

વજન (કિલો) પર બનાવી આપીશું.

તાવડીયા ચાર રસ્તા પાસે, સિધ્ધપુર. ફોન : ૦૨૭૬૭ ૨૨૪૩૭૭ મો. ૯૭૨૪૦ ૧૪૭૦૩

# જ્ઞાનગોષ્ઠિ

સંપાદક : મોમિન રત્ન

## વસિયત વિષે

(ગતાંકનું ચાલુ)

**સ્ત્રીને વસિયત કરવી અને વસી બનાવવી મકરૂહ છે :**

સકૂનીએ હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી, તેમણે પોતાના પિદરે બુઝુર્ગવારથી, તેમણે પોતાના આબાએ કિરામ (અ.)થી રિવાયત કરી છે કે અમીરુલ મોમિનીન (અ.)એ ઈર્શાદ ફરમાવ્યો કે સ્ત્રીને વસી બનાવવી ન જોઈએ એટલા માટે કે અલ્લાહ તઆલાએ ઈર્શાદ ફરમાવ્યો છે :

وَلَا تُؤْتُوا السُّفَهَاءَ أَمْوَالَكُمُ...﴿٥﴾

*(તમે લોકો પોતાનો માલ સફીહોં (મૂર્ખ લોકો)ને ન સોંપો.)* (સૂરા નિસા, આયત–૫) (૫૫૩૩)

અને બીજી હદીસમાં છે કે હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)થી ખુદાનો કોલ : વલા તૂઅતૂસ્સફહાઅના સંબંધમાં પૂછવામાં આવ્યું તો આપ (અ.)એ ફરમાવ્યું કે તમે લોકો તમારા માલ શરાબખોરો અને સ્ત્રીઓને સોંપો નહીં. પછી ફરમાવ્યું, અને શરાબખોરથી વધારે કોણ સફીહ (બેવકૂફ) હશે ? (૫૫૩૪)

**વસીના વસી પર વસિયત પર અમલ કરવાની બાબતે શું લાઝિમ છે ?**

મોહંમદ બિન હસન સફ્ફાર (રઝી.અ.)એ હઝરત ઈમામ અબૂ મોહંમદ હસન બિન અલી (અ.)ને પત્ર લખ્યો કે એક વ્યકિત એક માણસની વસી હતી. તે મરી ગયો તો તેણે બીજા માણસને વસી બનાવી દીધો. શું તે વસી પર પણ વસિયતની એ જ પાબંદી લાઝિમ છે કે જે પહેલા વસી પર લાઝિમ હતી ? તો આપ (અ.)એ જવાબમાં લખી મોકલ્યું, જો પહેલા વસી પર પાબંદી હક હતી તો આના ઉપર પણ હક છે. (૫૫૩૫)

**એક માણસ એક વ્યકિત માટે પોતાના માલના એક હિસ્સાની વસિયત કરે છે પછી વસિયત કરતાં કરતાં અપરાધમાં કતલ થઈ જાય છે.**

આસિમ બિન હમીદે મોહંમદ બિન કૈસથી રિવાયત કરી છે. તેમનું બયાન છે કે મેં આંજનાબ (અ.)ને અરજ કરી કે એક આદમી એક વ્યકિત માટે પોતાના માલના ૧/૩ (એક તૃત્યાંશ) અથવા ૧/૪ (એક ચતુર્થાંશ)ની વસિયત કરે છે પછી વસિયત કરનારો અપરાધમાં કતલ થઈ જાય છે. આપ (અ.)એ ફરમાવ્યું, તેની વસિયત તેના માલ અને તેના ખૂંબહામાંથી પૂરી કરવામાં આવશે. (૫૫૩૬)

અને બીજી હદીસમાં છે કે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)ને પૂછવામાં આવ્યું કે એક માણસે પોતાના ૧/૩ (એક તૃત્યાંશ) માલની વસિયત કરી પછી તેને અપરાધમાં કતલ કરી દેવામાં આવ્યો. આપ (અ.)એ ફરમાવ્યું, તેના ખૂંબહાનો ૧/૩ (એક તૃત્યાંશ) પણ તેની વસિયતમાં દાખલ થશે. (૫૫૩૭)

**એક વ્યકિતએ એક માણસને પોતાની ઓલાદની અને પોતાના માલની વસિયત કરી અને વસિયતના સમયે તેને રજા આપી કે તે માલમાંથી કોઈ કામ કરે અને તેનો નફો તેના અને તેની ઓલાદ વચ્ચે વહેંચશે.**

મોહંમદ બિન યાકૂબ કુલૈની (રઝી.અ.)એ

રિવાયત કરી છે. તેમનું બયાન છે કે બયાન કર્યું મને અહમદ બિન મોહંમદ આસમીએ રિવાયત કરતાં અલી બિન હસન મૈસમીથી, તેમણે હસન બિન યૂસુફથી, તેમણે શન્ના બિન વલીદથી, તેમણે મોહંમદ બિન મુસ્લિમથી, તેમણે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી કે આંજનાબ (અ.) ને પૂછવામાં આવ્યું કે એક વ્યક્તિએ એક માણસને પોતાના માલ અને ઓલાદ માટે વસિયત કરી અને વસિયતના સમયે તેને પરવાનગી આપી દીધી કે તે માલથી કામ કરે અને નફો તેની અને તેની ઓલાદની વચ્ચે રહેશે. આપ (અ.)એ ફરમાવ્યું, આમાં કંઈ વાંધો નથી એટલા માટે કે છોકરાના બાપે પોતાની જિંદગીમાં તેને ઈજાઝત આપી દીધી છે. (૫૫૩૮)

ઈબ્ને અબી ઉમૈરે અબ્દુર્રહેમાન બિન હજ્જાજથી, તેમણે ખાલિદ તવીલથી રિવાયત કરી છે. તેમનું બયાન છે કે મારા વાલિદની વફાતનો સમય જ્યારે નજીક આવ્યો તો તેમણે મને બોલાવ્યો અને કહ્યું, અય ફરઝંદ ! તમારા નાના ભાઈઓનો માલ પણ તમે સંભાળજો અને તેનાથી કામ કરો, અડધો નફો તમે લો અને અડધો તે બધાને આપો અને તમારા ઉપર કોઈ જવાબદારી નથી. તો મારા બાપની ઉમ્મ વલદે મારા બાપના મર્યા પછી મને ઈબ્ને અબી લૈલાની સામે રજૂ કર્યો અને કહ્યું કે આ મારી ઓલાદનો માલ ખાઈ રહ્યો છે. તો મેં જે કંઈ મારા બાપે હુકમ આપ્યો હતો તે તેમની સામે બયાન કર્યું. તો ઈબ્ને અબી લૈલાએ કહ્યું કે અગર તમારા બાપે તમને ખોટો હુકમ આપ્યો તો હું તેની ઈજાઝત નથી આપતો. પછી ઈબ્ને અબી લૈલા મારા પર ગવાહ બનાવીને અગર હું કોઈ હરકત કરું તો તે એનો જામીન હશે. પછી હું હઝરત ઈમામ જાફર સાદિક (અ.)ની ખિદમતમાં હાજર થયો અને મારો આખો કિસ્સો સંભળાવ્યા પછી અરજ કરી કે આપ (અ.)ની તેમાં શું રાય છે ? આપ (અ.) એ ફરમાવ્યું, હું ઈબ્ને અબી લૈલાના કોલને તો રદ નથી કરી શકતો, પરંતુ રહી ગઈ તમારી બન્ને અને અલ્લાહની વચ્ચેની વાત તો હવે તમારા ઉપર કોઈ જવાબદારી નથી. (૫૫૩૯)

**કોઈ બીમારના પોતાના કોઈ વારસદાર પાસેથી કર્ઝ લેવાનો એકરાર :**

હસન બિન મહેબૂબે હિશામ બિન સાલિમથી, તેમણે ઈસ્માઈલ બિન જાબિરથી રિવાયત કરી છે. તેમનું બયાન છે કે મેં એક વખત હઝરત ઈમામ જાફર સાદિક (અ.)ને પૂછ્યું કે એક માણસ બીમાર હતો તેણે એકરાર કર્યો કે મારા ઉપર ફલાણા વારિસનું કર્ઝ છે. આપ (અ.)એ ફરમાવ્યું, અગર તમારો એકરાર ૧/૩ (એક તૃત્યાંશ) તર્કાની અંદર હોય તો જાઈઝ છે. (૫૫૪૦)

હમ્માદે હલીથી, તેમણે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી રિવાયત કરી છે. તેમનું બયાન છે કે મેં આંજનાબ (અ.)ને અરજ કરી કે એક બીમાર માણસે એકરાર કર્યો કે ફલાણા વારસદારનું મારા ઉપર કર્ઝ છે. આપ (અ.)એ ફરમાવ્યું, અગર તે માલદાર હોય તો જાઈઝ છે. (૫૫૪૧)

સફવાન બિન યહ્યાએ મન્સૂર બિન હાઝિમથી રિવાયત કરી. તેમનું બયાન છે કે એક વખતે મેં હઝરત ઈમામ જાફર સાદિક (અ.)ને પૂછ્યું કે એક વ્યક્તિએ પોતાના કોઈ વારસદારના માટે વસિયત કરી કે તેનું મારા ઉપર કર્ઝ છે. તો આપ (અ.)એ ફરમાવ્યું કે અગર તે માણસ મો'તબર અને સ્પષ્ટ હોય તો જેના માટે તેણે વસિયત કરી છે, તેને આપી દે. (૫૫૪૨)

અલી બિન નોઅમાને ઈબ્ને મુસ્કાનથી, તેમણે અલા સબ્ઝીફરોશ (શાકભાજી વેચનાર)થી રિવાયત કરી છે. તેમનું બયાન છે કે એક વખત મેં એક સ્ત્રીની બાબતમાં પૂછયું કે જેણે એક પુરુષની પાસે અમુક માલ દોલત રાખી અને જ્યારે તેની વફાતનો સમય નજીક આવ્યો તો તેણે તે પુરુષને કહ્યું, જે માલ મેં તમારી પાસે અમાનતમાં મૂકયો છે તે ફલાણી સ્ત્રીનો છે. આટલું કહીને તે મરી ગઈ તો તેના વારસદારો તે પુરુષની પાસે આવ્યા અને બોલ્યા, અમારી સ્વજન પાસે માલ હતો, અમારી દૃષ્ટિએ તે તમારી પાસે છે. કસમ ખાઓ કે તમારી પાસે કંઈ નથી. તો શું તે લોકોની આગળ તે કસમ ખાય ? આપ (અ.)એ ફરમાવ્યું કે અગર તે સ્ત્રી મો'તબર અને સ્પષ્ટ હતી તો કસમ ખાઈ લે અને અગર બિનભરોસાપાત્ર અને અસ્પષ્ટ હતી તો કસમ ન ખાય બલ્કે પૂરો મામલો તેમની સામે રાખી દે. એટલા માટે કે તે માલમાંથી તે (સ્ત્રી)ને ૧/૩ (એક તૃત્યાંશ) પર વસિયતનો હક છે. (૫૫૪૩)


માણસ જોઇએ છે મેડીકલ સ્ટોર માટે.

અનુભવી / બીન અનુભવી.

(રહેવા જમવા ની સગવડ સાથે.)

સ્થળ : અહમદાબાદ

Please Contact : 9427955115


## શબ્દ પરિચય

### જિગર

**જિગર :** (جگر) જિગર ફારસી ભાષાનો શબ્દ છે તેના અર્થ આ પ્રમાણે થાય છે : (૧) કાળજું, કલેજુ, યકૃત (૨) સાહસ, હિંમત, શકિત. જિગર ઉપરથી બનતા શબ્દો : **જિગરઅફગાર** - ભગ્ન હૃદય, ખૂબ જ દુ:ખી **જિગરકાવી** - સખત પરિશ્રમ **જિગરખિરાશ** - હૃદયદ્રાવક, દિલ પીગળી જાય તેવું **જિગરખ્વાર** – (૧) કારમું, દુ:ખજનક, (૨) જાદુગર, (૩) ડાકણ **જિગરખ્વારી** - દુ:ખ, શોક **જિગરચાક** - જેનું દિલ શોકથી ભાંગી પડ્યું હોય તેવું **જિગર જલના** - બળતરા થવી, દુ:ખ થવું, જીવ બળવો **જિગરતબા** - કાળજાને ગરમ કરનાર **જિગરપારા** - કાળજાનો ટુકડો (પુત્ર) **જિગરબંદ** - કાળજાનો ટુકડો (પુત્ર) **જિગરસોઝ** - દુ:ખદાયી, સહાનુભૂતિ દર્શાવનાર **જિગરી** - હાર્દિક, ઘનિષ્ઠ, દિલોજાન **જિગરીદાગ** - દિલનો ડાઘ, એવું દુ:ખ કે જેનાથી દિલમાં ડાઘ પડી જાય. **જિગરીદોસ્ત** - સાચો મિત્ર. જિગર પરથી બનતા કેટલાક મુહાવરા જોઈએ : **જિગર આબ હોના** - કોઈ બાબત કે ઘટનાની ઊંડી અસર થવી, સખત સદમો પહોંચવો, હિંમત તૂટવી, ડરી જવું **જિગર ઉછલના** - બેતાબ થઈ જવું, ડરવું, સદમો મહેસૂસ થવો **જિગરપારા** - કાળજાનો ટુકડો (પુત્ર) **જિગર પાશ પાશ હોના** - ગમની અતિશયતા હોવી **જિગર પાના** - હિંમત હોવી **જિગર પાની હોના** - હિંમત તૂટી જવી, ડરી જવું **જિગર પર પથ્થર રખ લેના** - સબ્ર કરવી, મનોભાવ જાહેર ન કરવા **જિગર પર હાથ રખના** - બેકરારીની હાલતમાં કલેજુ પકડી લેવું **જિગર ફટના** - બેહદ દુ:ખ થવું **જિગર તશ્ના** - ખૂબ તરસ્યો **જિગર જિગર દિગર દિગર** - પોતાનું એ પોતાનું અને પારકું એ પારકું **જિગર ચાક હોના** - દિલને દુ:ખ પહોંચવું **જિગર કબાબ હોના** - દિલ બળી જવું, વગેરે.

# આપણા ઘરની વાતો

● **ધરોડામાં મિની મક્તબાનો ટ્રેનિંગ પ્રોગ્રામ યોજાયો :**



શીઆ જાફરી મશાયખી મોમિન જમાઅત, ધરોડામાં તા.૧૩-૦૪-૧૪ થી તા.૨૦-૦૪-૧૪ દરમિયાન સાત દિવસ માટે હલ્કા ઈર્ફાને અહલેબૈત ટ્રેનિંગ પ્રોગ્રામ અંતર્ગત મક્તબા જાફરીયાના મોલ્વી સાહેબોનો ટ્રેનિંગ પ્રોગ્રામ 'મિની મક્તબા' હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ (મદ્દે.) ની હાજરીમાં અને માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. દરરોજ સવાર –સાંજ ક્લાસ, રાત્રે જુદા જુદા વિષયો ઉપર ખુત્બા અને ઈલ્મી મહેફિલના કાર્યક્રમો યોજાતાં આખાય ગામમાં હિદાયતની રોશની ફેલાઈ ગઈ હતી. ગામના અબાલ વૃધ્ધો દ્વારા મહેમાનોની નિખાલસતાપૂર્વક મહેમાનનવાઝીના અદમ્ય ઉત્સાહીથી વાતાવરણ રૂહાની બની ગયું હતું. અઠવાડિયાના અંતે ખેડા જિલ્લા વિભાગની મુદર્રિસા બહેનોનો વર્કશોપ યોજાયો હતો. જેમાં જનાબા સૈયદા તહેસીનફાતેમા અમ્માજી સાહેબાએ હાજરી આપી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ગામના મોમિન ભાઈઓએ મહેમાનોની ખડે પગે ઊભા રહીને ખિદમત કરી હતી અને આજુબાજુના ગામોના મોમિન ભાઈઓ, હોટલ પ્રગતિ અને હોટલ દિલબહાર, બારેજા તેમજ ગામના હિન્દુ ભાઈઓ તરફથી પણ ખૂબ સહકાર મળ્યો હતો. ધરોડા ગામની જમાઅત સર્વેનો શુક્રિયા અદા કરે છે.

● **ઇન્નાલિલ્લાહે..:**

ઈલોલ (તલાવ) નિવાસી **મર્હૂમ મો.નશીરભાઈ દાવૂદભાઈ વિજાપુરા** મુ.તા. ૧૧, જમા.અવ્વલ–૧૪૩૫, તા. ૧૩/૩/૨૦૧૪ને ગુરુવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે.

વાઘરોલ નિવાસી **મર્હૂમા મો.મરયમબેન રહીમભાઈ સુણસરા (નેવા)** મુ.તા. ૧૨, જમા.અવ્વલ–૧૪૩૫, તા.૧૪/૩/૨૦૧૪ને શુક્રવારના રોજ ૭૬ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા મરયમબેન 'હોલા'ના હુલામણા નામથી જાણીતાં હતાં. તેઓ કુટુંબીજનો અને ગામજનો સાથે હંમેશાં હસતા ચહેરે વાતચીત કરતાં હતાં. મર્હૂમા બે વખત હજ અને ઝિયારતથી મુશર્રફ થયેલાં હતાં. તેઓ મોહંમદ વ આલે મોહંમદ તેમજ પીરો મુરશિદ પ્રત્યે ઊંડી આસ્થા ધરાવતાં હતાં.

બાદરપુર નિવાસી **મર્હૂમ મો.ઇસ્માઈલભાઈ લાલાભાઈ સુખડ** મુ.તા.૨૮ રબી. આખર–૧૪૩૫,

તા. ૧/૩/૨૦૧૪ને શનિવારના રોજ ૬૭ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે.

બાદરપુર નિવાસી **મર્હૂમ મો.ઝાકિરહુસૈન ડોસનભાઈ સલ્લુવાળા** મુ.તા. ૨૬ જમા. અવ્વલ–૧૪૩૫ તા. ૨૮/૩/૨૦૧૪ને શુક્રવારના રોજ જુમ્આની નમાઝમાં ઝિયારત પઢતાં પઢતાં હૃદયરોગના હુમલાથી ૪૪ વર્ષની વયે અલ્લાહની રહેમતે પહોંચ્યા છે. તેઓ સામાજિક કામોમાં રસ દાખવતા હતા.

બાદરપુર નિવાસી **મર્હૂમ મો.નશીરભાઈ સુલેમાન રેવતી** મુ.તા. ૨૯ જમા. અવ્વલ–૧૪૩૫, તા. ૩૧/૩/૨૦૧૪ને સોમવારના રોજ ટૂંકી માંદગી બાદ ૧૦૧ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે.

કિશોરગઢ નિવાસી **મર્હૂમા મો.અમીનાબેન ઈસબભાઈ ખણુશીયા** મુ.તા. ૧૧ જમા.આખર–૧૪૩૫, તા.૧૨/૦૪/૨૦૧૪ને શનિવારના રોજ ૮૫ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે.

જેઠીપુરા નિવાસી **મર્હૂમ મો.હસનભાઈ નૂરમોહંમદ રેવાસીયા** મુ.તા. ૧, જમા.આખર–૧૪૩૫, તા.૨–૪–૨૦૧૪ને બુધવારના રોજ ૭૧ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા. મર્હૂમ સ્વભાવે શાંત અને મિલનસાર સ્વભાવના હતા. તેઓ મોહંમદ વ આલે મોહંમદ (અ.)ના ચાહક અને આશિકે હુસૈન (અ.) હતા.

હૈદરપુરા નિવાસી **મર્હૂમ મો.રહીમ જમાલ સુણસરા** મુ.તા.૧૮, જમા.અવ્વલ–૧૪૩૫, તા.૨૦–૩–૨૦૧૩ને ગુરુવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સખી અને અઝાદારે હુસૈન (અ.) હતા. મર્હૂમ ઉમરા હજથી પણ મુશર્રફ થયેલા હતા.

કઠોર નિવાસી મર્હૂમ હસનભાઈ કારભારીના દીકરા **મર્હૂમ હાજી લિયાકતઅલી હસનભાઈ** મુ.તા. ૪, રબી.આખર–૧૪૩૫, તા.૫–૨–૨૦૧૪ના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. તેઓ પીરો મુરશિદના ચાહક અને અહલેબૈત (અ.) ના આશિક હતા. સ્વભાવે નમ્ર અને સહનશીલ હતા.

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહેમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.


Abbas Ali 9925637429

Manjur Ali 9662238925

**જ્યોતિ ઈલેક્ટ્રીક**

ઘર, હોટલ, રેસ્ટોરેન્ટ, ગેસ્ટહાઉસ, તથા ઓફિસના ઈલેક્ટ્રીક માલ-સામાન અમારા ત્યાં વ્યાજબી ભાવે મળી રહેશે.

ઈસ્ત્રી, હીટર, ગ્રીઝર, મીક્સર બ્લેન્ડર મળશે.

Hi-Fi MODULAR  RR KĀBEL  Rapid Electric accessories  Crompton Greaves EVERYDAY SOLUTIONS  POLYCAB WIRES & CABLES  HAVELLS

(ગામ : સેદ્રાણાવાળા)

જી-૮૦, સામર્થ કોમ્પ્લેક્ષ, હોટલ સિધ્ધાર્થની સામે, તાવડીયા ચાર રસ્તા, સિધ્ધપુર.

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

**મર્હૂમ હાજી ગુલામઅલી ફતેહભાઈ તથા મર્હૂમા હાજીયાણી શેરબાનુ ગુલામઅલી (માસ્ટર) ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૫૦/- મો. મોહંમદહુસૈન હાજી ગુલામઅલી

રૂા.૫૦/- મો. યાસ્મિનબાનુ મોહંમદહુસૈન

રૂા.૫૦/- મો. એહસાનઅલી મોહંમદહુસૈન

રૂા.૫૦/- મો. અઝમતફાતેમા મોહંમદહુસૈન

રૂા.૫૦/- મો. મકબૂલફાતેમા મોહંમદહુસૈન

રૂા.૫૦/- મો. મહદીઅલી હાજી ગુલામઅલી

રૂા.૫૦/- મો. હુસૈનાબાનુ મહદીઅલી

રૂા.૫૦/- મો. નુસરતફાતમા મહદીઅલી

રૂા.૫૦/- મો. ઈસ્મતફાતમા મહદીઅલી

રૂા.૫૦/- મો. અબ્બાસઅલી હાજી ગુલામઅલી

રૂા.૫૦/- મો. કનીઝઝહરા અબ્બાસઅલી

રૂા.૫૦/- મો. નજીબાફાતેમા અબ્બાસઅલી

રૂા.૫૦/- મો. મોહંમદઅકીલ અબ્બાસઅલી

રૂા.૧૦૧/- મો. અબ્બાસઅલી હાજી ગુલામઅલી તરફથી તેમના દિકરા 'મોહંમદઅકીલ'ના જન્મની ખુશાલી પ્રસંગે.

**મર્હૂમ મો.નશીરભાઈ દાવૂદભાઈ વિજાપુરા (ઈલોલ.ત.)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૧૦/- મો. હાસમભાઈ દાવૂદભાઈ વિજાપુરા

રૂા.૧૧૦/- મો. મદીનાબેન હાશમભાઈ વિજાપુરા

રૂા.૧૧૦/- મો. યૂસુફભાઈ દાવૂદભાઈ વિજાપુરા

રૂા.૧૧૦/- મો. ઝહરાબેન યૂસુફભાઈ વિજાપુરા

રૂા.૧૧૦/- મો. શરીફભાઈ દાવૂદભાઈ વિજાપુરા

રૂા.૧૧૦/- મો. બાનુબાબેન શરીફભાઈ વિજાપુરા

રૂા.૧૧૦/- મો. હલીમાબેન શરીફભાઈ મેમાયા

રૂા.૧૧૦/- મો. કુલસૂમબેન ખાંનજીભાઈ દાંત્રોલિયા

રૂા.૧૦૫૦/- મર્હૂમા મરયમબેન રહીમભાઈ સુણસરા (નેવા) વાઘરોલની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૫૦/- મો. મોહંમદભાઈ નશીરભાઈ પરબડીયા (ભાગળ) ઉમરા-હજ તથા ઝિયારતથી મુશર્રફ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૨૫૦/- મો. અમીનાબેન મોહંમદભાઈ પરબડીયા (ભાગળ) ઉમરા-હજ તથા ઝિયારતથી મુશર્રફ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૨૫૦/- મો. ઈબ્રાહીમભાઈ રહીમભાઈ પરબડીયા (આંબલીયાળ-મહેરપુરા) ઉમરા-હજ તથા ઝિયારતથી મુશર્રફ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૨૫૦/- મો. મજીદાબેન ઈબ્રાહીમભાઈ પરબડીયા (આંબલીયાળ-મહેરપુરા) ઉમરા-હજ તથા ઝિયારતથી મુશર્રફ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૪૦૦/- મર્હૂમ રહીમભાઈ જલાલભાઈ સુણસરા (હૈદરપુરા)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૫/- મર્હૂમ નશીરભાઈ સુલેમાન રેવતી (બાદરપુર)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૭૮૬/- મર્હૂમ ઝાકિરહુસૈન ડોસનભાઈ સલ્લુવાળા (બાદરપુર)ના પરિવારજનો તરફથી.

**મર્હૂમ મો.ઈસ્માઈલભાઈ લાલાભાઈ સુખડ (બાદરપુર)ની રૂહના સવાબ અર્થે.**

રૂા.૧૫૦/- મો. મરયમબેન ઈસ્માઈલ સુખડ
રૂા.૧૦૦/- મો. અકબરઅલી ઈસ્માઈલ સુખડ
રૂા.૧૦૦/- મો. અઝમતફાતમા અકબરઅલી સુખડ
રૂા.૫૦/- મો. શીરીનફાતમા અકબરઅલી સુખડ
રૂા.૫૦/- મો. હબીબાબેન ગુલામઅલી કરમુલા
રૂા.૫૦/- મો. સાજેદાબેન નજરઅલી સુખડ

**મર્હૂમા મો. અમીનાબેન ઈસબભાઈ ખણસીયા (કિશોરગઢ)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦/- મો. ખુદૈજાબેન ઈસબભાઈ ખાણશિયા
રૂા.૧૦૦/- મો. નૂરમોહંમદ ઈસબભાઈ ખાણશિયા
રૂા.૧૦૦/- મો. કુલસૂમબેન નૂરમોહંમદ ખાણશિયા
રૂા.૧૦૦/- મો. ગુલામઅબ્બાસ ઈસબભાઈ ખાણશિયા
રૂા.૧૦૦/- મો. સુગરાબેન ગુલામઅબ્બાસ ખાણશિયા
રૂા.૫૦/- મો. મરયમબેન હબીબભાઈ ખાણશિયા
રૂા.૫૦/- મો. સુગરાબેન ગુલામઅલી ખરોડીયા (પીંપોદર)

**મર્હૂમ મો. હસનભાઈ નૂરમોહંમદ રેવાસીયા (જેઠીપુરા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૫૦૦/- મો.મહેમૂદહુસૈન હસનભાઈ રેવાસીયા
રૂા.૧૦૦/- મો.શબ્બીરહસન અલીભાઈ વિજાપુરા
રૂા.૧૦૦/- મો.વજીરઅલી ઈસ્માઈલભાઈ પરબડીયા
રૂા.૧૦૦/- મો.ગુલામમોહંમદ પીરમોહંમદ રેવાસીયા
રૂા.૧૦૦/- મો.ગુલામમોહંમદ અલીમોહંમદ રેવાસીયા
રૂા.૧૦૦/- મો.ગુલામહૈદર પીરમોહંમદ રેવાસીયા
રૂા.૧૦૦/- મો.કાસિમઅલી અલીમોહંમદ રેવાસીયા

રૂા.૫૦૦/- મો.ઝાકિરહુસૈન ગુલામ જગરાળા (હૈદરપુરા) તરફથી મોહંમદ વ આલે મોહંમદ (અ.) ની અર્વાહના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- મો.ઝાકિરહુસૈન ગુલામ જગરાળા (હૈદરપુરા) તરફથી તેમના પરિવારના મર્હૂમોની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમ મો.રહીમ જમાલ સુણસરા (હૈદરપુરા) ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૪૨૯/- મો.કુલસૂમબેન રહીમ સુણસરા
રૂા.૧૦૦/- મો.હસનઅલી રહીમ સુણસરા
રૂા.૫૦/- મો.આબેદાબેન હસનઅલી સુણસરા
રૂા.૧૦૦/- મો.લિયાકતઅલી રહીમ સુણસરા
રૂા.૫૦/- મો.મન્સૂરાબેન લિયાકતઅલી સુણસરા
રૂા.૧૦૦/- મો.એહસાનઅલી રહીમ સુણસરા
રૂા.૫૦/- મો.સાબેરાબેન એહસાનઅલી સુણસરા
રૂા.૧૦૦/- મો.મોહસિનઅલી રહીમ સુણસરા
રૂા.૫૦/- મો.તાહેરાબેન મોહસિનઅલી સુણસરા
રૂા.૨૧/- મો.મોહંમદઅલી હસનઅલી સુણસરા
રૂા.૨૧/- મો.અકીલાઝૈનબ હસનઅલી સુણસરા
રૂા.૨૧/- મો.સાકિરહુસૈન લિયાકતઅલી સુણસરા
રૂા.૨૧/- મો.હમીદાફાતેમા લિયાકતઅલી સુણસરા
રૂા.૨૧/- મો.મોહંમદસાજીદ એહસાનઅલી સુણસરા
રૂા.૨૧/- મો.આરેફાફાતેમા મોહસિનઅલી સુણસરા
રૂા.૫૦/- મો.તાહેરાબેન ગુલામરસૂલ કડીવાલ
રૂા.૨૧/- મો.સાજેદાફાતેમા ગુલામરસૂલ કડીવાલ
રૂા.૨૧/- મો.સાકેરાફાતેમા ગુલામરસૂલ કડીવાલ
રૂા.૨૧/- મો.હૈદરઅલી ગુલામરસુલ કડીવાલ
રૂા.૨૧/- મો.ગુલામઅબ્બાસ રસૂલ કડીવાલ

રૂા.૧૨૧/- મો.કુલસૂમબેન રહીમ સુણસરા (હૈદરપુરા) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા (રહે.અ.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૧/- મો.ગુલામનબી અબ્દુલરહીમ રોયલવાળા તરફથી તેમની પૌત્રી ઝરીનાફાતેમાના જન્મની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૧/- મો.ગુલામનબી અબ્દુલરહીમ

રોયલવાળા તરફથી તેમની પૌત્રી રૂકૈયાફાતેમાના જન્મની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.શેરઅલી ગુલામહુસૈન ભગત (વસો) તરફથી તેમના નવાસા મોહંમદઅકીલના જન્મની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૧/-મો.સાબેરાફાતેમા ગુલામઅબ્બાસ (વસો) તરફથી તેઓ ઝિયારત પઢવા ગયાં તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.મોહંમદહુસૈન તથા તેમનાં મહોરદાર શેરબાનુ ઝિયારત પઢવા ગયાં તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.અઝમતઅલી નૂરમોહંમદ (દમણ) તરફથી તેમનાં માતા સકીનાબેન ઝિયારત પઢવા ગયાં તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦૦/- ધરોડા શીઆ જાફરી મશાયખી મોમિન જમાઅત તરફથી નામદાર બાવા સાહેબની પધરામણીની ખુશાલી પ્રસંગે.


## મહેર ટૂર

ઉમરા ઝિયારત મે–૨૦૧૪ તથા હજ –૨૦૧૪માં જવા ઈચ્છતા દરેક મોમિન ભાઈ-બહેનોએ નીચેના નંબર પર સંપર્ક કરવો.

**ઈસ્માઈલ ઉસ્તાદ (ઈલોલ તલાવ)**
૯૪૨૬૩ ૪૩૯૦૭, ૯૭૨૭૩૭૪૮૭૮
**અનવરઅલી શરીફભાઈ કડીવાલા (કાકોશી)**
૯૮૭૯૦ ૨૦૬૯૨
**હિદાયતઅલી રહીમભાઈ શેલીયા (અમદાવાદ)**
૯૮૨૫૬ ૨૯૩૪૦

**અમદાવાદના મુસ્લીમ વિસ્તારમાં 2 BHK અને 3 BHK ફ્લેટની સ્કીમ**

AYMAN park
2 & 3 BHK Flats

**N.A., N.O.C. અને**
**ટાઈટલ ક્લીયર**
**બે લીફ્ટની સુવિધા**
**વિશાળ પાર્કીંગ**
**ચીલ્ડ્રન પ્લે એરીયા**
**સીનીયર સીટીઝન સીટીંગ**



**અયમન પાર્ક**
**હસનઅલી એચ. પટાવટ**
**૯૮૨૫૯ ૦૫૫૪૩**
**જી. કે. પટાવટ**
**૯૮૨૫૦ ૪૫૨૫૩**
**મયસમઅલી હોલ્ડા**
**૯૯૦૯૯ ૪૧૪૨૯**

**અનીક હોમ્સની બાજુમાં, ૧૦૦ ફુટ રીંગ રોડ, ટી.પી. સ્કીમ નં. ૮૫, સરખેજ રોડ, અમદાવાદ.**